

ભાગ ૧

# સમાધિ શતક

આચાર્ય યશોવિજયસૂરિ

આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૬૧

# સમાધિ શતક

ભાગ-૧

આચાર્ય યશોવિજયસૂરિ

• સૌજન્ય •

ગુરુભક્તો તરફથી...

**સમાધિ શતક (ભાગ-૧)**

મૂલ્ય : ૮૦-૦૦ રૂ.

પ્રથમ આવૃત્તિ : જૂન, ૨૦૧૨

**પ્રાપ્તિસ્થાન**

- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in

- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

- **ધીરૂભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૩૨૩૧ ૭૬૩૧૫

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩

- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯

મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ (મો.) ૯૮૯૮૪૯૦૦૯૧

## તારક છાયા

**શ્રી ગોવાલિયાટેંક મંડન પરમ તારક**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન**
**શ્રી સીમંધરસ્વામી ભગવાન**

## દિવ્ય આશિષ

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહ શિરોમણિ
મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજા સાહેબ

## આશિષ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

# પ્રવેશક

## 'સમાધિશતક'ની રચનાની સંભવિત પૂર્વ ક્ષણો

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજને મળવા માટે ચાલી રહ્યા હતા મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજ. કંઈ કેટલીય ગૂથ્થીઓ હતી સાધના-માર્ગની; અનુભૂતિવાન મહાપુરુષના સમાગમ વિના એ કેમ સૂલઝે ?

મહોપાધ્યાયજી ચાલી રહ્યા છે.

અને -

અરે, આ શું ? આનંદઘનજી તો આવી રહ્યા છે સામે. કેવા હતા એ આનંદઘનજી ? 'મારગ ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે'[૧]... આનંદઘનજીનું આ પ્રથમ દર્શન જ કેવું અભિભૂત કરી દે તેવું હતું ! માર્ગમાં ચાલવાનું થયા કરતું હતું અને ભીતરનું ગાન પણ ગુંજ્યા કરતું'તું. કહો કે આખી એ જંગલની વાટ અનાહત નાદ વડે ગુંજી ઊઠી હતી. ગાનથી વધુ શ્રેષ્ઠ શું હોઈ શકે ?[૨]

ભીતરના એ ગાનનું બહાર આવેલું સ્વરૂપ હતું એમના ચહેરા પરની દિવ્ય કાન્તિ. લાગે કે 'ત્રણ લોકથી ન્યારી' આ સાધનાજગતની શિખરાનુભૂતિ છે.[૩]

---

૧. મહો. યશોવિજયજી રચિત આનંદઘન અષ્ટપદી

૨. जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ।
लयकोटिसमं गानं, गानात् परतरं नहि ॥

૩. ત્રિહું લોગથેં ન્યારો, વરસત મુખપર નૂર... - આનંદઘન અષ્ટપદી

દૂરથી આવતા આનંદઘનજીને જોઈ જ રહ્યા મહોપાધ્યાયજી. આનંદઘનજી ચાલતા હતા. લાગ્યું કે એક અનુભવ દશા ચાલી રહી છે. વ્યક્તિ બોધનો નહિ, માત્ર અનુભૂતિ બોધનો ભાવ ઝળકી રહેલો એમને જોતાં.[૪]

નજીક આવ્યા આનંદઘનજી. નજીકથી થયેલ પ્રથમ દર્શન વખતની આનંદાનુભૂતિની કેફિયત : 'એરી, આજ આનન્દ ભયો મેરે, તેરો મુખ નીરખ નીરખ; રોમ રોમ શીતલ ભયો અંગોઅંગ...'[૫] આનંદઘનજીનું દર્શન અને આનંદની વર્ષા. કેવી વર્ષા ! એક એક અંગમાં જાણે અમૃતનો છંટકાવ ! ઠંડક જ ઠંડક.

ખૂબ પ્રેમથી મળ્યા આ બેઉ મહાપુરુષો.

કેવું હતું એ મિલન ?

દ્વૈતમાંથી અદ્વૈત ભણી સરકતા એ મિલનની આ ભાવાભિવ્યક્તિ : 'આનંદઘનકે સંગ સુજસ હિ મિલે જબ, તબ આનંદ સમ ભયો સુજસ...'[૬] બોલો, બાકી શું રહ્યું ? યશોવિજયજી હવે યશોવિજયજી ન રહ્યા, એ બની ગયા આનંદઘન.

કેવું આ અદ્વૈત !

પડદા પાછળની વાતોનો સંકેત પણ અપાયો છે : 'ખીર નીર જો મિલ રહે આનંદ જસ, સુમતિ સખીકે સંગ ભયો હૈ એકરસ.'[૭]

બહુ જ મઝાની ઘટના તરફ આ ઈશારો છે. આનંદઘનજીને મળ્યા પહેલાં મહોપાધ્યાય યશોવિજયજી હતા વિદ્વાન, નિર્ભીક, હાજરજવાબી.

આનંદઘનજીને મળ્યા પછી... ? પોતાના નિર્મળ ચિત્તમાં, અસ્તિત્વમાં યશોવિજયજીએ આનંદઘનજીને એ રીતે પ્રતિબિંબિત કર્યા છે કે બેઉ સામસામે બેઠા છે, પણ દર્શકને ખબર ન પડે કે આમાં કોણ આનંદઘન અને કોણ યશોવિજય ?

---

૪. સુમતિ સખીકે સંગ, નિતનિત દોરત... એજન, (સુમતિ - શુદ્ધજ્ઞાન - અનુભવદશા)
૫. એજન, પદ : ૭ ૬. એજન, પદ : ૮ ૭. એજન, પદ : ૮

અલબત, આ એકરૂપતા શરીરના સ્તરની નહોતી; આ એકરસતા હતી અનુભવ દશાની. સુમતિની. આનંદઘનજીની અનુભવ દશાને યશોવિજયજીએ ઝીલી લીધી. 'શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદઘન ભયો અનન્ત રંગ.'(૮)

માત્ર યશોવિજયજી જ આનંદઘન ન બન્યા; જેણે જેણે આનંદઘનજીની અનુભવદશાને પોતામાં પ્રતિબિમ્બિત કરી તે બધા જ આંશિકરૂપે આનંદઘન બન્યા. 'આનંદઘન ભયો અનન્ત રંગ...' કેટલી બધી નાનકડી આવૃત્તિઓ આનંદઘનતાની !

'આનંદઘન ભયો અનન્ત રંગ...' આનન્દની સઘનતાના અનન્ત રંગો. સ્વાધ્યાય કરતા હો અને હૃદય આનન્દમાં ડૂબી રહે : સ્વાધ્યાયાનન્દ. ક્રિયા કરતા હો અને આનન્દથી નાચી ઉઠાય. એક ખમાસમણું દેતાં હૈયું આનન્દથી ઉદ્વેલિત થઈ ઊઠે : ક્રિયાનન્દ... આનન્દ જ આનન્દ. અને એમાં ઉમેરાય તીવ્રતા આદિને કારણે અપાર આયામો. અત્યારનો સાધક પણ આનંદઘનની નાનકડી આવૃત્તિ બની રહે ને !

● ● ●

જો કે, આનંદઘનને પિછાણવા - આપણી ભીતર રહેલી આનંદઘનતાને પ્રીછવી / જાણવી એ પણ બહુ જ મૂલ્યવતી ઘટના છે.

આનંદઘનને કોણ પિછાણી શકે ?

'સુજસ વિલાસ પ્રગટે જબ આનંદ રસ, આનંદ અક્ષય ખજાને; ઐસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર, સો હિ આનંદઘન પિછાણે.'(૯)

'સુજસ વિલાસ' શબ્દ અહીં આત્મક્રીડાના પર્યાય તરીકે આવ્યો છે. સારા યશવાળો આત્મા. તેનો વિલાસ એટલે ક્રીડા.

---

૮. એજન, પદ : ૭ ૯. એજન, પદ : ૬

આત્મક્રીડાથી, ભીતરી રમણતાને કારણે, આનંદરસ પ્રગટ્યો હોય; અજસ્ર, સતત પ્રવહમાન... ત્યારે આનંદઘનતામાં ડોકિયું થાય. આનંદઘનતા જોડે તમે સંબદ્ધ બની શકો.

• • •

યશોવિજયજી મળ્યા આનંદઘનજીને. પોતાના અતલ ઊંડાણમાં મસ્ત આનંદઘનજીને.

'સમાધિશતક' (૨૪)ની આ કડીમાં એમણે જ્ઞાનિપુરુષનું જે સ્વરૂપ વર્ણવ્યું છે; બની શકે કે તે આનંદઘનજીનું જ હોય :

'જગ જાણે ઉત્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ;

જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ...'

ભીતરમાં ડૂબેલ આનંદઘનજી. નથી એમને પોતાનાં વસ્ત્રોનો ખ્યાલ (જો કે, 'પોતાનાં' શબ્દ અહીં ખટકે તેવો છે. આવા સાધનાના શિખર પુરુષ માટે પોતીકા તો છે માત્ર આત્મગુણો. એ સિવાયનું બધું તો પરાયાના ખાનામાં જશે.), ન દેહનું ભાન, ન બહારની દુનિયાના શિષ્ટાચારોનો ખ્યાલ.

'જગ જાણે ઉન્મત્ત ઓ.' આનંદઘનજી પ્રભુનાં દર્શન માટે વલખાં મારતા હોય, વિલપતા હોય, આક્રન્દતા હોય; સામાન્ય જનને આ વાત કઈ રીતે સમજાય ? એને તો એ પાગલ જ લાગશે.

ફૂટપટ્ટી જ ખોટી છે; પછી જે માપ નીકળશે એ ખોટું જ હોવાનું. જ્ઞાનિપુરુષ આ ફૂટપટ્ટી પર ક્યારેય આધાર રાખતા નથી. 'ઓ જાણે જગ અંધ.'

અને એટલે જ -

'જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ...'

• • •

'સો હિ આનંદઘન પિછાણે'ની જ શૃંખલામાં એક પંક્તિ આવે છે : 'સો હિ આનંદઘન પાવે...' તે આનંદઘનતાને પામે.

અરે, વાહ ! આપણેય આનંદઘન બની જઈએ. ભાઈ, બતાવો ને ? કઈ રીતે આનંદઘન બનાય ?

'સહજ સંતોષ આનન્દ ગુણ પ્રગટત, સબ દુવિધા મિટ જાવે; જસ કહે સો હિ આનંદઘન પાવે, અંતર જ્યોત જગાવે.'(૧૦)

આનંદઘનતાની નાનકડી આવૃત્તિઓની વાત પહેલાં થઈ; પણ હવે એ નાનું, નાનું ન જોઈએ. હવે તો આનંદઘન જ બનવું છે. 'यो वै भूमा तत् सुखम् – नाल्पे सुखमस्ति...' ઉપનિષદ્‌ના ઋષિની વાણી કાનમાં ગુંજે છે.

'સહજ સંતોષ આનન્દ ગુણ પ્રગટત, સબ દુવિધા મિટ જાવે...' આનંદઘનતાને પામવા માટેનો આ માર્ગ.

સહજ સંતોષ. આન્તરિક પરિતોષ. ભીતરી તૃપ્તિની એક લહેર ઊપડે અને જે અનિર્વચનીય સુખ મળે... જેમાં બધી દુવિધાઓ ડૂબી ગઈ હોય.

નારદ ઋષિ યાદ આવે : 'अनिर्वचनीयं प्रेमस्वरुपम्, मूकास्वादनवत्.' પ્રભુના પ્રેમમાં ભીંજાયેલી ક્ષણોને તમે માણી શકો. કહી શી રીતે શકો ? मूकास्वादनवत्. કબીરજીને ટાંકીએ તો, 'ગૂંગે કેરી સરકરા.' મૂંગો માણસ સાકર ખાય; તમે એને પૂછો કે સાકર કેવી લાગી ? તો એ શું કહેશે ? ઈશારા દ્વારા, મુખના હાવભાવ દ્વારા સમજાવવાની કોશિશ એ કરશે. પરંતુ એની પાસે શબ્દો તો છે જ નહિ.

આ જ હાલત પ્રભુપ્રેમમાં ડૂબેલ ભક્તની છે. 'अनिर्वचनीयं प्रेमस्वरुपम्.' અનિર્વચનીય છે એ આનન્દ. શબ્દોની પેલે પારનો.

'સહજ સંતોષ આનંદ ગુણ પ્રગટત, સબ દુવિધા મિટ જાવે...' ભીતરી પરિતોષ અને બધી જ દ્વિધાઓનો અંત. અને તો, આનંદઘન બનવાનો માર્ગ આ રહ્યો ! ''જસ' કહે સો હિ આનંદઘન પાવે, અંતર જ્યોત જગાવે...'

• • •

આન્તર જ્યોતિ. નરસિંહ ભગત યાદ આવે : 'બત્તી વિણ તેલ વિણ સૂત્ર વિણ જો વળી, અચલ ઝલકે સદા અનલ દીવો...' સંત કબીર શરીરને

---

૧૦. એજન.

દીપપાત્ર કલ્પે છે. પ્રાણોની વાટ છે અને તેલને બદલે લોહી સિંચવાનું છે. 'ઈસ તન કા દિયા કરું, બાતી મેલું જીવ; લોહી સિંચો તેલ જ્યું, તબ મુખ દેખ્યો પિવ...'

આન્તરજ્યોત જાગી.

આનન્દદશા પ્રગટી.

એ આનન્દદશા છે નિર્મળ ગંગા. આન્તરિક નિર્મળતાની સ્ફટિક સી પારદર્શી ભૂમિકા. એ આન્તરિક નિર્મળતાની સાથે સમત્વના પ્રવાહનો સંગમ જ્યાં થાય છે ત્યાં સાધક વહે છે.(૧૧)

મઝા જ મઝા.

● ● ●

એવો સાધક દેહાધ્યાસથી બહુ જ, બહુ જ દૂર હોય છે. પૂજ્ય આનંદઘનજી મહારાજના એક પદની પંક્તિ યાદ આવે : 'અવધૂ ! કયા સોવે તન મઠમેં ?' અવધૂ. જેણે સંક્લેશોની ધૂળને ખંખેરી નાખી, તે અવધૂત. અવધૂ. એ હવે વિભાવોમાં કેમ રહેશે ?

શું કરે એ ? 'જાગ વિલોકન ઘટમેં.' દ્રષ્ટાભાવમાં જાગવાનું છે. હોવાનું છે.

'તન મઠકી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલમેં.' શો વિશ્વાસ આ શરીરનો ? એક પળમાં ઢળી પડે. 'હલચલ મેટ ખબર લે ઘટકી.' આત્માની ખબર રાખવી છે.

શરીરમાં શું છે ?

'મઠમેં પંચ ભૂતકા વાસા, સાસા ધૂત ખવીસા; છિન છિન તોહી છલનકું ચાહે, સમજે ન બૌરા સીસા...' શરીરમાં પૃથ્વી આદિ પાંચ ભૂતોનો વાસ છે. શ્વાસોચ્છ્વાસ ધૂર્ત રાક્ષસ જેવો છે, જે ક્ષણે ક્ષણે છળ-કપટ કરવા માગે છે. પણ મૂર્ખ મનુષ્ય તેને સમજતો નથી.

---

૧૧. એજન, પદ : ૭ / ઐસી આનંદ દશા પ્રગટી ચિત્ત અંતર, તાકો પ્રભાવ ચલત નિરમલ ગંગ; વારિ ગંગા સમતા દોઉ મિલ રહે, જસ વિજય ઝીલત તાકો સંગ.

શ્વાસને આ પાર જિંદગી. પેલે પાર મૃત્યુ. કેટલી નાનકડી ભેદ રેખા ! શ્વાસ બંધ થાય અને શરીર અને આત્માનો સંબંધ છુટ્ટો !

ખરેખર કરવું શું જોઈએ ?

'શિર પર પંચ બસે પરમેશ્વર, ઘટમેં સૂચ્છમ બારી; આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નીરખે ધ્રૂકી તારી...' આત્માનો પરમાત્મા સાથેનો સંબંધ ઘટિત થવો જોઈએ.

પરમચેતના આપણી ઉપર, આસપાસ, સર્વત્ર છે. એ પરમચેતનાને આપણી ભીતર લઈ જવા માટેની એક સરસ વ્યવસ્થા છે, તે છે સહસ્રાર. બ્રહ્મરન્ધ્રની નીચે છે સહસ્રાર. સદ્‌ગુરુ બ્રહ્મરન્ધ્રને ખોલે (વાસક્ષેપ દ્વારા) અને સહસ્રાર વિકસિત થાય.

સહસ્રાર હજાર પાંખડીવાળું કમળ છે, મસ્તિષ્કમાં આવેલું, તે જન્મોથી બીડાયેલું છે. તે ખૂલે ત્યારે પરમચેતનાનો અનુભવ થાય છે. 'નીરખે ધ્રૂકી તારી.' ધ્રુવના તારાને જોઈ શકાય એ રીતે પરમચેતનાને અનુભવી શકાય.

• • •

પૂ. આનંદઘનજી મહારાજના આ પ્યારા શબ્દો... તેમણે જ એક પદમાં કહ્યું છે તેમ આ શબ્દશક્તિપાત શિષ્યના હૃદયમાં રહેલી અપરાધવૃત્તિને ખેરવી દે છે. 'ગુરુ મોહે મારે શબ્દ કી લાઠી, ચેલે કી મતિ અપરાધિની નાઠી...'

• • •

પૂ. આનંદઘનજી મહારાજ સાથેની આ ભીતરી યાત્રા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને પણ સાધનાની શિખરાનુભૂતિ પર મૂકે છે.

એ શિખરાનુભૂતિની ક્ષણોને માણ્યા પછી આ 'સમાધિશતક' ગ્રન્થની રચના થઈ હોય એવું માની શકાય.

ચાલો, મહોપાધ્યાયજીની આંગળી પકડીને એક મઝાની યાત્રાએ...

■



# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | આત્માનુભૂતિના આ મઝાના માર્ગો ! | ૨ |
| ૨ | અન્તર્યાત્રા : ચાર પડાવો | ૧૦ |
| ૩ | 'ચરનન લય લીના રે...' | ૧૯ |
| ૪ | ઘટના-અપ્રભાવિતતા | ૩૦ |
| ૫ | નિશ્ચય અને વ્યવહારનું સંતુલન | ૩૯ |
| ૬ | 'બિનુ પગ નિરત કરો તિહાં...' | ૪૫ |
| ૭ | 'મરો હે જોગી ! મરો...!' | ૫૫ |
| ૮ | 'બૈચે તો બિક જાઉં...!' | ૬૪ |
| ૯ | ભેદજ્ઞાનના બે માર્ગો | ૭૧ |
| ૧૦ | 'નિર્વિકલ્પ રસ અનુભવે...' | ૮૦ |
| ૧૧ | તમારું તમારામાં હોવાપણું | ૮૮ |
| ૧૨ | તમે છો અમલ, અખંડ, અલિપ્ત | ૯૫ |
| ૧૩ | ખાલી થઈને ભરાઈ જવું | ૧૦૨ |
| ૧૪ | 'નિજ કર પીઠ થપેટીએ...' | ૧૧૦ |
| ૧૫ | પ્રભુદષ્ટિકતા | ૧૧૯ |
| ૧૬ | પેલે પાર 'એ', આ પાર ભક્ત | ૧૨૬ |
| ૧૭ | નિર્વિકલ્પ અનુભવ | ૧૩૩ |
| ૧૮ | પરમ સંતૃપ્તિની દુનિયામાં | ૧૪૧ |
| ૧૯ | ક્ષીણવૃત્તિતાનાં ચરણો | ૧૫૦ |
| ૨૦ | આપ્ત તત્ત્વતાથી નિરપેક્ષ દશા | ૧૫૯ |


● ● ●

**'સમાધિ શતક'** મૂળની સુસંપાદિત વાચના માટે કોબાના જ્ઞાન ભંડારની પાંચ પ્રતોમાંથી પંડિત હિરેનભાઈએ પાઠાન્તર નોંધેલ છે. પાઠાન્તરો વ્યવસ્થિત નોંધી આપવા બદલ પ્રકાશક પંડિતજીના ઋણી છે અને કોબા જ્ઞાન ભંડારના ટ્રસ્ટીગણના પણ.

**પ્રતો**

| | | |
|---|---|---|
| **A** | – | **60171** |
| **B** | – | **198** |
| **C** | – | **36369** |
| **D** | – | **20689** |
| **F** | – | **17047** |

# આગામી પુસ્તક

## સમુંદ સમાના બુંદ મેં

મહાપુરુષોના શબ્દોમાં પૂર્વાચાર્ય ભગવંતોની વાણીનું અનુગુંજન સાંભળવા મળે છે. આપણા યુગમાં પૂજ્યપાદ, સાધના મનીષી પંન્યાસજી ભગવન્તશ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજની વાણીમાં પરા વાણીનો સમવતાર જોયેલો.

એવું જ પરા વાણીનું અવતરણ પૂજ્યપાદ, અધ્યાત્મયોગી આચાર્ય ભગવન્ત શ્રીમદ્‌વિજય **કલાપૂર્ણસૂરીશ્વરજી** મહારાજાના શબ્દોમાં છે.

પૂજ્યપાદશ્રીજીની શબ્દ પ્રસાદી પર સ્વાધ્યાય પ્રસ્તુત ગ્રન્થમાં છે.

## ૧

## આધાર સૂત્ર

*સમરી ભગવતી ભારતી,*
*પ્રણમી જિન જગબંધુ;*
*કેવળ આતમ-બોધકો,*
*કરશું સરસ પ્રબંધ... (૧)*

ભગવતી સરસ્વતીને સ્મરીને અને જગબંધુ જિનેશ્વર પ્રભુને પ્રણમીને ફક્ત આત્મબોધ માટે સરસ રચના કરીશ.

# ૧

## આત્માનુભૂતિના
## આ મઝાના માર્ગો !

'યોગસાર' શ્રેષ્ઠ સાધના ગ્રન્થ, પણ રચયિતા મહાપુરુષનું નામ ન મળે. 'હૃદય પ્રદીપ ષટ્‌ત્રિંશિકા' લા-જવાબ કૃતિ, હૃદયની અંધારઘેરી ગુફાને ઝળાંહળાં પ્રકાશથી ભરી દેનારી; કૃતિકાર કોણ ? અણસાર મળતો નથી.

લાગે કે, તે તે મહાપુરુષોને માધ્યમ બનાવીને પરા વાણી વહી છે. તેને ઝીલનાર એ મહાપુરુષોએ શબ્દોમાં તે રચના મૂકી દીધી છે. વહ્યા કર્યું અમૃત તત્ત્વ, ઝિલાયા કર્યું, શબ્દોમાં ગોઠવાયા કર્યું. કર્તા પડદાની પાછળ !

આપણા યુગમાં એઈલન કેડીને પણ આવો જ અનુભવ થયો. તેણીની પ્રાર્થના વિષયક બહુ જ સુન્દર કૃતિ 'ઓપનિંગ ડોર્સ વિધિન' વિષે એઈલન કહે છે કે વિશ્વચેતનાએ આ કૃતિ તેણીની પાસે લખાવી છે. ઈશ્વરીય સંદેશ તેણીના મસ્તિષ્કમાં ઝડપાયે જતો હતો અને પછી તે આપણી ભાષામાં અનૂદિત થયા કરતો હતો.

યુસ્પેન્સ્કીએ પણ પોતાનાં પુસ્તકો 'વાંચ્યા' પછી કહ્યું હતું : અચ્છા, મેં આ પુસ્તકો લખેલાં ! મને તો આવો કશો ખ્યાલ જ નથી. પછી ઉમેરે છે : હા, તો વિશ્વચેતનાએ આ મારી પાસે લખાવરાવ્યું છે.!

• • •

આ એક આસ્વાદ્ય અનુભવ હોય છે. કર્તા ગેરહાજર હોય અને પરા વાણી ત્યાંથી ટપક્યા કરતી હોય. ઘણી શ્રેષ્ઠ કૃતિઓ આપણને આ રીતે મળી છે. 'યોગ પ્રદીપ' ગ્રન્થ વાંચીએ ને ઝૂમવા માંડીએ, ડોલવા લાગીએ; પણ ગ્રન્થકાર કોણ ? ગહન ચુપ્પી.

'સમાધિશતક' ગ્રન્થ વાંચતાં, જોકે ગ્રન્થકારનું નામ પરિચિત છે; પરા વાણીની સુગંધ આવ્યા વિના નથી રહેતી. નામ સૂચવે છે તેમ, ધ્યાન અને સમાધિને કેન્દ્ર વિષય રૂપે રાખીને લખાયેલું આ પુસ્તક ધ્યાનાવસ્થામાં જ ઊતરી આવ્યું હશે : શબ્દોના રૂપમાં.

• • •

ધ્યાનાવસ્થામાં ઝિલાયેલ આ ગ્રન્થને ધ્યાનની પૃષ્ઠભૂ વિના આપણે ભીતર નહિ ઉતારી શકીએ. અવતરણનો ક્રમ આવો રહે : પાંચ-સાત કડીઓનો અર્થ ખ્યાલ છે. હવે ધીરે ધીરે એ કડીઓને ગુનગુનાવો, દોહરાવો. ઘૂંટો. માત્ર તમે છો અને કડીઓ છે. તમારા પૂરા અસ્તિત્વનો કબજો એ પંક્તિઓ લઈ લેશે.

તમે એમાં ડૂબ્યા, ઓગળ્યા, એકાકાર બન્યા. એકાગ્રતા તૂટી તો ફરી કડીઓને ગુનગુનાવી. ફરી વહો.

• • •

આ ગ્રન્થ સાધકને ક્યાં પહોંચાડવા માગે છે ? આત્માનુભૂતિ સુધી. 'કેવલ આતમ-બોધ'... ફક્ત આત્માનુભૂતિ.

કઈ રીતે આત્માનુભૂતિ મળે ? કઠોપનિષદ્ કહે છે : આત્માનુભૂતિ પ્રવચન શ્રવણ વડે ન મળે, ન બુદ્ધિ વડે, ન ઘણા ગ્રન્થોના વાંચન વડે.[૧]

અનુભવાષ્ટકમાં જ્ઞાનસાર પ્રકરણ પણ કહે છે : નિર્દ્વન્દ્વ બ્રહ્મને-આત્માને - તમે નિર્દ્વન્દ્વ અનુભવ વિના કેમ જાણી શકો ?[૨]

વિચારો દ્વન્દ્વ પેદા કરે છે. એટલે જ સાધકે વિકલ્પોની ચુંગાલમાંથી છૂટવા અભ્યાસ કરવો જોઈએ.

શું છે વિકલ્પો ? — સિવાય કે ધુમ્મસ. આત્મજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઊઠતાં જ એ ધુમ્મસ છંટાઈ જાય છે.

---

(१) नायमात्मा प्रवचनेन लभ्यः, न मेधया, न बहुना श्रुतेन ।

(२) पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ॥

તો, નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર સ્વગુણોની આછેરી અનુભૂતિ એ થશે પગદંડી : જે દ્વારા આત્માનુભૂતિને પામી શકાશે.

આ ગ્રન્થમાં ડગલે ને પગલે સાધકો માટે ભિન્ન ભિન્ન આયામો - આત્માનુભૂતિ તરફ દોરી જતા - મળશે.

• • •

'કેવલ આતમ-બોધકો, કરશું સરસ પ્રબંધ.' આત્માનુભૂતિ માટેની આ સ-રસ રચના. રસની વ્યાખ્યા મહોપાધ્યાયજીએ પોતે જ શ્રીપાળ રાસમાં આપી છે : 'પ્રેમ તણી પેરે શીખો સાધો, જોઈ શેલડી સાંઠો રે; જિહાં ગાંઠ તિહાં રસ નવિ દિસે, જિહાં રસ તિહાં નવિ ગાંઠો રે...'

રસ એટલે નિર્ગ્રન્થતા. ગાંઠો વિહોણા. મહાપુરુષનું શીળું સાંનિધ્ય ગમે છે એની પાછળ છે આ રસ. તમે એ વખતે રસાળ વ્યક્તિત્વના સંપર્કમાં છો.

'અમાસથી પૂનમ ભણી' માં શ્રી કિસનસિંહ ચાવડા શ્રી ઉમાશંકર જોષીના એક વિધાનને ટાંકતાં કહે છે : શ્રી કૃષ્ણપ્રેમના સાંનિધ્યમાં બેસતાં લાગ્યું કે એક નિર્ગ્રન્થ મહાપુરુષના સાંનિધ્યમાં હું બેઠો છું.

• • •

સાધનાના સન્દર્ભમાં રસ એટલે નિર્ગ્રન્થતા. ભક્તિના સન્દર્ભમાં રસ એટલે 'તે'. પરમાત્મા. પરમાત્માનું જે હોય તે બધું સ-રસ. 'તે'ના શબ્દો મધુર. 'તેણે' આપેલ ચારિત્ર મધુર. 'મધુરાધિપતેરખિલં મધુરમ્.'

અને સામી બાજુએ આ વાત આ રીતે ઊઠશે : 'તે' આપે તે જ સારું, 'તેના' તરફથી મળે તે જ.

• • •

તો, આ નિર્ગ્રન્થતા જ માર્ગ બની જશે આત્માનુભૂતિનો. રાગ, દ્વેષ અને અહં શિથિલ બન્યા એટલે ભીતરના સંગીતનો રણકાર અસ્તિત્વના કર્ણપટલ પર બજી ઊઠે.

• • •

રસ - નિર્ગ્રન્થતા પણ આત્માનુભૂતિનો માર્ગ. રસ - પરમાત્મગુણોનું દર્શન પણ આત્માનુભૂતિનો માર્ગ બને.

પ્રશમ રસનું દર્શન. સ્પર્શન. અને ભીતર સળવળાટ થાય : ઓહ ! આ તો ક્યારેક અનુભવ્યું છે ! અને લો, પ્રશમરસનું વહેણ - આત્મગુણાનુભૂતિ ચાલુ !

કો'ક જન્મમાં અનુભવેલ પ્રશમરસના સંસ્કારો ધધકતા અંગારાની પેઠે અંદર ધરબાયેલ હતા. અનાદિના અભ્યાસને કારણે રાગ, દ્વેષની રાખ તે ઉપર લાગી ગયેલી. આજે પ્રભુના પ્રશમરસના દર્શને પેલી વિસ્મૃતિની રાખ ઉડાડી દીધી. ને પ્રશમરસના અંગારા ધધકી રહ્યાનો અનુભવ થયો. આત્મગુણાનુભૂતિ.

• • •

'પ્રણમી જિન જગબંધુ'... મંગળ રૂપે આવેલ આ વિધાન પણ આત્માનુભૂતિનો માર્ગ ચીંધી જાય છે.

જિનત્વ અને જગબન્ધુત્વ આ બે વિશેષણો માર્ગ થયાં. સાધક પણ રાગ, દ્વેષ અને અહંકાર પર વિજય મેળવવા યતે...

જિનત્વ : રાગ, દ્વેષ પર વિજય એ સાધકનું અંતિમ લક્ષ્ય છે. એ માટે હમણાં તે રાગ, દ્વેષની શિથિલતા ભણી સંચરે છે. તો, રાગ-દ્વેષની શિથિલતા એ માર્ગ થયો.

જગબન્ધુત્વ : પૂરા જગતના મિત્ર હોવું. અહંકારની શિથિલતા મૈત્રીભાવને પ્રસરાવશે. એટલે, અહંકારની શિથિલતા એ પણ માર્ગ થયો.

• • •

'સમરી ભગવતી ભારતી'... પ્રભુનાં પ્યારાં પ્યારાં વચનોનું સ્મરણ. ઊંડે ઊતરેલો સ્વાધ્યાય એ પણ થશે આત્માનુભૂતિનો માર્ગ.

પ્રભુનાં પ્યારાં વચનોનાં વર્ષા-બિન્દુઓ ભક્તહૃદયની છીપમાં, શ્રદ્ધાના સ્વાતિ નક્ષત્રમાં પડશે, અને તે ઝળહળતાં મોતીના રૂપમાં ફેરવાશે.

યાદ આવે મહાસતી સુલસાજી. પ્રભુએ કહેવડાવેલ 'ધર્મલાભ' પ્રસાદી એમની પાસે પહોંચી અને જે એમની હાલત થઈ છે. આંખે શ્રાવણ-ભાદરવો. ગળે ડૂસકાં. શરીરે રોમાંચ. ડૂસકાંમાંથી ચળાઈને આવતા એમના શબ્દો આપણા કાનમાં ગુંજી ઊઠે : નાથ ! ત્રિલોકેશ્વર પ્રભુ ! ક્યાં તમે અને ક્યાં હું ? તમે ત્રિલોકેશ્વર. અખિલ બ્રહ્માંડેશ્વર. હું તમારાં ચરણોની નાચીજ દાસી. તમે મને યાદ કરો..... પ્રભુ ! હું તમારા આ ઋણમાંથી ક્યારે મુક્ત બનીશ ?

• • •

'સમરી ભગવતી ભારતી'... સરસ્વતી માતાને પણ ભગવતી ભારતી કહેવાય છે અને પ્રભુનાં વચનોના સમૂહરૂપ શ્રુત દેવતાને પણ ભગવતી ભારતી કહેવાય છે. (૩)

• • •

---

(૩) अ : वाणीसन्दोहदेहे भवविरहवरं देहि मे देवि ! सारम् ॥
- संसारदावा सूत्र

ब : सुअदेवया भगवई, नाणावरणीयकम्मसंघायं,
तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती ॥

પ્રભુનાં પ્યારાં વચનોનું સ્મરણ. પહેલાં શ્રવણ અને પછી મનની - અન્તસ્તરની ભીની, ભીની ભૂમિ પર એના અંકુરિત થવા રૂપ સ્મરણ. એક ઝંકૃતિ. આવર્તન સતત, ભીતર, એ શબ્દોનું ચાલ્યા કરે.

• • •

'સમરી ભગવતી ભારતી...'

પ્રભુના પ્યારા શબ્દોનું શ્રવણ. એ પછી સતત થતું એનું સ્મરણ. સ્મરણનો વેગ આત્માનુભૂતિના પથ પર જવા સાધકને પ્રોત્સાહિત કરે. અને સાધક એ પથ પર ચાલે.

'દશવૈકાલિક સૂત્ર' માં પ્રભુનું એક પ્યારું વચન આવ્યું : 'संपिक्खए अप्पगमप्पगेण।' આત્માને આત્મા વડે સમ્યગ્ રીતે જુએ સાધક.

સંપ્રેક્ષા (संपिक्खए) અનુભૂતિનું પૂર્વચરણ છે. અને આત્માને આત્મા વડે જોવો એ વાતમાં ખજાનો પડેલો છે. તમે આ સૂત્ર રટો છો. હવે સૂત્રના શબ્દો ધીરે ધીરે અદશ્ય થાય છે. 'આત્મા વડે'... એટલે કે ધ્યાન દશામાં ઊતરવાનું થાય છે. અને આત્મગુણોની અનુભૂતિની દુનિયામાં સાધક પ્રવેશે છે.

એક વચન પ્રભુનું. ભીતર ઉજાશ જ ઉજાશ.

■

## ૨
## આધાર સૂત્ર

*કેવળ આતમ-બોધ હૈ,*
*પરમારથ શિવપંથ;*
*તામેં જિનકું મગનતા,*
*સો હિ ભાવ નિર્ગ્રન્થ...(૨)*

માત્ર આત્માનુભૂતિ તે જ પારમાર્થિક - નૈશ્ચયિક મોક્ષમાર્ગ છે. તેમાં જે ડૂબેલ હોય, ઓતપ્રોત હોય તે જ ભાવનિર્ગ્રન્થ છે.

[તામેં = તેમાં]
[જિનકું = જેને]
[સો હિ = તે જ]

# ૨

## અન્તર્યાત્રા :
## ચાર પડાવો

મંજિલ આત્માનુભૂતિ. તો માર્ગ કયો ? એ પણ આત્માનુભૂતિ. એટલે કે આત્મગુણોની અનુભૂતિ દ્વારા આત્માનુભૂતિ - સ્વરૂપાનુભૂતિ કરવી તે માર્ગ અને મંજિલની એકાકારતા થઈ.

• • •

'કેવલ આતમ-બોધ હૈ, પરમારથ શિવપંથ...' નૈશ્ચયિક મોક્ષમાર્ગ છે આત્માનુભૂતિ.

એક થશે વ્યવહાર મોક્ષમાર્ગ. એક થશે નિશ્ચય મોક્ષમાર્ગ.

યાદ આવે પૂજ્ય પદ્મવિજયજી મહારાજ : 'પરિષહસહનાદિક પરકારા, એ સબ હૈ વ્યવહારા હો; નિશ્ચય નિજગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો...'

પરિષહ-સહન થશે વ્યવહાર-ચારિત્ર. નિજગુણ-સ્થિરતા થશે નિશ્ચય-ચારિત્ર.

વ્યવહાર અહીં કારણ - સાધન બનશે. નિશ્ચય કાર્ય. ધારો કે એક સાધકે સાંજે નક્કી કર્યું કે સવારે ત્રણ વાગે ઊઠીને તે ધ્યાનમાં જશે. ઉઠાઈ પણ જવાયું. પણ એ વખતે શરીર ધ્રૂજતું હોય. મલેરિયાનો હુમલો લાગતો હોય... હવે ધ્યાનમાં પ્રવેશ કઈ રીતે થશે ?

જો સાધક પરિષહોથી પોતાની જાતને અભ્યસ્ત બનાવી શક્યો હશે, તો શરીરના સ્તર પર તાવ ચાલ્યા કરશે. પરંતુ ભીતર ઊતરવાની યાત્રાને અવરોધ નહિ નડે.

• • •

નિજગુણાનુભૂતિ માટેનો માર્ગ છે : જિનગુણાનુભૂતિ. પ્રભુ-મૂર્તિની સામે તમે બેઠા હો (ભક્તના લયમાં તો મૂર્તિ છે જ ક્યાં ? પ્રભુ જ છે. સાધકના લયમાં પણ મૂર્તિ-ચૈતન્ય હોવાથી સપ્રાણતા જ છે), પ્રભુના અંગ-અંગમાંથી વહી રહેલ પ્રશમ-રસને તમે જોતા હો, સ્પર્શતા હો અને અનુભવતા હો... એક ક્ષણ : તમને થાય છે કે તમારી ભીતર પણ આવું

જ એક ઝરણું ચાલી રહ્યું છે. હવે તમે વહો છો પ્રશમગુણના અનુભવનની ધારામાં.

• • •

તત્ત્વાર્થ સૂત્ર મોક્ષમાર્ગને બતાવતાં કહે છે : 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः...' આ જ વાત સમાધિશતકે આ રીતે કહી : 'કેવળ આતમ-બોધ હૈ, પરમારથ શિવપંથ...' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની અનુભૂતિ (નિજગુણાનુભૂતિ) તે નૈશ્ચયિક મોક્ષમાર્ગ.

• • •

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. વસ્તુને, આત્માદિતત્ત્વને યથાસ્થિતપણે જોવું, જાણવું તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. બહુ જ મઝાની વાત, આ સન્દર્ભે પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી અભિનન્દન પ્રભુની સ્તવનામાં છેડી છે : 'દ્રવ્યે દ્રવ્ય મિલે નહિ, ભાવે તે અન્ય અવ્યાપ્ત...'

એક દ્રવ્ય - આત્મદ્રવ્ય, અન્ય દ્રવ્ય - પુદ્ગલ સાથે મળતું નથી. કેટલી મઝાની વાત ! આ પંક્તિ ભીતર ઊતરી રહે એ જ તો દેહાધ્યાસમુક્તિ ને ! શરીર તે હું નહિ. હું શુદ્ધ આત્મદ્રવ્ય. ભેદાનુભૂતિ થઈ રહે.

પૂ. હર્ષવર્ધન ઉપાધ્યાયજી 'અધ્યાત્મબિન્દુ'માં કહે છે : જેટલા આત્માઓ મુક્તિને પામ્યા, તેમાં ભેદજ્ઞાનાભ્યાસ એ જ બીજ છે. (૧)

• • •

(१) ये यावन्तो ध्वस्तबन्धा अभूवन्, भेदज्ञानाभ्यास एवात्र बीजम् । - अध्यात्मबिन्दु,

અને સમ્યક્ ચારિત્ર. જ્ઞાતાભાવની તીક્ષ્ણતા. જ્ઞાતાભાવમાં ઉદાસીનભાવ ભળ્યો : સમ્યક્ ચારિત્ર. યાદ આવે અધ્યાત્મગીતા : 'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ...'

અહીં હોય છે સ્વાનુભૂતિની સુગંધ. પરમને પામ્યાની દીપ્તિ.

રમણ મહર્ષિ પાસે એક પ્રોફેસર આવ્યા. તેમણે ઈશ્વર વિષે બે કલાક સંભાષણ કર્યું. પછી મહર્ષિને પૂછ્યું : આપને કેવું લાગ્યું મારું સંભાષણ ?

મહર્ષિ હસ્યા. તેમણે કહ્યું : તમે ઈશ્વર વિષે ઘણું બધું કહ્યું, પણ એમાં હતા કોરા શબ્દો. અનુભૂતિની ભીનાશ એમાં નહોતી. ઈશાનુભૂતિ ક્યાં છે ?

અનુભૂતિવાળા સાધક પાસે હોય છે સુગંધ, પમરાટ... એ ખંડમાં પ્રવેશે ને ખ્યાલ આવે કે આ માણસ પામી ચૂકેલ છે.

સંત રિંઝાઈને જપાનના સમ્રાટે પૂછેલું : કોઈ સાધક પહોંચેલો છે એનો ખ્યાલ શી રીતે આવે ? રિંઝાઈએ કહ્યું : માત્ર તેને જુઓ અને તમને ખ્યાલ આવી જશે. એની આંખોને જુઓ, તેના ઊઠવા-બેસવાની પ્રક્રિયાને નિહાળો. આવા સાધકની મુખભંગિમા અલગ પ્રકારની હોય છે. તેનાં અંગોનું નર્તન જુદી જાતનું હોય. અને તમે હવા સૂંઘી શકો તો તે સાધકની આસપાસની હવા, વાતાવરણ જુદું હોય.

• • •

આ હવા, વાતાવરણ તે જ આભામંડળ. ઑરા સર્કલ. એ આભામંડળ કેટલું તો સશક્ત હોય છે એની વાત 'યોગવિંશિકા'ની ટીકામાં આવે છે.

ત્યાં લખ્યું છે કે અહિંસા ધર્મની સિદ્ધિ જે સાધકને મળેલ હોય તે સિદ્ધ પુરુષ પાસે કોઈ શિકારી પશુ કે હિંસાના વિચારવાળો મનુષ્ય આવે તોય તે અવૈર બની જાય.

• • •

'કેવળ આતમ-બોધ હૈ, પરમારથ શિવપંથ; તામેં જિનકું મગનતા, સો હિ ભાવ નિર્ગ્રન્થ.' આત્માનુભૂતિમાં ડૂબેલ સાધક છે ભાવ નિર્ગ્રન્થ.

આત્માનુભૂતિના સમુદ્રમાં ડૂબવાની વિધિની રોમહર્ષક વાત પૂ. દેવચન્દ્રજી મહારાજે અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાયમાં કહેલ છે :

આત્મરુચિ આત્માલયી રે,<br>
ધ્યાતા તત્ત્વ અનન્ત;<br>
સ્યાદ્વાદ જ્ઞાની મુનિ રે,<br>
તત્ત્વરમણ ઉપશાન્તો રે...

આત્મરુચિત્વ, આત્માલયિત્વ, આત્મધ્યાન, આત્મરમણતા. કેવો મજાનો આ માર્ગ !

આ જ તો છે પ્રભુના માર્ગની મઝા ! અહીં મંજિલ તો મજાની છે જ, માર્ગ પણ મજાનો છે અહીં.

• • •

પહેલો પડાવ : આત્મરુચિત્વ. આત્મતત્ત્વ પરની પ્રીતિ. પરની પ્રીતિને હવે અલવિદા. શબ્દ પણ પર, વિચાર પણ પર...

હા, જે શબ્દ અને વિચાર સ્વ ભણી લઈ જાય તે કામના. પણ પર તરફ લઈ જનાર શબ્દ, વિચારનો શો અર્થ ?

• • •

આત્મરુચિતાને ઉદ્દીપ્ત કરવા માટેની વિધિ કઈ ? રુચિ-વૈરાગ્ય, રુચિ-વૈરાગ્ય, રુચિ-વૈરાગ્ય... આ ક્રમ છે.

આત્મગુણો પરની રુચિ વૈરાગ્યને - પર પ્રત્યેની અનાસ્થાને જગવે છે. એથી રુચિ વધુ સક્રિય બને છે. એથી ફરી વૈરાગ્ય.

આનંદ ગુણનો આંશિક રસાસ્વાદ મળવાથી તે ગુણ પર રુચિ જન્મી. હવે રતિ અને અરતિના ઝૂલે ઝૂલવાનું મન કેમ થશે ? અને એ ચકરાવામાંથી અલગ થતાં આનંદ ગુણની રુચિ તીવ્ર બનશે જ ને !

• • •

આત્મરુચિતા આત્માલયિતામાં ફેરવાશે. સાધક ક્યાં રહે ? ન ઘરમાં, ન દેહમાં. તે તો હોય સ્વમાં - આત્માલયી. આત્મા જ જેનું ઘર છે એવું વ્યક્તિત્વ.

'સમાધિશતક' ની એક કડી યાદ આવે :

> વાસ નગર વન કે વિષે, માને દુવિધ અબુધ;
> આતમદર્શીકું વસતિ, કેવલ આતમ શુધ...(૬૨)

ન તો સાધક નગરમાં છે, ન તો એ વનમાં છે; એ તો છે સ્વમાં.

• • •

આત્મામાં નિવાસ કરવો તે આત્માલયિતા. બીજું ચરણ.

શરીર તો છે ભાડાનું ઘર. મઝાની પંક્તિઓ છે : 'જિંદગી એક કિરાયે કા ઘર હૈ, એક દિન તો બદલના પડેગા; મૌત જબ તુમ કો આવાજ દેગી,

તબ ઘરસે નિકલના પડેગા... ઢેર મિટ્ટી કા હર આદમી હૈ, ઉસકા હોના ભી હોના યહી હૈ...'

શરીર પર જ જો દૃષ્ટિ રહી, તો માટીના ઢગલા વિના છે શું ?

અમેરિકી પ્રમુખ કુલીજે પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાન 'વ્હાઈટ હાઉસ' તરફ આંગળી ચીંધી સરસ ટિપ્પણી આપેલી : ત્યાં કોઈ રહેતું નથી. પ્રમુખોની આવન-જાવન થતી હોય છે ત્યાં. કેટલી સરસ ટિપ્પણી ! અમેરિકી પ્રમુખનું એ નિવાસસ્થાન છે, પોતાનું નહિ.

• • •

સાધક છે આત્માલયી. પોતાની ભીતર રહેનારો. બહારની દુનિયા જોડેનો એનો સંબંધ લગભગ છૂટી ગયેલો છે.

અંદરનો આનંદ એકવાર માણ્યો, બહારનું બધું છૂટી જ જાય...

• • •

ત્રીજું ચરણ : આત્મધ્યાન...

પૂ. ચિદાનન્દજી મહારાજ એક પદમાં આત્મધ્યાનીની ભીતરી દશા વર્ણવે છે :

'આતમધ્યાનથી રે, સંતો ! સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું...'

કેવી અદ્ભુત આ દશા !

આત્મધ્યાની સાધક સદા સ્વરૂપ દશામાં રહે. ભીતરનો આનંદ એવો તો મળી રહ્યો છે કે બહાર જવાનો વિકલ્પ જ રહેતો નથી.

સ્વરૂપ દશાનો આનંદ...

સ્વરૂપ દશામાંથી બહાર આવ્યા પછીની કે સ્વરૂપ દશાની ગાઢતાને માણ્યા પછી તેની શિથિલ દશાએ સાધકની ભાવ દશા કેવી હોય છે ?

કોઈએ એ સાધક પર ગુસ્સો ઉછાળ્યો હોય ત્યારે સાધક માને છે કે એ વ્યક્તિ કર્માધીન છે. એ શું કરે આમાં ? જાગૃત સાધક જ ઉદયાધીન ચેતનાને સ્વરૂપાનુગત ચેતનામાં ફેરવી શકે. સામાન્ય વ્યક્તિત્વો ઉદયાધીન અવસ્થામાં વર્તે તો એમાં શી નવાઈ ?

અને બીજો દૃષ્ટિકોણ પણ મઝાનો છે : સાધક પોતે પણ આવી અજાગૃતિમાં જ હતો ને, ભૂતકાળમાં !

• • •

ચોથું ચરણ : આત્મરમણતા. ભીતરી ઊંડાણ. મગ્નતા. 'તામેં જિન કું મગનતા, સો હિ ભાવ નિર્ગ્રન્થ...' આત્માનુભૂતિની તીવ્રતા આવી, નિર્ગ્રન્થતા આવી ગઈ.

આત્મરમણતા. હોવાની મસ્તી. તમે તમારા ગુણોમાં ડૂબાડૂબ. આપણે આપણા સ્વરૂપમાં મગ્ન.

'ડુઈંગ' ખરી પડ્યું.

'બીઈંગ' માં હવે રહેવાનું.

■

# 3
# આધાર સૂત્ર

*ભોગ જ્ઞાન જ્યું બાલકો,*
*બાહ્ય જ્ઞાનકી દોર;*
*તરુણભોગ અનુભવ જિસ્યો,*
*મગન ભાવ કછુ ઓર... (૩)*

તરુણોનાં વૈષયિક સુખનું જ્ઞાન બાળકને હોઈ ન શકે. તેમ બાહ્યજ્ઞાનમાં - પરમાં ફસાયેલી ચેતના આત્મભાવની મગ્નતાને શી રીતે જાણી શકે ? મગ્નભાવ કોઈ જુદી જ વસ્તુ છે.

[જ્યું = જેવી રીતે]
[જિસ્યો = જેવો]

# 3

## 'ચરનન લય લીના રે...'

હૃદયને ઝુમાવી દે તેવું, ડોલાવી દે તેવું પદ : 'મગન ભાવ કછુ ઓર !' મગ્નતા તો જુદી જ વાત છે, ભાઈ ! એ શબ્દ-ગમ્ય નથી. એને તો અનુભવી જ શકાય.

આત્મભાવના ઊંડાણમાં જવાના માર્ગ કયા ?

એક માર્ગની ચર્ચા સંત કબીરજીએ કરી છે. પ્યારું પદ છે તેમનું.

સાધના કા મારગ ઝીના ઝીના રે,
નહિ અચાહ નહિ ચાહના,
ચરનન લય લીના રે...
સાધના કે રસધાર મેં રહે, નિશદિન ભીના રે...
રાગ મેં શ્રુત ઐસે બસે, જૈસે જલ મીના રે;
સાંઈ સેવન મેં દેઈ શિર, કછુ વિલય ન કીના રે...

• • •

સાધનાનો માર્ગ સૂક્ષ્મ છે. સંસારના માર્ગમાં યા તો ચાહત હોય, યા અનચાહ હોય... અહીં ચાહત - ગમવું પણ નથી અને અનચાહ - દ્વેષ પણ નથી. તો શું કરવાનું છે અહીં ? અહીં છે સમર્પણ. 'ચરનન લય લીના રે...' પ્રભુનાં ચરણોમાં પ્રભુની આજ્ઞાના શરણમાં ઝૂકી જવાનું છે અહીં.

દ્વેષમાં મન ટટ્ટાર રહે છે. રાગમાં મન ઝૂકેલું હોય છે, પણ એકાદ બે વ્યક્તિત્વો ભણી. સમર્પણ પ્રભુ તરફ ઝૂકવાનું છે.

આ ઝૂકવું આપે છે ભીનાશ.

આ ભીનાશની પૃષ્ઠભૂ પર પ્રભુના પ્યારા, પ્યારા શબ્દો કેવા તો મઝાના લાગે ! મઝાની ઉપમા આપી : "રાગ મેં શ્રુત ઐસે બસે, જૈસે જલ મીના રે...' પાણીમાં માછલું તર્યા કરે તેમ મનમાં, મનની ભીની પૃષ્ઠભૂ પર પ્રભુના શબ્દો તર્યા કરે. પેલી ઉપમા યાદ આવે : 'તેલબિન્દુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ...' ભક્તના અહોભાવની જળસપાટી પર પ્રભુના પ્યારા શબ્દો તેલબિન્દુની જેમ વિસ્તર્યા કરે.

કેવી રીતે વિસ્તરે ?

પરમપાવન શ્રી આચારાંગ સૂત્રનો એક નાનકડો હૃદયંગમ ખંડ : 'पडिलेहाए णावकंखति, एस अणगारेत्ति पवुच्चति...'

'સો હિ ભાવ નિર્ગ્રન્થ' જેવું જ વાક્ય 'एस अणगारेत्ति पवुच्चति' તે જ અનગાર. તે જ શ્રમણ. કોણ ? 'पडिलेहाए णावकंखति'. મનનું પ્રતિલેખન કર્યા પછી મનમાં ઊઠતા વિભાવોને જોવા, તેમનાથી દૂરી થવી, તેમને ઈચ્છવા નહિ (णावकंखति) આવી સાધનામાં ડૂબેલ હોય તે શ્રમણ.

વિભાવોને જુઓ અને તમને એ નહિ ગમે. શું છે રાગમાં કે દ્વેષમાં ? ગમે તેવું કશું જ તેમાં નથી. માત્ર અનાદિના અભ્યાસને કારણે મન તેમાં જાય છે.[1]

પ્રભુનાં પ્યારાં વચનોને ઘૂંટવાથી તેમાંથી નીકળી જવાય છે.

● ● ●

'સાંઈ સેવન મેં દેઈ સિર, કછુ વિલય ન કીના રે...' પ્રભુની સેવામાં મસ્તક/મન અર્પણ કરી દીધું... અને કંઈ જ ગુમાવ્યું નહિ.

અરે, મન દીધું,
પ્રભુને મેળવ્યા...
સ્વત્વનું વિસર્જન થયું,
સર્વસ્વ મળ્યું.

● ● ●

(१) अनाद्यभ्यासयोगेन, विषयाशुचिकर्दमे । गर्ते सूकरसङ्काशं, याति मे चटुलं मनः । – उपमिति.

આત્મભાવના ઊંડાણમાં જવાનો આ માર્ગ : સમર્પણ.

એક પદની પંક્તિઓ યાદ આવે :

‘હમ ન સોચેં હમેં ક્યા મિલા હૈ,
હમ યે સોચેં કિયા ક્યા હૈ અર્પણ...’

શું સમર્પ્યું પ્રભુને ?

ભક્ત કહે છે કે જીવન પણ એણે આપ્યું. હવે એને જીવન આપું તો પણ એનું દીધેલું એને અર્પણ કરવા જેવું થયું...

• • •

સમર્પણની અભિવ્યક્તિ ‘એ’ ને કરવા માટે પત્ર લખવો હોય (જો કે એ તો અન્તર્યામી જ છે!) તોય કઈ રીતે લખવો ?

કવિ શ્રી ભગવતીકુમાર શર્મા કહે છે :

હરિ તુમે રુદિયે છો પળ પળ,
કે તમને શું લખવો કાગળ ?
હરિ તમે અક્ષરથી આગળ,
કે તમને શું લખવો કાગળ ?
કાળજડાની કોરે કાયમ વ્રજનું છે સરનામું,
હું જ લખું ને હું હલકારો, હું પરબીડિયું પામું;
કાગળ લેવા કાજ આખું ફળિયું દોડે સામું...
નહિ અવઢવ, નહિ અટકળ,
કે તમને શું લખવો કાગળ ?

ધબકારાની લેખણ લીધી, નામ રટણની દોત;
જમુનાતટની રમણ રેતથી, સૂકવું સાહી સ્રોત;
અક્ષર પર અજવાળું કરવા, ઝબકે શશિયર જ્યોત....
પરબીડિયું બીડું હું છાંટી,
અંસુઅન અમિઅલ ઝાકળ,
કે તમને શું લખવો કાગળ ?

• • •

ભક્તના સન્દર્ભે સમર્પણ થશે એક માર્ગ આત્માનુભૂતિનો... આત્મભાવની મગ્નતાનો. બીજો માર્ગ થશેઃ પ્રણિપાત, પરિપ્રશ્ન, સેવા.(૨)

પ્રણિપાત.. નમન. સાધકનું ઝૂકી ઊઠવું. વિભાવોનું એ ખાલીપણું મગ્નતાની દિશામાં એક કદમ ભરાવશે. નમસ્કારભાવ કેટલી તો ઝડપથી કામ કરે છે ! નમ્યા, ઝૂક્યા; વિભાવો છૂ !

એક સવાલ એ થાય કે આટલું સરળ જો ખાલીપણું છે, તો જનમ-જનમથી વિભાવોનો ભાર વેંઢારીને આપણે કેમ ચાલીએ છીએ ? જવાબ આવો રહેશે : ભાર જોડેય આપણે ગાઢ સંબંધો બાંધ્યા છે ! અથવા તો એમ કહેવાય કે ભાર કોઠે પડી ગયો છે. જેમ ઓક્સિજનનો આપણા માથા પરનો ભાર આપણને ક્યારેય ભારરૂપે નથી લાગતો, કારણ કે એ ભારથી આપણે ટેવાઈ ગયા છીએ.

પેલી નાનકડી દીકરીએ બાબાને ઊચકેલો, જે એની વયના પ્રમાણમાં

---

(૨) तद् विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया । - भगवद्गीता

ભારે ગણાય. કો'કે પૂછ્યું : બાબાનો ભાર નથી લાગતો ? ત્યારે તેણીએ કહ્યું : શેનો લાગે ભાર ? એ તો મારો ભઈલો છે !

તમે શું કહેશો ? ભાર પણ મારો જ છે ને ! હું, મારું શરીર, મારું ઘર... હું અને મારાપણાનું આ વજન. પણ વજન મારું છે ને !

જોકે, આપણે આપણો જ ભાર ઉપાડીને ફરતા હોત તો તો એનેય ક્ષમ્ય ગણત. પરંતુ આપણે તો આખી દુનિયાનો ભાર ઊંચકી ફરીએ છીએ. આપણા દોષોનો ભાર ક્યાં ઓછો છે કે દુનિયા આખીના દોષો જોવાનું ને ખોટા ભારરૂપ થવાનું આપણને પાલવે ?

પ્રણિપાત.. એ દ્વારા અહમ્‌નો ભાર ઓછો થઈ જાય. બધું પ્રભુ કરાવે છે, સદ્‌ગુરુ કરાવે છે; આમાં હું ક્યાં છું ?

• • •

બીજું ચરણ : પરિપ્રશ્ન. તમારી પાસે પ્રશ્નો છે, જિજ્ઞાસા છે, કુતૂહલ છે; પરિપ્રશ્ન છે ?

પરિપ્રશ્નનો બહુ મઝાનો અર્થ છે : અસ્તિત્વના સ્તર પર મૂંઝવતો સવાલ. ક્યારે મળે મને મગ્નતા... ક્યારે ? ક્યા...રે ? જો આત્મભાવની મગ્નતા વિના મોક્ષ નથી, તો એ મગ્નતા મને ક્યારે મળે ? શી રીતે મળે ?

અત્યારે તમે કદાચ શાન્ત ચિત્તે આ પુસ્તક વાંચી રહ્યા છો. કદાચ એટલા માટે કહું છું કે લગભગ તો આપણે વાંચતા જ નથી હોતા. પાના ફેરવ્યા કરીએ છીએ. કોઈ નવી જ વાત દેખાઈ, તો અટક્યા; ચાલ્યા આગળ.

પણ આ વખતે તમે વાંચો છો એમ કેમ કહી શકાય ? તમારું મન, બાહ્ય મન, નવીનતાની તલાશમાં ભટકતું મન આ વાંચતું હતું.

ને અહીં સુધી તમે આવ્યા ને કોઈ વ્યક્તિ તમને મળવા આવી તો... ? પુસ્તક બંધ થઈ જશે. વાર્તાલાપ ચાલુ થઈ જશે.

આથી વિરુદ્ધ, તમે શાન્ત ચિત્તે વાંચી રહ્યા હો, એકાગ્રતાથી; કડીઓએ તમારા હૃદયનો કબજો લઈ લીધો હોય... એક ધારદાર પ્રશ્ન તમારા અન્તસ્તરને વલોવી નાખે. મને ક્યારે આવી મગ્નતા મળશે ? ક્યારે ? ક્યા...રે ?

આ છે પરિપ્રશ્ન.

• • •

ઉત્તર મળે સદ્‌ગુરુ પાસેથી. એટલે ત્રીજું ચરણ સેવાનું બતાવ્યું. ગુરુનાં ચરણોમાં બેસી રહો. તેમનું શીળું સાંનિધ્ય.. તેમને પ્રભુમાં, સ્વગુણોની ધારામાં ડૂબેલા જોશો, તમને ખ્યાલ આવી જશે કે મગ્નતા શું છે.

• • •

મહાત્મા બુદ્ધ પાસે એક જિજ્ઞાસુ આવેલ. તેણે કંઈક પૂછ્યું. બુદ્ધ બહુ મોટા ગુરુ હતા. તેમને ખ્યાલ આવી ગયો કે માત્ર જિજ્ઞાસાને વશ આ પૂછી રહ્યો છે; પરિપ્રશ્ન ક્યાં છે તેની પાસે ?

બુદ્ધે કહ્યું : શું ઉતાવળ છે ? થોડો સમય રહે મારી પાસે. પ્રવચનો સાંભળ. ભિક્ષુઓ જોડે સત્સંગ કર... પેલાએ કહ્યું : 'જી'.

બહાર બેઠેલ વિદ્વાન ભિક્ષુ મુદ્ગલાયન મરકી ઉઠ્યા. જિજ્ઞાસુએ પૂછ્યું : આપ કેમ હસ્યા ? મુદ્ગલાયન કહે : તારે જે પૂછવું હોય તે હમણાં જ પૂછી લે. પછી તો તું જ બુદ્ધ ભગવાનની ધારામાં આખો ને આખો વહી જઈશ. ત્યાં પ્રશ્ન કોણ કરશે ? તું જ નહિ હોય, પ્રશ્ન ક્યાંથી આવશે ?

• • •

એક જિજ્ઞાસુ હરિદ્વારના એક પ્રસિદ્ધ સંત પાસે ગયો. પૂછ્યું : મને આત્માનું સ્વરૂપ સમજાવો ને !

સંતે પૂછ્યું : ક્યાંથી તમે આવો છો ? 'દિલ્હીથી'. 'શું કરો છો ત્યાં ?' 'અનાજ, ગોળ, ખાંડનો જથ્થાબંધ વેપાર.'

સંતે આગળ પ્રશ્ન કર્યો : 'બાસમતી ચોખાનો શું ભાવ છે આજ કાલ? કોલ્હાપુરી ગોળનો શું ભાવ ?' પેલા સજ્જન ફટાફટ ભાવ બોલવા લાગ્યા. અચાનક તેઓ અટકી ગયા. 'અરે, આપ ભાવ શા માટે પૂછો છો ? આશ્રમના રસોડા માટે જે જોઈએ તે આપ કહો ને ! મને લાભ મળશે.'

સંત હસતાં હસતાં કહે : 'આશ્રમના રસોડા માટે શું જોઈએ, તે આશ્રમના વ્યવસ્થાપકો જાણે. હું તો એ જોવા માગતો હતો કે તમે એ બધું ભૂલીને આવ્યા છો કે કેમ. હવે તમને એક જ વાત કહું : આ બધાનું વિસ્મરણ થાય ત્યારે આવજો. ત્યારે આત્મતત્ત્વની વાત તમને કહીશ.

કોરી જિજ્ઞાસાનો શો અર્થ ? મુમુક્ષા જોઈએ. એક તીવ્ર સણકો: શું છે મારું સ્વરૂપ ? કોણ મને કહેશે મારા સ્વરૂપની કથા ? ક્યારે અનુભવીશ હું મારા સ્વરૂપને ? આ મુમુક્ષા, આ પરિપ્રશ્ન જ્યાં ભીતર પરિપક્વ થયો; ગુરુચરણોની સેવા એને ઉત્તરિત કરશે.

• • •

તો, આ પણ એક મધુર માર્ગ થયો આત્મભાવની મગ્નતાનો : પ્રણિપાત, પરિપ્રશ્ન, સેવા...

આવા ઘણા માર્ગો છે; જેની ચર્ચા આગળ આવી રહી છે.

માર્ગ મઝાનો,

મંજિલ મઝાની,

યાત્રિક મઝાનો...

હવે તો એક જ આશિષ : 'શિવાસ્તે પન્થાનઃ...' તારો પંથ સદા ઉજમાળ બને !

• • •

કડીના અન્ત્ય ચરણને ફરી ગુનગુનાવીએ : 'મગન ભાવ કછુ ઓર !' મગ્નતા એ કંઈક અલગ જ વસ્તુ છે. અને એની વિશેષતા એ રીતે અહીં બતાવે છે ગ્રન્થકાર, કે એ અનુભવગમ્ય છે.

શબ્દો શું કરશે ? એ માત્ર દિશા ચીંધશે; માર્ગ પર ચાલવાનું સાધકે જ છે. શબ્દોને અનુભૂતિમાં ફેરવવાનું કામ સાધકનું છે. સમાધિશતકની જ આગળની કડી યાદ આવેઃ 'દિશિ દાખી નવિ ડગ ભરે, નય પ્રમાણ પદ કોડિ; સંગ ચલે શિવપુર લગે, અનુભવ આતમ જોડિ...' (૪૪)

નય શાસ્ત્ર અને પ્રમાણ શાસ્ત્ર દિશા બતાવશે; પણ એ જોવા માત્રથી આત્મસ્વરૂપ તરફ એક ડગલું પણ ભરી શકાતું નથી. પરંતુ આત્માનુભવ મોક્ષ સુધી સાથે ચાલે છે.

• • •

કડી આખી આ રીતે વહે છે : 'ભોગ જ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાન કી દોર; તરુણભોગ અનુભવ જિસ્યો, મગન ભાવ કછુ ઓર.'

બાળકને વૈષયિક સુખોનું જ્ઞાન શબ્દજ્ઞાન સુધી સીમિત હોય છે; જ્યારે તરુણ વ્યક્તિએ ભોગોને ભોગવેલ હોવાથી તેની પાસે ભોગોની અનુભૂતિ હોય છે.

આ જ રીતે, પ્રારંભિક સાધકને આત્મભાવની મગ્નતાનો બોધ શબ્દજ્ઞાન પૂરતો સીમિત હોય છે. આત્મભાવમાં ઊંડે ઊતરેલ સાધકને જ તેની અનુભૂતિ હોય છે.

કહેવાનું તાત્પર્ય એ થયું કે 'મગન ભાવ કછુ ઓર...' જેવા શબ્દો ઍપિટાઈઝર જેવા ઉદ્દીપક બની શકે. એ યાત્રાનો પ્રારંભ કરાવી શકે. પણ પછી સાધકે અનુભૂતિની દુનિયામાં ચાલવું જ રહ્યું...

■

## ૪
## આધાર સૂત્ર

*આતમજ્ઞાને મગન જો,*
*સો સબ પુદ્ગલ ખેલ;*
*ઈન્દ્રજાળ કરી લેખવે,*
*મિલે ન તિહાં મનમેલ... (૪)*

આત્મભાવમાં ડૂબેલ સાધક પુદ્ગલોની રચનાને ઈન્દ્રજાળ - આભાસી રચના - જેવી અનુભવે છે અને તેથી તેનો તેમાં મનમેળ જામતો નથી.

[સો = તે]

# ૪

## ઘટના-અપ્રભાવિતતા

સંત કમાલ પાસે સમ્રાટ આવે છે. કરોડોની કીમતનો હીરો ગુરુનાં ચરણોમાં તે મૂકે છે. અને માને છે કે ગુરુ તે હીરાથી પ્રભાવિત થશે.

હીરાથી પ્રભાવિત થાય એને શું કહેવાય ? ગુરુ કે ઝવેરી !

સંત આ ઘટનાથી બિલકુલ અપ્રભાવિત છે. તેમના ચહેરા પરની આ અપ્રભાવિતતાને જોઈ રાજા પ્રભાવિત તો બન્યો, પણ સશંક છે તે કે કદાચ આ દેખાતી અપ્રભાવિતતા પોતાને પ્રભાવિત કરવા માટે તો નથી ને ?

ક્યારેક આવું બનતું પણ હોય છે અને ત્યારે પાછળથી લાગે કે આ અપ્રભાવિતતા, દેખીતી, બહાર ડોકાતી અપ્રભાવિતતાનું શું મૂલ્ય હોઈ શકે ?

જો કે, લાગલો જ એક બીજો પ્રશ્ન ઉદ્‌ભવી શકે : બહારી અપ્રભાવિતતાને કેમ ન પિછાણી શકાઈ ? એ માટે, ચહેરા સુધી જવાની તો જરૂર જ ક્યાં છે ? એવા વ્યક્તિત્વની આસપાસની હવાને સૂંઘી લો તોય ખ્યાલ આવી જાય... અને આંખો જોઈ શકાય તો... ? સદ્‌ગુરુની આંખો દ્વારાય પરમાત્મા જ પ્રગટતા હોય ને !

• • •

પૂછે છે સમ્રાટ : આ હીરાનું શું કરવું ?

ગુરુ હસ્યા. જો એ હાસ્ય/સ્મિતનો અનુવાદ સમ્રાટ કરી શક્યો હોત તો... તો એની શંકા ત્યાં જ નિરાધાર થઈ તૂટી પડત. ગુરુના સ્મિતનો અનુવાદ આવો હતો : 'હીરાનું શું કરવું ? ઘણા કાંકરા બહાર પડેલા છે. એક કાંકરો ઓર ! કાંકરાનું સ્થાન ક્યાં હોય ? આમાં પૂછવાનું શું ?'

મીરાં યાદ આવી જાય : 'મૈં તો આન પડી ચોરન કે નગર, સત્સંગ બિન જિઉ તરસે; શબ્દોં કે હીરે પટક હાથ સે, મૂડી ભરી કંકર સે...' ગુરુના શબ્દો તે હીરા... બીજાના તે... ?

સ્મિતનો અનુવાદ ન થઈ શક્યો. સમ્રાટ સંતના શબ્દોની પ્રતીક્ષામાં ઊભો. ગુરુને કહેવું પડ્યું : ક્યાંય પણ મૂકી દો ! નાખી દો !

સંતની ઝૂંપડી પર લાકડાનો ભારવટ હતો, તે પર હીરો સમ્રાટે મૂક્યો. પછી તેણે વિદાય લીધી. મનમાં હજુ આશંકા છે કે હું રથમાં બેસી દૂર જઈશ; ગુરુનો અપ્રભાવિતતાવાળો મુખવટો દૂર થશે અને હીરો નીચે ઊતરી જશે, વેચાઈ જશે, ભવ્ય આશ્રમ બની જશે.

ગુરુ પેટ પકડીને અહીં કેટલું તો હસી શકે !

પાંચેક વર્ષ પછી ફરી એ જ સમ્રાટ સંતની ઝૂંપડીએ આવે છે. ઝૂંપડી એવી ને એવી જ છે હજુ. સમ્રાટને નવાઈ લાગે છે. વન્દન કરીને પૂછે છે : પેલા હીરાનું શું થયું ?

પ્રભુની દુનિયામાં વિચરતા સંતને ગઈકાલની ઘટેલી દુન્યવી ઘટનાનો પણ ખ્યાલ ન હોઈ શકે, સ્મૃતિ ન હોઈ શકે; પાંચ વર્ષ પહેલાંની આ ઘટના... સંત સામું પૂછે છે : 'કયો હીરો ?'

'હું પાંચ વર્ષ પહેલાં આવેલ ત્યારે મેં તેને આપનાં ચરણોમાં મૂકેલ. અને તેને ભારવટ પર છોડેલ.' સમ્રાટે કહ્યું.

'કોઈ નહિ લઈ ગયું હોય તો તે ત્યાં જ હશે...' ગુરુએ કહ્યું.

રાજા મનમાં કહે : 'કોઈ નહિ લઈ ગયું હોય તો... તમે તો ક્યાંક મુકાવ્યો નથી ને ? વેચવાનો અવસર હજુ નહિ મળ્યો હોય !'

અને સમ્રાટે પોતાનો હાથ ભારવટ ભણી લંબાવ્યો. નવાઈ વચ્ચે હીરો ત્યાં જ મળી આવ્યો.

પાંચ વર્ષે સમ્રાટને સમજાયું કે ગુરુની અપ્રભાવિતતા સાચી હતી. આમાં ગુરુના પક્ષે તો કશું મેળવવાનું કે છૂટવાનું ન હતું. અપ્રભાવિતતા સાચી છે એમ માની સમ્રાટ એમનો ભક્ત બન્યો તો પણ એમને શું હતું ? એમને મન તો પરમાત્માનું દાસત્વ જ એટલું મોટું હતું કે એની આગળ ત્રણ ભુવનની ઋદ્ધિ તણખલાં જેવી હતી ! અને પાંચ વરસ સુધી સંતને નકલી સંત તરીકે સમ્રાટે મૂલવ્યા, તોય ગુરુનું શું ઓછું થયું ?

સદ્‌ગુરુ આપણા લોકોની દુનિયાથી એટલે બધે દૂર છે, પ્રભુમયતાના લોકમાં, જ્યાં આપણી દુનિયાની કોઈ ઘટનાની અસર વરતાઈ શકતી નથી.

ને એટલે જ, આવા સાધકો આપણી દુનિયાની ઘટનાઓને ખેલ તરીકે જોતા હોય છે. 'અપૂર્વ અવસર' ની કડી યાદ આવે : 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો...' શો ફરક પડે છે કાંકરામાં ને હીરામાં ? સુવર્ણમાં ને ધૂળમાં ? બેઉ આખરે છે તો પુદ્‌ગલ જ.

સાધકના વિશેષણ તરીકે એટલે જ પંચસૂત્રક 'समलेट्ठुमणिकंचणे' કહે છે. પથ્થરનો ટુકડો, મણિ ને સુવર્ણ બધું જ એના માટે સમાન છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ : 'આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્‌ગલ ખેલ; ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...'

આત્મજ્ઞાનમાં ડૂબેલ સાધકની પિછાણ શું ? એ આત્મતત્ત્વ સિવાય બીજે ક્યાંય દૃષ્ટિને સ્થાપનાર ન હોય. પુદ્‌ગલોની બધી જ રચના તેને લાગે છે આભાસી. મૃગજળ જેવી. સન્ધ્યા સમયના વાદળના રંગો જેવી... તેમાં તે પોતાની જાતને ક્યારેય જોડી શકતો નથી.

કોઈએ સાધકને કહ્યું : તમે બહુ સારા છો ! સાધક માટે આ શબ્દો હશે પુદ્ગલ-ખેલ. આપણી દુનિયામાં, આમ પણ, શિષ્ટાચારને નામે આવો જ ખેલ ખેલાતો હોય છે ને !

કો'કે કહ્યું : 'તમે બહુ સારા છો !' વળતાં તમારે કહેવું પડે : 'હું ઠીક છું, પણ તમારી ઉદારતા... અદ્ભુત...'

શિષ્ટાચારના આ ખેલના પડદા પાછળની વાત એક સંસ્કૃત શ્લોકમાં મઝાથી કહેવાઈ છે : ઉંટના ત્યાં લગ્ન. ગધેડાભાઈ વાજાં વગાડે. (જોરથી ગર્જના કરે.) ગધેડાભાઈ કહે છે : ઉંટભાઈ ! શું તમારું રૂપ ! ઉંટ કહે : ગધેડાભાઈ ! શો તમારો આ મીઠો અવાજ ! (૧)

• • •

'સો સબ પુદ્ગલ ખેલ...' પુદ્ગલોના આ ખેલને સ્થિરા દષ્ટિમાં આવેલો સાધક ભીની રેતના ઘરના ખેલ જેવો માને છે. વરસાદને કારણે ભીંજાયેલી રેતમાં બાળકો ઘર બનાવે... પણ મમ્મી હાંક મારે જમવાની, ત્યારે પોતાના જ પગની પાટુ મારી એ ઘરને રેતભેગું કરી નાખે ! (૨)

ખેલ...

ક્ષણોની રમત.

શાશ્વતીનો અનુભવ થયા વિના આ ક્ષણિકતાનો બોધ ભીતર પાંગરતો નથી. આઠ દષ્ટિની સજ્ઝાયનું બહુ મૂલ્ય વચન યાદ આવે :

---

(૧) **उष्ट्रकाणां विवाहे तु, गीतं गायन्ति गर्दभाः ।**
**परस्परं प्रशंसन्ति, अहो रूपम् अहो ध्वनिः ॥**

(૨) બાલ્ય ધૂલિઘર લીલા સરખી, ભવચેષ્ટા ઈહાં ભાસે રે...
- યોગદષ્ટિની સજ્ઝાય.

અંશે હોય ઈહાં અવિનાશી,

પુદ્‌ગલ જાળ તમાસી રે;

ચિદાનન્દઘન સુજસ વિલાસી,

કિમ હોય જગનો આશી રે ?

હું અવિનાશી છું આ બોધ થયો. પછી શરીર છૂટું - છૂટું થઈ રહ્યું હોય તોય સાધક તેને જોયા કરે છે. આનન્દઘનીય પુટમાં તે ગાશે : 'નાસી જાસી, હમ થિરવાસી...' શરીર નાશવંત છે, તે જશે; અમે સ્થિર ચૈતન્ય છીએ. અમે તો છીએ શાશ્વત. 'અબ હમ અમર ભયે, ન મરેંગે...'

'અંશે હોય ઈહાં અવિનાશી...' આત્મદ્રવ્યના નિત્યત્વનો બોધ સાધકની અનુભૂતિમાં શાશ્વતીનો લય રોપે છે. અને ત્યારે.. ? 'પુદ્‌ગલ જાળ તમાસી રે...' પુદ્‌ગલોનો ખેલ એને તમાશાથી વધુ મહત્ત્વપૂર્ણ લાગતો નથી.

જ્ઞાન (ચિદ્‌) અને આનંદની ધારામાં વહેનાર એ વ્યક્તિત્વ પરનું ચાહક કેમ હોઈ શકે ? 'મિલે ન તિહાં મનમેલ.' માત્ર પુદ્‌ગલોના ખેલને જોવાનું થાય; તેમાં ભળવાનું નહિ.

અફાટ રણના રેતસમૂહને સૂર્યબિન્દુથી ચળકતો જોઈ અજાણ્યો માણસ ત્યાં પાણીની - મૃગ મરીચિકાની - કલ્પના કરી શકે. પણ ત્યાંનો થોડો અનુભવી પુરુષ જાણે છે કે આ પાણી નથી, ભ્રમજળ છે...

અને મૃગજળ જાણ્યા પછી એને લેવા કોઈ દોટ મૂકે ?

'આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્‌ગલ ખેલ; ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...' આત્મજ્ઞાની સાધક પુદ્‌ગલોની રચનાને આભાસી

રચના તરીકે જોઈ શકે છે, અને તેથી એ પુદ્ગલોની રચનાને સત્ય માનીને તેમાં તે ભળતો નથી.

• • •

ન તો સામાન્ય વ્યક્તિના પ્રશંસાના શબ્દોને એ સત્યાંશ રૂપે સ્વીકારે છે કે ન પોતાની ભીતર ઊઠતા વિકલ્પોમાં એને સત્યાંશ દેખાય છે.

પ્રશંસાના સન્દર્ભમાં એક મઝાની વાત : અજ્ઞાની માણસને વ્યંગ્યમાં કોઈ પંડિતરાજ કહેશે તો એ ફુલાશે ખરો ? જો વ્યંગ્યને સમજવાની એની ક્ષમતા નહિ હોય તો એ વાતને એ પોતાની પ્રશંસાના રૂપમાં ખતવશે. ખ્યાલ આવશે કે આ તો પોતાની મશ્કરી થઈ રહી છે, તો...?

એક શિક્ષક સ્થૂળકાય હતા. એમને જોઈને એક ભાઈ તેમને હિપોપોટેમસ કહેતા. શિક્ષક એવું માની બેઠા કે આ કોઈ ગ્રીકના જૂના ગણિતજ્ઞનું નામ છે અને આ ભાઈ પોતાની આ રીતે પ્રશંસા કરે છે. અને આથી તેઓ પોરસાતા. પેલા ભાઈ સામે જોઈ સ્મિત પણ વેરતા. શિક્ષકની સમજ એવી હતી કે ગ્રીકના મહાન વૈદ્ય હિપોક્રીટીસ હતા. એવું જ આ નામ કોઈ વિદ્વાનનું હશે.

ભેદ ત્યારે ખૂલ્યો, જ્યારે તેઓ એક પ્રાણીસંગ્રહાલયમાં ગયા. ત્યાં હિપોપોટેમસ નામના સ્થૂળ પ્રાણીને જોયું ત્યારે ખ્યાલ આવ્યો કે પેલો તો પોતાની મશ્કરી કરતો હતો.

હવે... ?

હવે પેલો વ્યક્તિ હિપોપોટેમસ બોલે ત્યારે...?

• • •

પોતાનામાં ઉદારતા કેવી છે, તે પોતે જાણતો હોય. કદાચ તકતી વગર એક પૈસાનું દાન કરવા પણ એ તૈયાર ન હોય. પણ એને કોઈ ઉદાર કહેશે તો...?

એ 'ઉદાર' વિશેષણનો અનુવાદ કઈ રીતે કરી શકાય ? 'ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...' એ રૂપે જ ને ?

એ જ રીતે, પોતાની એક સામાન્ય ટીકાને પણ ન પચાવી શકતી વ્યક્તિને કોઈ મોટા મનના માણસ તરીકે ઓળખાવશે ત્યારે શું એ સમજી શકે કે આ પ્રશંસા નથી, વ્યંગ્ય છે ?

• • •

જીવાતા જીવનમાં પણ આ કડીનો કેવો મઝાનો આ અનુવાદ !

■

## ૫

# આધાર સૂત્ર

*જ્ઞાન બિના વ્યવહારકો,*
*કહા બનાવત નાચ?*
*રતન કહો કોઉ કાચકું,*
*અંત કાચ સો કાચ... (૫)*

જ્ઞાન વિનાનો વ્યવહાર સાધના-જગતમાં પ્રતિષ્ઠિત નથી. ભીતર જોડે જેનું સામંજસ્ય છે તે જ વ્યવહાર વાસ્તવિક ગણાયેલ છે.

કોઈ કાચને રત્ન કહે તો પણ તેથી શું થાય ? કાચ તો કાચ જ છે.

# ૫

## નિશ્ચય અને વ્યવહારનું સંતુલન

સાધકની દુનિયા - તેનું ભાવવિશ્વ કેવું હોય છે ?

નદીમાં જોરદાર પ્રવાહ, વેગથી, વહેતો હોય ત્યારે એ નદીને ઊતરનારનો અનુભવ હોય છે કે નદીનું વહેણ યાત્રીના પગને ઊંચા કરી નાખે. યાત્રિકને ખ્યાલ હોય છે કે જો બેઉ પગ જમીનથી ઊખડી

ગયા તો પોતે નિરાધાર બની જશે, પોતાનો પોતા પર વશ બિલકુલ નહિ રહે. એથી એ સશક્ત આધાર આપી પગને ટેકવી રાખવા મથે છે.

સાધક આને સામે છેડે હોય છે. તે નિરાધાર બને છે. પ્રવાહને - પ્રભુશક્તિ/ગુરુશક્તિને હવાલે એ બધું જ કરી દે છે. 'તું લઈ જાયે, જાઉં ત્યાં મારે; તું મારું સુકાન છે.'

• • •

સાધના-વિશ્વમાં વિહરવાની બે રીતો આપણે ત્યાં છે. એક ગીતાર્થની પોતાની સાધના યાત્રા. એક ગીતાર્થની નિશ્રાની સાધના યાત્રા. (૧) -

સાધક તરીકે આપણે હોઈશું ગુરુનિશ્રિત. ગુરુઆધારિત. પ્રભુની આજ્ઞા સદ્‌ગુરુ દ્વારા જ આપણને મળશે ને !

ક્રમ આવો હોય છે : ગીતાર્થ ગુરુ પ્રભુની આજ્ઞાધારામાં અને સાધકો ગીતાર્થ ગુરુની આજ્ઞામાં. આમ, ગીતાર્થ ગુરુ દ્વારા આપણને પ્રભુઆજ્ઞાયોગ થઈ ગયો.

• • •

કઈ સાધના પદ્ધતિ આપણે સ્વીકારવી તે ગુરુ નક્કી કરશે. વિનય મઝાનો, વેયાવચ્ચ પણ મઝાની. સ્વાધ્યાય મધુરો... આપણા માટે કઈ સાધના પદ્ધતિ ? સદ્‌ગુરુ તે નક્કી કરશે.

• • •

સાધના પદ્ધતિ પણ ગુરુ નક્કી કરશે અને નિશ્ચય-વ્યવહારનું સંતુલન પણ સદ્‌ગુરુ આપણને આપશે.

---

(૧) गीयत्थो य विहारो बीयो गीयत्थनिस्सिओ भणिओ ॥

સાધના અંગેની સૂક્ષ્મગ્રાહિણી દૃષ્ટિ તે નિશ્ચય અને એનું જીવનના સ્તર પર ઊતરવું તે વ્યવહાર.

સદ્‌ગુરુ નિશ્ચય દૃષ્ટિ આપણને આપશે; જે સાધના સમ્યક્ રીતે જઈ રહી છે કે નહિ તે ચકાસવા માટે અનૂઠી વિધિ સમાન બની રહેશે.

સાધના દ્વારા થતી રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા એ સદ્‌ગુરુ દ્વારા મળેલ નિશ્ચય દૃષ્ટિ. હવે વ્યવહાર-સાધનાના માર્ગે જવું કેટલું તો સુગમ બની રહે ! સાધના માર્ગે ચલાતું રહે અને જોવાતું રહે કે વ્યવસ્થિત રીતે એ માર્ગ પર ચલાય છે કે કેમ.

કદાચ એવું બને કે આપણી જાત માટે આપણો સુંવાળો દૃષ્ટિકોણ - સૉફ્ટ કૉર્નર - હોય તો આપણે સદ્‌ગુરુને પૂછી શકીએ કે ગુરુદેવ ! મારી સાધના બરોબર ચાલે છે ?

• • •

સદ્‌ગુરુની નિશ્રામાં થતી સાધના. કઈ રીતે સદ્‌ગુરુ સાધક પર કામ કરે છે ?

બે રીતે ગુરુ કામ કરે છે. વૃન્દ પર પણ તેઓ સાધના આપવાનું કામ કરે છે. વ્યક્તિઓ પર પણ.

એક ગીતાર્થ મહાપુરુષ પ્રભુભક્તિની ધારા વહાવે છે ત્યારે તેમની આસપાસ એવા સાધકો એકઠા થાય છે, જેઓની જન્માન્તરીય ધારા ભક્તિની હોય. હવે એક વૃન્દ બન્યું ભક્તોનું. એક ધારા. વહેવાનું સરળતાથી ચાલ્યા કરે. બીજા મહાપુરુષ સંયમ-શુદ્ધિની વાતો લયબદ્ધ રીતે, શાસ્ત્રીય સંદર્ભો

સાથે કરે છે અને આચાર-ચુસ્ત વ્યક્તિત્વોનું વૃન્દ તેમની આસપાસ એકઠું થાય છે અને સાધનાની મઝાની ધારા વહી ઊઠે છે.

આવી રીતે વૃન્દો પર કાર્ય થાય છે. આમાં સમૂહનું બળ એક-બીજાને સહાયક બને છે.

બીજી રીત છે વૈયક્તિક સાધનાની ધારાની. ગુરુ તે સાધકની જન્માન્તરીય ધારાને શ્રુતબળ, અભ્યાસ આદિ વડે જોઈ તેને તે ધારામાં આગળ વધારે છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ : 'જ્ઞાન બિના વ્યવહારકો, કહા બનાવત નાચ ? રતન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ...'

ગુરુના જ્ઞાન વિનાની વ્યવહાર સાધના શું પરિણામલક્ષી બની શકશે ?

એક મઝાનો પ્રશ્ન ઘણીવાર હું પૂછતો હોઉં છું વાચનામાં : એક સાધક પાસે, એક શિષ્ય પાસે, કેટલું જ્ઞાન હોવું જરૂરી છે ?

એમ લાગે કે, સદ્ગુરુ તે તે સમયે, તત્કાલીન સાધનાના પરિપ્રેક્ષ્યમાં જે પણ આજ્ઞા આપે તેને સમજી શકાય એટલું જ્ઞાન હોય તો તે પર્યાપ્ત છે.

હવે આ ગુરુદત્ત સમજ ન હોય અને સાધનામાર્ગે જવાય તો શું પરિણામ મળી શકે ?

એક દર્દી પણ નિષ્ણાત ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ જ દવા લેતો હોય છે. કારણ કે ડૉક્ટરને ખ્યાલ છે કે આ સંયોગોમાં કઈ દવા કારગત નીવડશે ?

'જ્ઞાન બિના વ્યવહારકો, કહા બનાવત નાચ ?' અંદરથી ઊભરેલી આ એક વેદના છે. આ આક્રોશ નથી. આપણે જો બરોબર જોઈએ તો સદ્‌ગુરુનાં ભીનાં લોચન, આપણને, આ કડી ઉચ્ચારતાં દેખાઈ શકે. અને એ ભીનાં લોચનને આરપાર દેખાતી સદ્‌ગુરુની વેદનાનો સ્પર્શ આપણને થઈ શકે... 'ભાઈ ! જ્ઞાનદૃષ્ટિ વિનાની આ વ્યવહાર સાધના તને ક્યાં લઈ જશે ?'

હા, ખોટો ભ્રમ પેદા થઈ શકે કે મેં સાધના કરી. પણ એ ભ્રમને વિદારવા લાગલું જ આ અણમોલ વચન આવ્યું : 'રતન કહો કોઉ કાચ કું, અંત કાચ સો કાચ...' તમે કાચને રત્ન કહી દો, એટલે એ રત્ન થઈ જતો નથી. એ કાચ જ રહે છે. એમ જ્ઞાનદૃષ્ટિ/નિશ્ચયદૃષ્ટિ વિનાનો વ્યવહાર પરિણામલક્ષી નહિ બને.

• • •

નિષ્કર્ષ એ નીકળ્યો કે સદ્‌ગુરુને પૂછીને જ, સદ્‌ગુરુના જ્ઞાન પૂર્વક જ વ્યવહાર સાધનાના માર્ગે જવું જોઈએ. જેથી આપણી એ વ્યવહાર સાધના રાગ, દ્વેષ, અહંકારની શિથિલતાને આપનારી બની શકે.

■

# ૬
# આધાર સૂત્ર

*રાચે સાચે ધ્યાનમેં,*
*યાચે વિષય ન કોઈ;*
*નાચે માચે મુગતિ રસ,*
*આતમજ્ઞાની સોઈ... (૬)*

સાચા ધ્યાનમાં જે ડૂબે છે, અને એને કારણે વિષયોની - પરમાં જવાની જેને ઈચ્છા નથી થતી અને મુક્તિના રસમાં - પોતાના સ્વરૂપની મસ્તીમાં જે નાચે છે, જેણે એમાં ધૂમ મચાવી છે, તે આત્મજ્ઞાની છે.

[સોઈ = તે જ]

# ૬

'બિનુ પગ
નિરત કરો તિહાં...'

કડીનો પ્રારંભ ધ્યાન ખેંચે તેવો છે : 'રાચે સાચે ધ્યાનમેં...' આત્મભાવમાં ડૂબેલ સાધક સાચા ધ્યાનમાં ઓતપ્રોત બને છે.

ધ્યાનને સાચું વિશેષણ કેમ આપવામાં આવ્યું ? સાચું ધ્યાન શબ્દ વાપરીને ગ્રન્થકાર કઈ બાજુ આંગળી

ચીંધે છે ? આવા મહાપુરુષો નાનો શબ્દ વાપરે, તોય એની પાછળ મહત્ત્વનું કારણ હોય.

ધ્યાનને આપવામાં આવેલ આ વિશેષણ પાછળની બે દૃષ્ટિઓનો ખ્યાલ આવે છે.

• • •

પૂ. પદ્મવિજય મહારાજે ધ્યાન દ્વારા આવતી રાગ-દ્વેષની શિથિલતાની ભૂમિકા નવપદ પૂજામાં ચર્ચી છે. ક્રમ આવો મૂક્યો છે ત્યાં : જાપ, એકાગ્રતા, ધ્યાન, રાગ-દ્વેષની શિથિલતા... [૧]

એક પદનો જાપ... જાપમાં મન સ્થિર થતાં એકાગ્ર દશા. એ પછી, એ પદમાં આવેલ સ્થિરતાનો ઉપયોગ સ્વરૂપમાં ઊતરવા માટે કરવાનો. જાપનું પદ છૂટી જાય અને સ્વગુણની ધારામાં ઉપયોગ વહ્યા કરે.

હવે આ જે સ્વગુણધ્યાન કે સ્વરૂપધ્યાન થયું; તે વાસ્તવિક રૂપે થયું કે ન થયું તેની પારાશીશી કઈ ?

પારાશીશી આ : રાગ અને દ્વેષ ઢીલા પડ્યા કે કેમ. ઢીલા પડ્યા તે, તો ધ્યાન બરોબર રીતે થઈ રહ્યું છે તેમ માની શકાય.

ઘણીવાર, પ્રાણાયામ આદિ સાધક કરતો રહે અને માની લે કે મેં ધ્યાન કર્યું. પ્રાણાયામ દ્વારા શ્વાસોચ્છ્વાસની લયબદ્ધતા નિખરી; પણ રાગ-દ્વેષની શિથિલતા ક્યાં ?

---

(૧) નમો ઉવજ્ઝાયાણં જપો હો મિત્તા, જેહના ગુણ પચવીસ રે એકાગરચિત્તા; એ પદ ધ્યાવો ધ્યાનમાં હો મિત્તા, મૂકી રાગ ને રીસ.

જો કે, આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં મહો. યશોવિજયજીએ રેચક અને પૂરકને ભીતરી સાધના સાથે વણી લીધા છે. તેમણે ત્યાં લખ્યું છે કે શ્વાસ છોડતી વખતે વિભાવને છોડવાનું અને શ્વાસ લેતી વખતે સ્વગુણને ભીતર લેવાનું કરવું જોઈએ.(૨) અને કુંભકમાં એ સ્વગુણને સ્થિર કરવાનું કરી શકાય.

• • •

'રાચે સાચે ધ્યાનમેં...'

મગ્નતા માટેના આ ચરણમાં આવેલ સાચું ધ્યાન શબ્દ સમજવા માટે 'જ્ઞાનસાર' પ્રકરણનો શ્લોક યાદ આવી રહે :

प्रत्याहृत्येन्द्रियव्यूहं, समाधाय मनो निजम् ।

दधच्चिन्मात्रविश्रान्तिं, मग्न इत्यभिधीयते ।।(૩)

ઈન્દ્રિયોનો તેમના વિષયોમાંથી પ્રત્યાહાર, મનની સમાહિત દશા અને જ્ઞાન માત્રમાં સ્થિતિ તે છે મગ્નતા.

- પહેલું ચરણ : પ્રત્યાહાર. ઉપનિષદ્ એને ચક્ષુઃપ્રત્યાવૃતતાનો માર્ગ કહે છે. મીરાં પ્રત્યાહારની ભૂમિકાને વર્ણવતાં કહે છે : 'ઉલટ ભઈ મેરે નૈનન કી...' જે આંખો દુનિયાને જોતી હતી, એ હવે પરમાત્માને જુએ છે.

આવું જ બધી ઈન્દ્રિયો માટે. કાન શું સાંભળશે ? મીરાંની કેફિયત ભીતર ઝંકૃતિ પેદા કરે : 'સુની રે મૈંને હરિ આવન કી આવાજ...' પ્રભુનાં પગલાંની આહટ સાંભળી મીરાંએ.

---

(૨) બાહ્ય ભાવ રેચક ઈહાં જી, પૂરક અંતર ભાવ.

(૩) જ્ઞાનસાર, મગ્નતાષ્ટક.

પ્રત્યાહારની આ ભૂમિકાની મઝાની વાત પરમપાવન દશવૈકાલિક સૂત્રમાં આવે છે : સાધુ કાન વડે સાંભળે છે, આંખો વડે જુએ છે; પણ સાંભળેલ અને દેખેલ બધું બીજાને તે કહી શકતો નથી. [૪]

તાત્પર્યાર્થ એવો નીકળી શકે કે સાધુના કાન-આંખ ખુલ્લા હતા, અને રૂપ કે શબ્દના પરમાણુઓ ત્યાં પહોંચી ગયા; પણ સાધુને એ પર-દ્રવ્યમાં રસ નહોતો, માટે તે શબ્દો ભીતર ન ગયા. હવે સાધુ કઈ રીતે કહે કે પોતે શું જોયેલ કે શું સાંભળેલ.

મનનું સમાહિત થવું. બીજું ચરણ.

પરમાં ગયેલ મન રતિ કે અરતિને ઉપજાવશે. સ્વમાં ગયેલ મન હશે સ્વસ્થ, શાન્ત.

ત્રીજું ચરણ : જ્ઞાનસ્વરૂપમાં સ્થિતિ. જ્ઞાયક ભાવનું સાતત્ય ચાલ્યા કરે.[૫] હું માત્ર જાણનાર છું. વૈભાવિક ઘટનાઓમાં મારું આંશિક પણ કર્તૃત્વ નથી...

• • •

ઈન્દ્રિયો અને મન બહિર્ભાવમાંથી નીકળ્યા અને જ્ઞાયકભાવમાં-સ્વરૂપમાં ચેતનાનો પ્રવેશ થયો... આ છે સાચું ધ્યાન. 'રાચે સાચે ધ્યાન મેં...'

• • •

---

(૪) बहुं सुणेहि कन्नेहिं, बहुं अच्छीहिं पिच्छई; न य दिट्ठं सुअं सव्वं, भिक्खु अक्खाउ मरिहई। (૫) જ્ઞાયક ભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે.

અને એટલે જ આગળ કહ્યું : 'યાચે વિષય ન કોઈ.' બહિર્ભાવ ગમતો જ નથી, તો એના માટે કોઈ પ્રયત્ન કરવાની વાત તો ક્યાં રહી ?

• • •

'નાચે માચે મુગતિરસ.' મુક્તિના રસમાં, મુક્તિની રસધારમાં સાધકનું નાચી ઊઠવું, મચી પડવું.

નૃત્ય... યાદ આવે ભક્તિમતી મીરાં. 'પગ ઘૂંઘરુ બાંધ મીરાં નાચી રે...' કેવું એ નૃત્ય હતું ? જ્યાં નૃત્યકાર (નર્તિકા) નહોતો, હતું માત્ર નૃત્ય. નૃત્યની આખિરી પળોમાં નૃત્યકાર નથી રહેતો. રહે છે માત્ર નૃત્ય.

મીરાનું આ સ્વયંસ્ફૂર્ત નાચી ઊઠવું... 'લોગ કહે મીરાં ભઈ બાવરી, સાસ કહે કુલનાસી રે...' જોકે, લોકોની ફૂટપટ્ટી અહીં કેમ ચાલી શકે ? એવી ફૂટપટ્ટી, જે લોકોને રીઝવવા માટે લોકોએ શોધેલી ને લોકો દ્વારા ઉપયોગમાં લેવાયેલ હોય.

'લોગ કહે મીરાં ભઈ બાવરી.' લોકો કહે છે કે મીરાં પાગલ થઈ ગઈ છે.[૬] 'સાસ કહે કુલનાસી રે...' સાસુ કહે છે કે મારા કુળમાં આ કલંકિની ક્યાંથી આવી ?

મીરાં માટે આ ફૂટપટ્ટીનો શો અર્થ ? એ તો દેહનું પણ ભાન ભૂલીને નાચી રહી છે. જો કે, 'હું નાચું છું' એવો શબ્દપ્રયોગ મીરાં નહિ કરી શકે. 'મારાથી નચાઈ જાય છે' એમ પણ એ નહિ કહે. એની અનુભૂતિ તો આવી

(૬) સરખાવો : 'જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ; જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ...' (સમાધિશતક, ૨૪)

છે : 'એ' નાચે છે. હું હોઉં તો મારા નાચવાનો સવાલ આવે ને ! 'એ' આવ્યો એ ક્ષણથી હું તો છું જ નહિ.

મીરાંના પતિ ચિત્તોડના રાણાજી પોતાની આ અપ્રતિષ્ઠાથી એટલા ભયભીત બનેલા કે એમણે મીરાંને ઝેરનો પ્યાલો મોકલ્યો. 'વિષ કા પિયાલા રાણાજી ભેજા, પીવત મીરાં હાંસી રે...' પરમાત્મા મળી ગયા. હવે મૃત્યુ કેવું ? 'પીવત મીરાં હાંસી રે.' મીરાં ખુશીની મારી ઊછળી પડી.

સર્વસ્વીકાર હતો મીરાં પાસે. 'વિષ કા પિયાલા રાણાજી ભેજા, પીવત મીરાં હાંસી રે; મીરાં કે પ્રભુ ગિરિધરનાગર, સહજ મિલે અવિનાસી રે...' પ્રભુ આ રહ્યા ! 'સહજ મિલે...' અનાયાસ મળી ગયા પ્રભુ.

● ● ●

'નાચે માચે મુગતિ રસ.' મુક્તિના રસમાં નાચી ઊઠવું. જ્ઞાન અને ધ્યાનની મસ્તીમાં ડોલી ઊઠવું.

આ નૃત્ય, કબીરજી કહે છે તેમ, પગ વગરનું નાચવાનું છે અને હાથ વિના તાળી પાડીને તેમાં સૂર પૂરાઈ રહ્યો છે. 'બિનુ પગ નિરત કરો તિહાં, બિનુ કર દે તારી...'

એ નૃત્યને આપણે શી રીતે જોઈશું ? શી રીતે એ સંગીતને સાંભળીશું ? 'બિનુ નૈનન કો દેખના, બિનુ સરવણ ઝંકારી...' ભીતરનાં ચક્ષુથી જ આ નૃત્ય દેખાય. અંદરના કાન વડે જ આ સંગીત સંભળાય.

● ● ●

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

નૃત્યની પૃષ્ઠભૂ[illegible] આ નૃત્ય વિલક્ષણ છે. ‘રાચે સાચે ધ્યાનમેં...’ ધ્યાનની આગળ લાગેલ આ વિશેષણ (સાચું) ધ્યાનની અનુભૂત્યાત્મક વ્યાખ્યા ભણી આપણને દોરી જાય છે.

માત્ર શબ્દો વડે ધ્યાનની સુગંધનો પરિચય નહિ થાય. શબ્દો અદૃશ્ય થશે, વિકલ્પો જશે. અને ભીતર લહેરાઈ રહેલ સ્વગુણના સમંદરનો અનુભવ થશે.

કલિકાલ-સર્વજ્ઞ આચાર્યપ્રવર શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા યોગશાસ્ત્રમાં કહે છે : મનના વિકલ્પોને જેણે નાથ્યા નથી, તેવો સાધક યોગની, ધ્યાનની શ્રદ્ધા રાખે તે પાંગળો માણસ પગ વડે ગામ જવાની ઈચ્છા રાખે તેવું છે. (૭)

ત્યાં તેમણે મનોનિરોધને કર્મનિરોધ સાથે સાંકળેલ છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજનું પ્રસિદ્ધ વચન યાદ આવે : નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો...

તો, નિર્વિકલ્પતાને પાયો બનાવી યોગી યોગનો/ધ્યાનનો પ્રાસાદ ખડો કરે છે. ‘રાચે સાચે ધ્યાનમેં, યાચે વિષય ન કોઈ.’ પરની અપેક્ષા બિલકુલ નીકળી-ચૂકી છે. પરિણામે, ‘નાચે માચે મુગતિ રસ’... અને તે જ આત્મજ્ઞાની. ‘આતમજ્ઞાની સોઈ.’

● ● ●

---

(૭) अनिरुद्धमनस्कः सन्, योगश्रद्धां दधाति यः ।
पद्भ्यां जिगमिषुर्ग्रामं, स पङ्गुरिव हस्यते ॥
मनोरोधे निरुध्यन्ते, कर्माण्यपि समन्ततः ।
अनिरूद्धमनस्कस्य, प्रसरन्ति हि तान्यपि ॥
– योग शास्त्र ४/३७–३८

'નાચે માચે મુગતિ રસ.' મુક્તિ-રસ. સ્વ-રસ. આમ જુઓ તો, રસ એક જ છે; બીજા તો છે કુચ્ચાં... પણ સામાન્ય વ્યક્તિઓ બીજા રસને પણ રસ રૂપે લેખે છે ત્યારે ગ્રન્થકાર મુક્તિરસ નામ આપે છે ભીતરી રસ માટે.

એ રસ ચખાયો, એટલે બધું જ ફિક્કું-ફસ.

એ રસને આસ્વાદ્યા પછી એના આસ્વાદની કેફિયત આપતાં પૂજ્ય મહોપાધ્યાય માનવિજયજી કહે છે : 'કહીએ અણચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મિલિયો...' અગણિત જન્મોમાં ક્યારેય ન ચાખ્યો હોય તેવો આ રસ આ વખતે ચાખવા મળ્યો.

કઈ રીતે આ રસ ચાખવા મળ્યો એની વાત કરતાં તેઓ કહે છે : 'પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અન્તરંગ સુખ પામ્યો; માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો...' પ્રભુની કૃપા વડે આ રસ ચાખવા મળ્યો અને અન્તરંગ સુખ મળ્યું... આજે મારા મનની કામના, ઈચ્છા, પ્યાસ પૂરી થઈ.

પ્યાસ... આપણે સહું પરમચેતનાની પ્યાસ લઈને નીકળેલા યાત્રિકો છીએ. જ્યાં સુધી એ ન મળે ત્યાં સુધી આપણી પ્યાસ છિપાવાની નથી.

પ્રભુને જોયા, પ્યાસ ઉદ્દીપ્ત બની.

પ્રભુ મળ્યા, પ્યાસ શમી ગઈ.

પ્રભુનાં ભુવન-વિમોહન રૂપને જોયું. કેવી આંખો ? કેવું મુખ ? 'લોચન શાન્ત સુધારસ સુભગા, મુખ મટકાળું સુપ્રસન્ન...' નયનોમાંથી શાન્ત અમૃતરસ વરસી રહ્યો છે. મુખ છે અત્યન્ત પ્રસન્ન.

થયું કે કેવો અદ્‌ભુત રસ પ્રભુના અસ્તિત્વમાંથી ઝરી રહ્યો છે ! એ રસને મેળવવાની પ્યાસ જાગી...

પ્યાસ તૃપ્તિમાં શી રીતે ફેરવાઈ ? 'અજિત જિનેસર ચરણની સેવા, હેવાએ હું હળિયો...' આ પંક્તિ પરમરસના પાનનો માર્ગ બતાવે છે.

પ્રભુની ચરણ સેવા એટલે આજ્ઞાપાલન. એ આજ્ઞાપાલનનો અભ્યાસ સુદૃઢ બને ત્યારે પ્રભુ મળી રહે. પરમરસ મળી રહે.

એટલે જ, કુમારપાળ મહારાજા આત્મનિન્દા દ્વાત્રિંશિકામાં આજ્ઞાપાલન દ્વારા આવતી આપ્તતત્ત્વતાની વાત કરે છે. [૮]

સ્વાધ્યાય દ્વારા જ્ઞાતતત્ત્વતા, આજ્ઞાપાલન દ્વારા આપ્તતત્ત્વતા.

■

(૮) कदा त्वदाज्ञाकरणाप्ततत्त्व, स्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्तिः, मोक्षेप्यनिच्छो भवितास्मि नाथ ! ॥

## ૭

## આધાર સૂત્ર

*બાહિર અંતર પરમ એ,*
*આતમ-પરિણતિ તીન;*
*દેહાદિક આતમ-ભરમ,*
*બહિરાતમ બહુ દીન... (૭)*

આત્મદશાનાં ત્રણ અવસ્થાન્તરો દર્શાવેલ છે : બહિરાત્મદશા, અન્તરાત્મદશા અને પરમાત્મદશા.

બહિરાત્મદશા કઈ ? દેહ વગેરેમાં આત્માનો ભ્રમ કરી, પરિણામે દીનતાને મેળવનાર બહિરાત્મદશા છે.

# ૭

'મરો હે જોગી !
મરો...!'

સંત ગોરખનાથનું એક પ્રિય પદ યાદ આવે : 'મરો હે જોગી ! મરો, મરણ હૈ મીઠો, જિસ મરણિ ગોરખ મિરે...' આ કયા મૃત્યુની વાત છે ? આ બહિર્ભાવના મૃત્યુની વાત છે. દેહભાવના કોચલામાંથી છૂટવાની વાત.

શરીર વ્યાધિગ્રસ્ત થઈને પથારી પર લેટેલું હોય તો એને પણ જોવાની વાત. શરીર છૂટું, છૂટું થઈ રહ્યું હોય ત્યારે પણ એને શાન્તચિત્તે નીરખવાની વાત.

પીડા ક્યાં રહી હવે ?

'શરીર તે હું' આ માન્યતા જ પીડાનું મૂળ છે.

• • •

એક સંગોષ્ઠિમાં પ્રબુદ્ધ શ્રોતાઓને મેં પૂછેલું : શરીરો, અતીતમાં ભિન્ન ભિન્ન રહેલાં - પશુઓનાં, પક્ષીઓનાં - છતાં આ શરીર પ્રત્યે આપણી આસક્તિ કેમ છે ?

શ્રોતાઓએ મારી સામે જોયું. મેં કહ્યું કે આત્મતત્ત્વ પકડાતું નથી, અને એ પછીનું જે શરીર છે, તે હું તરીકે પકડાઈ ગયું છે. અને એટલે જ શરીરોના આકારોની બદલાહટ વચ્ચે પણ આ શરીર પર આસક્તિ રહ્યા કરે છે.

'હું' ને મૂકવાની જગ્યા ક્યાંક તો જોઈએ ને ! આત્મતત્ત્વ ન પકડાયું, તો શરીર પર એ મુકાયું.

• • •

અષ્ટાવક્ર ગીતામાં ઋષિ અષ્ટાવક્ર રાજા જનકને કહે છે : 'अयमेव हि ते बन्धोः, द्रष्टारं पश्यसीतरम् ।' તને કર્મબંધ થાય છે, એની પાછળનું કારણ એ છે કે તું દ્રષ્ટા તરીકે - હું તરીકે બીજાને / શરીર આદિને માને છે.

બે શબ્દો છે : દ્રષ્ટા અને દશ્ય. જે જોનાર હોય તે દ્રષ્ટા. જેને જોઈ શકાય તે દશ્ય...

આંખો જુએ છે, એ હકીકત નથી. આંખો તો છે જોવા માટેનું માધ્યમ. આંખ દશ્યને પોતામાં પ્રતિબિંબિત કરે; જ્ઞાનતંતુઓ એનું અર્થઘટન કરે. ઉપયોગ રૂપ દ્રષ્ટા/જ્ઞાન દશ્યને હાનિકારક અથવા લાભકારક તરીકે જોશે.

જે દેખાય તે દશ્ય... શરીર પણ દશ્ય કોટિમાં. દ્રષ્ટા તમે. સાચું હું પકડાય એટલે ખોટું હું - અહંના લયનું - વિસર્જિત થાય.

એક સરસ ગીત - અહમ્‌ના વિસર્જન માટેની પ્રાર્થના સ્વરૂપ - હમણાં જોયેલું :

પ્રભુ ! ક્યારે મારો આ 'હું' ટળવાનો ?
મેં કર્યું, હું કરું, હું કરવાનો,
હુંકારે દિ' વળવાનો ?
આવડા મોટા વિરાટ વિશ્વે,
રજકણે અર્થ શો સરવાનો ?
પથ્થરિયા નાવે તરવામાં,
મધદરિયે ડૂબવાનો...
પ્રભુ ! ક્યારે મારો હું ટળવાનો ?

• • •

તમે દ્રષ્ટા.
બીજું બધું દશ્યકોટિમાં.
હવે પીડા જ ક્યાં છે ?

પરમપાવન આચારાંગ સૂત્રમાં પ્રભુને પૂછવામાં આવ્યું : પ્રભુ ! દ્રષ્ટાને ઉપાધિ હોય છે ? પ્રભુએ કહ્યું : દ્રષ્ટાને કોઈ જ ઉપાધિ, પીડા હોતી નથી. [1]

પર્યાયોની આવન-જાવનને જોનાર તમે પણ દ્રષ્ટા જ છો. શરીરમાં બાળપણ હતું એને પણ જોયું, યુવાવસ્થામાં પણ તે જોવાય. વૃદ્ધાવસ્થામાં પણ.

મઝાની વાત એ છે કે 'ખમીસ કે પાટલૂન તે હું નહિ' આવો કોઈ મંત્ર તમારે ગણવો પડતો નથી. તમારા મનમાં સ્પષ્ટ ખ્યાલ છે કે શરીર જુદું છે, ખમીસ વગેરે જુદાં છે. તો પછી, શરીર અને આત્મા વચ્ચે આ ભેદરેખા કેમ ન દોરાઈ ?

આ માટે સંત ગોરખનાથ જે મૃત્યુંજય સાધનામાં ગરકાવ બન્યા છે, એ સાધના સાધકે કરવી જોઈએ. 'જિસ મરણિ ગોરખ મિરે, બહુરિ મરણ ન હોય'. હવે એમને મરણ નથી. કાયાભાવથી ઉપર ઊઠી જવાયું ને ! પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું : 'સો હમ કાલ હરેંગે...' કાળને જ અમે હરી લઈશું. શાશ્વતીના લયમાં આત્મતત્ત્વ પકડાઈ ગયું તો કાળ ક્યાં રહ્યો ?

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ : 'બહિર અંતર પરમ એ, આતમ પરિણતિ તીન; દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન...'

---

(१) किमत्थि उवाही पासगस्स.....? णत्थि त्तिबेमि ॥

આત્મદશા ત્રણ : બહિરાત્મદશા, અન્તરાત્મદશા અને પરમાત્મદશા.

બહિરાત્મદશા કેવી હોય છે ? 'દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન.' દેહ આદિને આત્મા રૂપે, હું રૂપે સમજનાર વ્યક્તિ બહિરાત્મદશામાં છે અને તે ખૂબ જ દીનતા અનુભવે છે.

હું એટલે શરીર... પછી શરીર માંદું પડશે ત્યારે ? મને તાવ આવ્યો... મને ટી.બી. થયો, મને કેન્સર થયું; આ વિચારો કેવી તો પીડા આપી શકે ! એ વ્યક્તિ કેવી તો દીન-હીન બની જાય ? એરેરે, શું થઈ ગયું ? હવે શું થશે ?

• • •

પરમતારક શ્રી સુમતિનાથ પ્રભુની સ્તવનામાં આ બહિરાત્મદશાનું વર્ણન કરતાં પૂ. આનંદઘનજી મહારાજ કહે છે : 'આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ...'

કાયાદિક શબ્દમાં કાયા પછી આદિ શબ્દથી મન, ચિત્ત, સૂક્ષ્મ હું (અહમ્) વગેરે લેવાય છે.

- શરીર તે હું... અથવા મારું શરીરની જેમ, મારા વિચારો... મારું નામ... વગેરે પર મમત્વ સ્થાપિત થયેલું છે. અને તેથી જ પોતાના વિચારો મનુષ્યને મહત્ત્વના લાગે છે અને કો'ક એને તોડી પાડે તો એ પીડિત થાય છે.

• • •

'મારા વિચારો...' શબ્દપ્રયોગ જ કેવો ખટકે તેવો છે ! સરસ વિચારો તમારી પાસે ક્યાંથી આવ્યા ? આજુબાજુમાં રહેલ કોઈ મહાપુરુષે વિચારો

છોડ્યા; તમે એમને ઝડપ્યા. અને હવે તમે ઉદ્‌ઘોષણા કરશો : મને આવા વિચારો આવ્યા ! હકીકત એ છે કે, તમારા મને એ વિચારોના પરમાણુઓને ગ્રહણ કર્યા.

પૂ. દેવચન્દ્રજી મહારાજ યાદ આવે : 'જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો...' (૨)

ભાષાવર્ગણાનાં પુદ્‌ગલો કે મનોવર્ગણાનાં પુદ્‌ગલો (શબ્દો અને વિચારો) એ શું છે ? જડ અને ચંચળ (ક્ષણિક) પુદ્‌ગલોના એંઠવાડનો ભોગ સુજ્ઞ જનને કેમ ગમે ?

તમે કહેશો : નવા શબ્દો. પરિમાર્જિત શૈલી. પણ, આ તો અગણિત વાર પુનરાવર્તિત થયેલી શૈલી છે ! તમારી ટૂંકી ક્ષિતિજ રેખાના દાયરામાં એ પરિમાર્જિત શૈલી રૂપે તમને ભાસી શકે. ઈતિહાસના કે ભાષાશાસ્ત્રના તજ્‌જ્ઞને તો નહિ જ.

અને એ પરિમાર્જિત શૈલીના વક્તાના વિચારો પણ ઉછીના લેવાયેલ હશે અને એમાં તેના પોતાના આચરણનું પ્રતિબિમ્બ નહિ પડતું હોય તો...?

એક વક્તાના આવા પ્રવચન પછી એક મિત્રે તેમને કહેલું : તમારું પ્રવચન, શબ્દે શબ્દ, મારી પાસે રહેલ એક પુસ્તકમાં છાપેલ છે !

પ્રવચનકાર વિચારમાં પડ્યા. આજે જ તૈયાર કરેલું પ્રવચન... અને આ સજ્જન આમ કહે છે... તેમણે પૂછ્યું : કયું પુસ્તક ? મિત્રે તેમને પોતાની પાસે રહેલ શબ્દકોશ સાદર(!) સમર્પિત કર્યો.

---

(૨) શ્રી અભિનન્દન જિનસ્તવન

ભીતરનો ઉજાશ ન ભળેલ હોય તો શબ્દકોશના શબ્દો કે કો'કના મુખેથી પ્રગટેલ શબ્દો; શો ફરક ?

• • •

બહિરાત્મદશાની આનંદઘનીય વ્યાખ્યા : 'આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ...' બહિરાત્મદશા પાપરૂપ એટલા માટે કહી કે મારું શરીર અને મારા વિચારો કેટલા તો રાગ, દ્વેષ અને અહંકાર જન્માવે છે ! શરીરને પોષવા માટે કેટલો બધો શ્રમ... તમારા વિચારોને કોઈ પંપાળે તો અહંકાર, કોઈ એને તોડે તો દ્વેષ... ચક્ર ચાલુ !

• • •

બહિરાત્મદશાની સમાધિશતકે આપેલી વ્યાખ્યા : 'દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન...' દેહ, બુદ્ધિ આદિમાં આત્માનો ભ્રમ થાય તે બહિરાત્મદશા અને એ દશા બહુ જ દીન-હીન બનાવે છે મનુષ્યને.

સાધક તો આથી અળગો જ હોય.

'તમારું નામ શું ?' એવું પુછાય ત્યારે સાધકો કહેતા હોય છે : આ દેહને લોકો આ નામે સંબોધે છે. ખ્યાલ છે કે પોતે તો નામને પેલે પારની ઘટના છે.

• • •

ભક્ત બહિરાત્મદશાને અન્તરાત્મદશામાં ફેરવવા માટે પ્રભુને કેવી પ્રાર્થના કરે ? શ્રી સુરેશ દલાલ 'મારી પ્રાર્થનાનો સૂર્ય'માં લખે છે :

"તારી કૃપાના વરસાદથી મારા અહમ્‌ના અગ્નિને ઓલવી નાખ. મારા વ્યક્તિત્વનો દીવો ઓલવી નાખ અને સ્વત્વનું સત્ત્વશીલ આકાશ પ્રકટાવ. મારા હોઠ હું-પદના અંગારાથી દાઝી ગયા છે. તું અહીં આવ અને તારો સાક્ષાત્કાર કરાવ જેથી હું તારા ચરણને ચૂમું અને મારા હોઠને શાતા વળે. વાંચ્યું-લખ્યું-હર્યા-ફર્યા-કશાનો અર્થ નથી એ વાત મને ક્યારની સમજાઈ ગઈ છે."

■

# ૮

# આધાર સૂત્ર

*ચિત્તદોષ આતમ-ભરમ,*
*અંતર આતમ ખેલ;*
*અતિ નિર્મલ પરમાતમા,*
*નહિ કર્મકો ભેલ... (૮)*

મનમાં ઊઠતા રાગ, દ્વેષ, અહંકાર આદિ દોષોમાં (અહંકાર-જન્ય 'હું'પણા આદિમાં) આત્મદશા નથી, પણ તે દશામાં આત્મદશા માનવી તે ભ્રમ છે, આવું માનવું તે અન્તરાત્મદશા.

પરમાત્મદશા અત્યન્ત નિર્મળ છે, ત્યાં કર્મનું મિશ્રણ બિલકુલ નથી. સ્વનું શુદ્ધ રૂપ ત્યાં પૂર્ણતયા નીખરેલું છે.

# ૮

## 'ભૈયે તો બિક જાઉં...!'

અન્તરાત્મદશા મઝાની અવસ્થા છે. જ્યાં દૃષ્ટિ પોતાની ભીતર જ કેન્દ્રિત થયેલી હોય છે. આને સામે છેડે, બહિરાત્મદશામાં દૃષ્ટિ માત્ર બહાર/વિભાવ તરફ જ કેન્દ્રિત થયેલ હતી.

મીરાંએ આ અન્તરાત્મદશાની વાત પ્યારા શબ્દોમાં કહી છે : જો પહિરાવે સોઈ પહેરું, જો દે સોઈ ખાઉં; જહાં બેઠાવે તિતહીં બૈઠું, બૈચે તો બિક જાઉં...

'એ' આપે તે પહેરવાનું. 'એ' આપે તે ખાવાનું. 'એ' બેસાડે ત્યાં બેસવાનું અને 'એ' વેચે તો વેચાઈ જવાનું !

સાધુ ભગવંતની દિનચર્યા જુઓ ત્યારે આ વાત સ્પષ્ટ રીતે સમજાઈ જાય. મુનિરાજ શું પહેરે, શું વાપરે (ખાય) ? પરમાત્માની આજ્ઞા પ્રમાણે વસ્ત્રો પહેરવાના. પ્રભુની આજ્ઞા પ્રમાણે ગોચરી (ભિક્ષા) લાવવાની. ભૂખ લાગી હોય, પણ ન તો પેટને પૂછવાનું, ન જીભને પૂછવાનું; પૂછવાનું પ્રભુને. કેવી મઝાની વાત !

• • •

'બૈચે તો બિક જાઉં...' મીરાંની આ અદ્‌ભુત કેફિયત છે.

ખંધક મહામુનિ પોતાની ચામડી ઉતારવા આવેલ રાજસેવકને જ્યારે કહે છે કે, ભાઈ ! તમે કહો તેમ ઊભો રહું, જેથી મારી ચામડી ઉતારતાં/ ઉતરડતાં તમને તકલીફ ન પડે...! ત્યારે સમર્પણની દિવ્ય ગાથાનું એક ઝંકૃત કરી દેતું સ્વરૂપ જોવા મળે છે.

તેમનું - મહામુનિનું અન્તસ્તર પ્રભુને કહેતું હશે : પ્રભુ ! તારી આજ્ઞાને હું સમર્પિત છું. હું ચામડી ઉતારનાર પ્રત્યે પણ મારો ઉપકારી તે છે એવું માનીશ. મારે તારી નજીક આવવું છે, પ્રભુ ! પરંતુ વચ્ચે કર્મો ઘણાં છે ને ! પણ આ મારો મિત્ર મારાં કેટલાં બધાં કર્મોનો કચ્ચરઘાણ વાળવામાં મારો સહાયક બનશે !

ખંધક મુનિની સજ્ઝાયની એક પંક્તિમાં કહેવાયું છે : 'એ તો વળી સખાયો મળિયો, ભાઈ થકી ભલેરો રે...'

ગજસુકુમાલ મુનિની વાત સાંભળતાં રૂંવાડાં ખડાં થઈ જાય. તાજા લુંચન કરાયેલ મસ્તક પર ખેરના ધધકતા અંગારા મુકાયા. પરંતુ આનંદઘનીય અન્તરાત્મદશાના વર્ણન પ્રમાણે તેઓ પોતાના શરીરના સાક્ષી જ માત્ર હતા.[૧]

'અંતર આતમ ખેલ...' પંક્તિની આ જીવન્ત અભિવ્યક્તિ ! પોતાની ભીતરી દશામાં, અન્તરાત્મદશામાં ગજસુકુમાલ મુનિ એવા તો ઓતપ્રોત બન્યા છે કે શરીરમાંથી હુંપણાની ચાદર સંકેલાઈ ગઈ. ચાદર જ ન રહી, તો એને બળવાની વાત ક્યાં રહી ?

• • •

'ચિત્તદોષ આતમ-ભરમ...' મનમાં, ચિત્તમાં ઊઠતા રાગ, દ્વેષ, અહંકાર આદિ દોષો તે આત્મતત્ત્વનું સ્વરૂપ નથી; એ દોષોમાં હુંપણાની બુદ્ધિ થવી - 'મારો ગુસ્સો એવો છે કે જો એ બેકાબૂ બન્યો તો'... વગેરે શબ્દો દ્વારા અભિવ્યક્ત થતી, ક્રોધમાં હુંપણાની બુદ્ધિ - એ આત્મતત્ત્વનો તેમાં થયેલ ભ્રમ છે.

આનંદઘનીય વ્યાખ્યા કાયાના અને રાગાદિના મમત્વથી ઉપર ઊઠવાની વાત કરે છે. 'કાયાદિકનો હો સાખીધર રહ્યો...' સમાધિશતકની વ્યાખ્યામાં પણ ઉપલક્ષણથી કાયાના મમત્વને ટાળવાની વાત લઈ શકાય.

• • •

(૧) કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ... સુમતિજિન સ્તવન.

અન્તરાત્મદશાને પૂ. આનંદઘનજી મહારાજે આત્માર્પણદશા કહી છે. પ્રભુનાં ચરણોમાં પોતાની જાતને ન્યોચ્છાવર કરી દેવાની. પ્યારી કડી ત્યાં આવે છે : 'બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની; પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ...' (૨)

બહિરાત્મદશાને છોડીને અન્તરાત્મદશામાં સ્થિર થઈને પરમાત્મદશાનું ધ્યાન કરવું તે અન્તરાત્મદશા. અને તે જ આત્માર્પણ... 'સુમતિ ચરણ કજ આતમ અરપણા.' શ્રી સુમતિનાથ પ્રભુનાં ચરણકમળમાં આત્માર્પણ.

પ્રભુની આજ્ઞાને શરણે જવું તે આત્માર્પણ. પરમાત્માના જ્ઞાનાદિ ગુણોનું ધ્યાન કરવું તે આત્માર્પણ.

અન્તરાત્મદશાની મસ્તી, કેફ આ સમર્પણની ભૂમિકાએ અનુભવાય છે. અહીં સાધક હળવો ફૂલ થઈ જાય છે. બિલકુલ નિર્ભાર. અને નિજાનન્દી. સહજાનન્દી...

નિર્ભારદશા કઈ રીતે અન્તરાત્મદશામાં (આત્માર્પણદશામાં) આવે છે, તેની વાત કરતાં પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું : 'આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ, સુજ્ઞાની; પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ...' આત્માર્પણદશાને વિચારતાં, અનુભવતાં બુદ્ધિમાં જે દોષો - વિકૃતિઓ - અહંકાર આદિની - ઊપજેલ છે, તે ટળી જાય છે. મોક્ષની સંપત્તિ ક્રમશઃ મળે છે. અને હમણાં તરત આનંદથી સઘન રસ - પરમ રસ, તે પુષ્ટ થયા કરે છે સાધકના હૃદયાંગણે.

• • •

---

(૨) સુમતિ જિન સ્તવન.

'ચિત્તદોષ આતમ-ભરમ, અંતર આતમ ખેલ...' પોતાની ભીતર ખેલવાનું. આનંદમય આવો મહેલ મળ્યો હોય ત્યારે કોણ બહિર્ભાવની ધૂળે મઢી, બળ-બળતી શેરીમાં જાય ?

'ચિત્તદોષ આતમ-ભરમ...' ન શરીર તે હું, ન ચિત્તની અશુદ્ધિઓ તે હું. રાગની પીડા કે દ્વેષની ગરમી, ઈર્ષાની લૂ કે અહમ્‌નો અસહ્ય તાપ : આ તો છે સંક્લેશ. હું આ બધાથી પર છું.

હું છું સાક્ષીભાવમાં ઓતપ્રોત સાધક. કર્તૃત્વની પીડા હવે થઈ છે છૂ. શરીર વ્યાધિથી ગ્રસ્ત હોય અને સાધક સુખ-સાતામાં હોય. સુખસાતા શબ્દની સરસ વ્યાખ્યા થઈ છે : વૈષયિક સુખોની સ્પૃહા અટકી ગઈ તે સુખસાતા.(૩) બહિર્ભાવમાં જવાનું દૂર થયું તે સુખસાતા.

મનમાં ક્રોધ ઊભરાતો હોય, એ કો'કના ભણી વહેતો હોય; તમે હો એથી ન્યારા... તમે તમારા ક્રોધને જોતા હો... ચિત્તના દોષ-ક્રોધને હું (આત્મા) માનવાની (મારો ક્રોધ... મારા શરીરની જેમ) ભ્રમણા તૂટી.

• • •

હવે પરમાત્માદશાનું વર્ણન : 'અતિ નિર્મલ પરમાતમા, નહિ કર્મકો ભેલ...' પરમાત્મદશા અત્યંત નિર્મળ છે, કર્મના કલંકથી સર્વથા વિપ્રમુક્ત. આ નિષેધાત્મક વ્યાખ્યાની પૂરક વિધેયાત્મક આનંદઘનીય વ્યાખ્યા આવી

---

(३) सुखस्य वैषयिकस्य शातः तद्गतस्पृहानिवारणेन अपनयनं सुखशातः ॥ उत्तराध्ययनसूत्र, लक्ष्मीवल्लभीय टीका, २९/२९

છે : 'જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની; અતીન્દ્રિય ગુણગણ મણિ આગરુ, ઈમ પરમાતમ સાધ...'[(૪)]

પરમાત્મા જ્ઞાન અને આનન્દથી પરિપૂર્ણ છે. કેવળજ્ઞાની પ્રભુ. પરમાનન્દમય પ્રભુ. પ્રભુ છે 'પાવનો'. પવિત્ર. નિર્મળ. કર્મો ગયા ને ! અને કર્મો ગયા તો બધી ઉપાધિ/પીડા પણ છૂ જ થઈ ને ! બુદ્ધિમાં ન સમાઈ શકે એવા અનન્ત ગુણોરૂપી મણિની ખાણ જેવા પરમાત્મા છે.

આવા પરમાત્મા સાધ્ય કોટિમાં છે સાધક માટે...

• • •

બહિરાત્મદશામાંથી અન્તરાત્મદશામાં આવેલ સાધક પરમાત્મદશાને પ્રાપ્ત કરવા માટે સાધનામાં લીન બને છે.

■

(૪) સુમતિ જિન સ્તવન-૪

૯

# આધાર સૂત્ર

*નરદેહાદિક દેખકે,*
*આતમજ્ઞાને હીન;*
*ઈન્દ્રિયબળ બહિરાતમા,*
*અહંકાર મન[1] લીન... (૯)*

મનુષ્યનો દેહ, ઈન્દ્રિયોનું બળ, ધન વગેરેને જોઈને આત્મજ્ઞાન વગરનો બહિરાત્મા અહંકારમાં લીન બને છે.

૧. મતિ, A - B - D - F

# ૯

## ભેદજ્ઞાનના બે માર્ગો

રમણ મહર્ષિને અન્તરાત્મદશાની પહેલી ઝલક માંદગીમાં મળેલી. માંદગી ગંભીર હતી. લાગ્યું કે મૃત્યુ નજીક આવી રહ્યું છે. થયું કે મૃત્યુને જોઈ લઈએ. અનુભવ થયો કે શરીર ઠંડું થઈ રહ્યું છે અને 'હું' તો અકબંધ છે. 'अहं ब्रह्मास्मि' નો આ પ્રથમ અનુભવ.

પછી તો, વિરુપાક્ષી મન્દિરના ભોંયરામાં દિવસો સુધી સમાધિ દશામાં રહેવાનું થયું. કીડીઓ ને જીવાતોએ સાથળને આરપાર વીંધી નાખી. ને છતાં કશો દેહબોધ જ નહોતો.

• • •

આ ભેદજ્ઞાન શી રીતે મળે ?

ગીતા કહે છે : 'वासांसि जीर्णाणि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।' વસ્ત્રો જૂનાં થાય એટલે ફેંકી દેવાય. આવું જ શરીર પ્રત્યે હોવું જોઈએ.

કેમ નથી થતું આમ ?

વસ્ત્રોને રોજ ચડાવવા, ઉતારવાનું થાય છે અને એથી શરીરથી ભિન્ન વસ્ત્રો છે આ વાત અનુભવનો વિષય બને છે.

જરૂર, શરીરનો વસ્ત્રની પેઠે ચડાવ-ઉતરાવ નથી થતો; પણ દેહભાવનો તો આ રીતે ચડાવ-ઉતરાવ થઈ શકે.

કઈ રીતે ?

અશુચિ ભાવના અને અનિત્ય ભાવનાને ઘૂંટો. એ ઘૂંટામણની આત્યન્તિક પળોમાં દેહભાવથી ઉપર ઉઠાશે.

એ સમયે જો સવારના નાસ્તાનો સમય થઈ ગયો હશે તો ગરમ નાસ્તો તૈયાર થતો હોય તેની સુગંધ અને ચાની સોડમ નાકમાં જશે. તમે નાસ્તો કરતી વખતે તેમાં આસક્ત બન્યા પણ હો.

હવે નાસ્તા પછી, શાન્તસુધારસનો સ્વાધ્યાય કરો. અર્થાનુપ્રેક્ષા પૂર્વક. 'भावय रे ! वपुरिदमतिमलिनम्...' તમે ત્યાં અટકશો. અશુચિ ભાવનાને પ્રગાઢ બનાવશો. થોડી ક્ષણો માટે, અલપ-ઝલપ, પેલું દેહભાવનું વસ્ત્ર અળગું થશે.

વારંવાર દોહરાવો આ પ્રક્રિયાને.

• • •

સ્વાધ્યાય-અનુપ્રેક્ષા-ભાવન-દેહાધ્યાસમુક્તિ એ એક માર્ગ છે. ભક્તિ-દેહાધ્યાસમુક્તિ એ બીજો માર્ગ છે.

બીજા માર્ગમાં પ્રાર્થનાને જ સઘન બનાવ્યા કરવાની હોય છે. પ્રભુ ! તું મને આત્મરતિ બનાવી દે ! મારે કાયરતિ તરીકે નથી જ રહેવું.

દેહના પાંજરામાં રહેલ સાધક દેહને સાચવી લે; પણ એ ધર્મ આરાધના માટે. દેહના પોષણ માટે તો નહિ જ.

મુનિરાજ ગોચરી આલોચતી વખતે જે ગાથા બોલે છે તે આ ભાવની દ્યોતક છે : अहो जिणेहिं असावज्जा, वित्ती साहुण देसिआ । मुक्खसाहणहेउस्स, साहु देहस्स धारणा ॥ અહો ! પ્રભુએ કેવી તો નિર્દોષ ભિક્ષાવૃત્તિ સાધકને બતાવી છે ! મોક્ષના સાધનરૂપ સાધુના દેહનું ધારણ તે વડે થાય, પરંતુ પાપ ન લાગે.

• • •

દેહાધ્યાસમુક્તિ માટેના બે માર્ગોની ચર્ચા આપણે કરતા હતા : સ્વાધ્યાય, અનુપ્રેક્ષા, ભાવન, દેહાધ્યાસમુક્તિ એ એક માર્ગ. ભક્તિ, દેહાધ્યાસમુક્તિ એ બીજો માર્ગ.

સ્વાધ્યાયમાં સૂત્રાનુપ્રેક્ષા અને અર્થાનુપ્રેક્ષા તમે કરશો.

જેમકે, શાન્તસુધારસનો આ સમશ્લોકી ગૂર્જર અનુવાદ :

સંસર્ગ જેનો લહીને તુરંત,
ચોક્ખા પદાર્થોય બને અશુદ્ધ;
તે મેલની ખાણ સમા શરીરમાં,
ચોક્ખાઈનો મોહ અહો ! અપૂર્વ...(૧)

અર્થાનુપ્રેક્ષા થયા પછી ભાવન થવું જોઈએ. આ શરીરમાં કેટલી ગંદ્કી ભરેલી છે અને કઈ રીતે તે નીકળી રહી છે.. એ ભાવન જેમ ઊંડું જશે તેમ દેહાધ્યાસ મુક્તિ થશે.

આ જ રીતે શરીર અનિત્ય છે એની અર્થાનુપ્રેક્ષામાં પહેલાં સરાય. પછી ભાવન અને દેહાધ્યાસમુક્તિ.

એના સ્વાધ્યાય માટે શાન્તસુધારસની આ કડીઓ :

વાયુકંપિત તૃણે ઉદકબિન્દુ જિસ્યું,
વિનય ! તું જાણજે જીવિત એહ....

એ પછીની આ હૃદયંગમ કડી :

જેની સાથે રમ્યા, જેમને બહુ નમ્યા,
જેની સાથે કર્યા પ્રીતિવાદ;
તેમની દેખીએ ભસ્મ તોયે છીએ,
સ્વસ્થ, હા ! ધિક્ અમારો પ્રમાદ....

(૧) ગૂર્જરાનુવાદક : પૂ. મુનિરાજ શ્રી ધુરન્ધર વિજય મહારાજ

તૃણબિન્દુ પર, કમલિનીના પાંદડા પર પાણીનું ટીપું... સહેજ હવાનો ઝકોરો અને તેનું ભૂમિપતન. આવું ક્ષણભંગુર આ જીવન. અને એ જીવન માટે કેટકેટલાની સાથે કેટકેટલા સંઘર્ષો ! શો અર્થ આનો ?

જેની સાથે રમ્યા, મસ્તી કરી, આનંદ માણ્યો; એની રાખ જોઈને પણ મારે જવાનું છે એ વિચાર નથી આવતો. આને શું કહેવું ?

આવું અનુપ્રેક્ષણ ભાવનના સ્તરે ઊતરશે. ભાવન એટલે ઘમ્મરવલોણું. હૃદયમાં ઊંડે સુધી આ વિચાર ઊતરે. આ ભાવન હૃદયકંપ કરી શકે છે. અને એટલે જ 'શાન્ત-સુધારસ' ગ્રન્થ કહે છે : 'भावय रे! वपुरिदमतिमलिनम्...' ભાઈ! તું ભાવન કર કે શરીર કેવું ગંદું છે... ત્યાં चिन्तय (વિચાર કર) કે श्रुणुत (સાંભળો) આવો શબ્દ પ્રયોગ નથી થયો. भावय... ચિત્તને ઝંકૃત કરનાર શબ્દ. ભાવન ઊંડું ને ઊંડું ઊતરશે. અને દેહાધ્યાસમાંથી મુક્તિ !

• • •

બીજો માર્ગ : પ્રાર્થના - દેહાધ્યાસમુક્તિ. એક હૃદયંગમ પ્રાર્થના છે :

પ્રભુ છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ,
કરુણાનિધિ ! અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ;
આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ,
ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો...[૨]

કેટલી સરસ પ્રાર્થના ! પ્રભુનાં ચરણોમાં ભક્તે પોતાની ઈચ્છા સાદર રજૂ કરી : આત્મતત્ત્વનો જ વિચાર સતત મારા મનમાં ચાલો !

---

(૨) પૂ. દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી સુવિધિનાથ જિન સ્તવના.

આત્મસ્વભાવની સ્મૃતિ સતત મારી ભીતર સળવળ્યા કરે. સ્મૃતિ પછી આત્મતત્ત્વનું ભાસન (દર્શન), વાસન (જ્ઞાન), ચરણ (આત્મચરણરૂપ ચારિત્ર) અને આત્મસ્વરૂપનું ધ્યાન આવશે.

'આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો...' સતત આત્મતત્ત્વનું સ્મરણ અને ધ્યાન ચાલતા હોય ત્યાં દેહાધ્યાસ ક્યાં રહી શકે ?

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ. દેહાધ્યાસ-મુક્તિ આ રીતે થાય એ તો પરમ સૌભાગ્યની વસ્તુ છે. પણ એ ન થાય તો આ જન્મના મૂલ્ય પર જ પ્રશ્નચિહ્ન લાગી જાય.

'નરદેહાદિક દેખકે, આતમજ્ઞાને હીન;
ઈન્દ્રિયબળ બહિરાતમા, અહંકાર મન લીન...'

પોતાના કહેવાતા સુન્દર શરીરને જોઈને અનાત્મજ્ઞ પુરુષ અહંકારને ઉભારે છે : હું કેવો રૂપાળો છું !

જે દેહ મોક્ષનું સાધન બની શકે તેમ છે; એને અહંકારનું સાધન બનાવવાની આ કેવી બાલિશ ચેષ્ટા !

શરીરનું સૌન્દર્ય એટલે શું ? કચરા પેટીનું બહારનું રૂપાળું કવચ જ કે બીજુ કંઈ ? અંદર શું છે ? સિવાય કે કચરો.

• • •

અષ્ટાવક્ર ઋષિ.

તેમના હાથ, પગ, મુખ, નાસિકા આદિ આઠ અંગો વાંકાં.

તેમની વિદ્વત્તાની પ્રશંસા સાંભળી સમ્રાટે પોતાની સભામાં તેમને આમંત્ર્યા. ઘણાં બધાં આમન્ત્રણ પછી એકવાર તેઓ સભામાં આવ્યા.

પહેલી જ વાર તેમને જોનાર સભામાં બેઠેલા પંડિતો હસી પડ્યા. પહેલાં તો હતું તેમના મનમાં કે ઋષિ કેવાય પ્રભાવશાળી હશે. આ તો કોથળીમાંથી બિલાડી નીકળી !

પંડિતો હસ્યા. ઋષિએ સામે સ્મિત વેર્યું. તેઓ જરાય હતપ્રભ બન્યા નહોતા. ઊલટું, તેમણે સમ્રાટનો ઊધડો લેતાં કહ્યું : આ તમારી પંડિતોની સભા છે કે ચમારોની સભા છે ? ચામડાને જુએ તે તો ચમાર કહેવાય. આ બધા ચમારોને કેમ અહીં ભેગા કર્યા છે ?

પંડિતોની હાલત તો એવી થઈ કે કાપો તો લોહી ન નીકળે. અને પછી ઋષિએ જ્ઞાનની એવી ઊંડી, તલસ્પર્શી વાતો કરી કે પંડિતો તેમનાં ચરણોમાં ઝૂકી પડ્યા.

• • •

'નરદેહાદિક દેખકે, આતમજ્ઞાને હીન...' મનુષ્યનો રૂપાળો કહેવાતો દેહ કે સંપત્તિ આદિને જોઈને અનાત્મજ્ઞ પુરુષ અહંકારમાં આળોટે છે. 'કેવું મારું રૂપ !'

સનત્કુમાર ચક્રવર્તી રૂપવાન હતા. રૂપનું અભિમાન પણ તેવું જ. એકવાર દેવસભામાં ઈન્દ્ર મહારાજે તેમના રૂપની પ્રશંસા કરી. એ પ્રશંસા પર અશ્રદ્ધા ધરાવતો એક દેવ પૃથ્વીલોક પર આવે છે. તે વખતે રાજા સ્નાનઘરમાં છે. તેલ વગેરે ચોળાઈ રહ્યું છે. પીઠી પણ દેહ પર રગડવામાં આવી છે.

બ્રાહ્મણના રૂપમાં દેવ ત્યાં આવ્યો. અને એનું રૂપ જોઈ માથું ધુણાવે છે : અદ્‌ભુત છે આ રૂપ !

ચક્રવર્તીએ પૂછ્યું : કેમ આવવું થયું ? 'તમારું રૂપ જોવા માટે.' 'અરે, અત્યારે મારું રૂપ શું દેખવાનું હોય ? મારું રૂપ તો હું નાહી-ધોઈ વસ્ત્રાલંકારોથી સજ્જ થઈ સભામાં આવું ત્યારે જોજો !'

સભામાં બેઠા પછી ચક્રીએ પૂછ્યું : 'કેમ, ભૂદેવ ! હવે કેવું રૂપ લાગે છે ?' પણ સ્વસ્થ એ શરીરમાં એક સાથે સોળ રોગ પેદા થયેલા એનો ચક્રીને ખ્યાલ નહોતો. દેવે એ જોયું અને કહ્યું : મહારાજ ! હું દેવ છું. તમારું રૂપ જોવા આવેલ. પણ મહારાજ ! અત્યારે તમારા શરીરમાં સોળ રોગો એક સાથે પેદા થયા છે. તમારે ખાતરી કરવી હોય તો તમારું થૂંક નીચે નાખી જુઓ. એમ કરતાં થૂંકમાં કીડાઓ જોયા.

આ દૃશ્ય. અને ચક્રવર્તી વિરાગી બની ગયા. તેમણે દીક્ષા લીધી.

• • •

રૂપના અહંકારમાં ગરકાવ ચક્રવર્તીએ શરીરને રોગોથી ઘેરાયેલું જોઈ દેહ પ્રત્યેની આસક્તિને તોડી નાખી.

અનાત્મજ્ઞ પુરુષ જેને જોઈને અહંકારી બને છે, તેને - તે દેહ આદિને જોઈને આત્મજ્ઞ સાધક વિરાગી બને છે.

■

## ૧૦
# આધાર સૂત્ર

*અલખ નિરંજન અકળ ગતિ,*
*વ્યાપી રહ્યો શરીર;*
*લખ સુજ્ઞાને આતમા,*
*ખીર લીન જ્યું નીર... (૧૦)*

અલક્ષ્ય (ન દેખાતો), નિરંજન (કર્મરૂપી અંજન - કર્મરૂપ કલંકથી રહિત) અને અકળ ગતિ (જેની ગતિ કળી ન શકાય) આત્મા શરીરમાં વ્યાપીને રહેલ છે. દૂધમાં પાણી વ્યાપીને રહે તેમ. સારા જ્ઞાન વડે આ તું જો !

[લખ = જો]

# ૧૦

## ‘નિર્વિકલ્પ રસ અનુભવે...’

હિન્દુ ગૃહસ્થને આંગણે આવીને સંન્યાસી આશિષ આપે છે : ‘અલખ નિરંજન.’ આપણી સાથે આપણું અનુસન્ધાન કરાવનાર કેવો આ સરસ મન્ત્ર ! તું અલખ (અલક્ષ્ય) છે, મહાનુભાવ ! તુ નિરંજન છે.

કેવો મઝાનો આ આર્ય દેશ !

આવા મઝાના મન્ત્રો જ્યાં વારંવાર સાંભળવા મળે.

મદાલસા સતી પોતાના પુત્રોને પારણામાં ઝુલાવતાં કહેતી : 'शुद्धोऽसि, बुद्धोऽसि, निरंजनोऽसि, संसारमायापरिवर्जितोऽसि.' મારા લાલ ! તું શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન છે; સંસારની માયાને પેલે પાર તું છે.

પારણામાં આવા શબ્દોને સાંભળનાર બાળક આત્મજ્ઞ ન બને તો જ નવાઈ ને !

'અલખ નિરંજન અકળ ગતિ, વ્યાપી રહ્યો શરીર.' આત્મા અલક્ષ્ય, નિરંજન, અકળ ગતિ; પણ એ શરીરમાં વ્યાપીને રહેલ છે. કહો કે કર્મની અધીનતાને કારણે આત્માને શરીરના પિંજરામાં પૂરાવું પડ્યું છે.

હૃદયદ્રાવક પંક્તિ છે ગીતની : 'પિંજરે કે પંછી રે, તેરા દરદ ન જાને કોય.'

અસીમ અવકાશમાં પાંખોને ફેલાવીને ઊડી શકે તેવું પંખી. ને એને નાના સા કાયાના પિંજરામાં કેદ થઈને રહેવું પડે તો...? કેવી તો આ વિવશતા !

• • •

'અલખ.'

આત્મા છે અલક્ષ્ય. ઈન્દ્રિયો અને મન તેને જોવામાં, પારખવામાં અસમર્થ છે. હા, એ રીતે અલક્ષ્ય હોવા છતાં એને અનુભવી શકાય છે.

શો છે માર્ગ આત્મપ્રતીતિનો ?

આ માર્ગની હૃદયંગમ ચર્ચા પૂજ્ય ચિદાનન્દજી મહારાજે તેમના 'સ્વરોદય વિજ્ઞાન' માં (૩૯૪-૯૭) કરી છે :

પંચમ ગતિ વિણ જીવકું,
        સુખ તિહું લોક મોઝાર;
ચિદાનન્દ નવિ જાણજો,
        એ મોટો નિરધાર...
ઈમ વિચાર હિરદે કરત,
        જ્ઞાન ધ્યાન રસ લીન;
નિર્વિકલ્પ રસ અનુભવે,
        વિકલ્પતા હોય છીન...
નિર્વિકલ્પ ઉપયોગમેં,
        હોય સમાધિ રૂપ;
અચળ જ્યોતિ ઝળકે તિહાં,
        પાવે દરસ અનૂપ...
દેખ દરસ અદ્ભુત મહા-
        -કાળ ત્રાસ મિટ જાય;
જ્ઞાન જોગ આતમ દશા,
        સદ્ગુરુ દિયો બતાય...
        કેટલો સરસ આ માર્ગ !

નિર્વિકલ્પ રસની અનુભૂતિ, સમાધિ, આત્મ સ્વરૂપનું દર્શન.

નિર્વિકલ્પ રસ શી રીતે પીવો ? વિધિ બતાવી : 'જ્ઞાન ધ્યાન રસ લીન, નિર્વિકલ્પ રસ અનુભવે.' અહીં માત્ર વિકલ્પો વિહોણી અવસ્થાની વાત નથી. નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પરની જ્ઞાન અને ધ્યાનની લીનતાની વાત છે.

નિર્વિકલ્પતા પોતે જ અદ્ભુત વસ્તુ છે, ત્યાં તેની પૃષ્ઠભૂ પરની જ્ઞાન-ધ્યાનની લીનતા તો અદ્ભુત-તમ વાત બનશે.

વિકલ્પો જ્યારે પાંખા - એકદમ પાંખા બને છે ત્યારે ઉપયોગ ભીતર વળે છે. ભીતરનો મધુમય ઝંકાર, એ વખતે, પૂરા અસ્તિત્વને ઝંકૃત બનાવી દે છે.

અંદર તો દિવ્ય આનંદનું અનોખું ઝરણું વહી રહ્યું છે. એ ઝરણાનો ખળખળ ધ્વનિ, એની ઠંડક કેટલું તો મઝાનું છે આ બધું !

ઝરણાને કાંઠે બેઠેલ માણસ પણ બાજુમાં જોરથી ઢોલ ઢબૂકતા હોય ત્યારે ઝરણાના ખળખળ ધ્વનિને સાંભળી શકતો નથી. પણ જ્યાં એ ઢોલનો અવાજ બંધ થાય ત્યારે...? આ જ સ્થિતિ સાધકની હતી. વિકલ્પોના ઢોલ-ધમાકાને કારણે ભીતરી ઝરણાનું સંગીત મણાતું નહોતું, હવે તે શક્ય બન્યું.

ત્યાર પછી, સ્વગુણ સ્થિતિમાં લસરવાનું થશે. 'જ્ઞાન ધ્યાન રસ લીન' જ્ઞાન અને ધ્યાનના રસમાં ઊંડે સુધી વિહરવાનું થશે.

નિર્વિકલ્પ રસ પોતે તો સરસ હતો જ. કારણ કે એ સ્વના રસમાં સહેજ ઝબોળાયો હતો. જ્ઞાનાદિમાં ઊંડે ઊતરવાથી એ રસ પ્રગાઢ બન્યો.

• • •

આ નિર્વિકલ્પતાની વધુ પ્રગાઢતા તે સમાધિ. સમયના ગાળા પર પણ વિકલ્પોના પાંખા પડવાનો લય લંબાશે અને ઊંડાણના સ્તર પર પણ. એ નિર્વિકલ્પ ઉપયોગમાં, સમાધિમાં શું ઘટે છે ? હૃદયંગમ વર્ણન અપાયું છે અહીં : 'અચળ જ્યોતિ ઝળકે તિહાં, પાવે દરસ અનૂપ.'

આત્મદર્શન. આત્મજ્યોતિનું આ દર્શન. જ્યોતિર્મય બનીને, સમાધિની દશાને પામીને થયેલું આ જ્યોતિર્મયનું દર્શન.

• • •

'પાવે દરસ અનૂપ...' આવું દર્શન તો ક્યારેય થયું નથી. બસ, હવે તો એને જ જોયા કરીએ તેમ થયા કરે... 'અધ્યાત્મ બિન્દુ' કહે છે તેમ તેને જ જોવાનો છે.[૧]

નરસિંહ ભગત આ અચલ જ્યોતિની વાત કરતાં કહે છે :

બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી,
અચળ ઝળકે સદા અનળ દીવો;
નેત્ર વિણ નીરખવો રૂપ વિણ પરખવો,
વણ જિહ્વાએ રસ સરસ પીવો...
નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો...

• • •

---

૧. किं मुग्ध ! चिन्तयसि काममसद्विकल्पां-
स्तद्ब्रह्मरुपमनिशं परिभावयस्व ।
यल्लाभतोऽस्ति न परः पुनरिष्टलाभो
यद्दर्शनाच्च न परं पुनरस्ति दृश्यम् ॥ २९ ॥

એ દર્શન થતાં જ તમે કાળવિજેતા બની ગયા ! 'દેખ દરસ અદ્‌ભુત મહાકાલ ત્રાસ મિટ જાય...' મૃત્યુનો ભય હવે ક્યાં રહ્યો ? મૃત્યુ એટલે માત્ર વસ્ત્ર-પરિવર્તન. વસ્ત્રને બદલતાં વાર કેટલી ? ને, જૂનું વસ્ત્ર કાઢી નવું પહેરતાં શોક કેવો ? કાળનો ત્રાસ ગયો. પર્યાયોને પેલે પાર રહેલ અચળ જ્યોતિ - શાશ્વત આત્મદ્રવ્યનું દર્શન થઈ ગયું. હવે પર્યાયોની બદલાહટથી રતિ-અરતિ કેવી ?

• • •

'નિરંજન.'

આત્મા કર્મ રૂપી અંજન-ડાઘથી રહિત છે. સિદ્ધશિલા પર આત્માનું જે સ્વરૂપ છે તે શુદ્ધ આત્મદશાનું છે.

શરીરમાં રહેલ અને મન વડે રાગ, દ્વેષ અને અહંકારમાં રાચનાર પુરુષ કર્મનાં પુદ્‌ગલોને ખેંચે છે અને આત્મપ્રદેશો પર તે કર્મરજ લાગવા દે છે. પરંતુ શુદ્ધ આત્મતત્ત્વ તો નિરંજન જ છે.

• • •

'અકળ ગતિ.'

જેની ચાલ ન સમજી શકાય તેવી હોય. પદાર્થોની ચાલનો અનાદિનો અનુભવ છે. આત્મગતિનો ક્યાં અનુભવ છે ?

જો કે, શ્રી અરવિન્દ તો કહેશે કે જડની ચાલ પણ આત્મગતિના ખ્યાલ પછી જ સમજાશે. 'સાવિત્રી' માં તેઓ કહે છે :

And life is filled with a spiritual joy,

And matter is the spirit's willing bride.

કવિશ્રી સુન્દરમે આનો સરસ અનુવાદ આપ્યો :

'અને જીવન આત્માના આનંદથી સભર્યું થાશે,

જડાત્મા પ્રકૃતિ થાશે સ્વેચ્છાથી આત્મની વધૂ.'

અને ત્યારે શું થશે ? શ્રી અરવિન્દ લખે છે : Even the body shall remember God. કેટલી અદ્‌ભુત વાત ! મન તો પ્રભુને સ્મરે જ છે, ને પ્રભુને જ સ્મરે. આત્માનું સહચર હોવાને કારણે શરીર પણ પ્રભુને સ્મરશે.

● ● ●

'અકળ ગતિ.'

તમે અનુભૂતિની-સ્વાનુભૂતિની ધારામાં આવો તો તમને આત્માની ગતિવિધિનો ખ્યાલ આવે. બાકી શરીર સુધી જ જેની દૃષ્ટિ સીમિત છે તેને આત્મગતિ-આત્મસ્વરૂપ ક્યાંથી સમજાવાનું ? માટે કહ્યું : 'લખ સુજ્ઞાને.' સારા જ્ઞાન વડે તું નિહાળ કે શરીરવ્યાપી આ આત્મતત્ત્વ દૂધમાં પાણી પેઠે વ્યાપેલું લાગે છે; પણ છતાં તે ભિન્ન જ છે.

■

## ૧૧

## આધાર સૂત્ર

*અરિ-મિંત્રાદિક[1] કલ્પના,*
*દેહાતમ અભિમાન;*
*નિજ-પર તનુ સંબંધ મતિ,*
*તાકો હોત નિદાન... (૧૧)*

દેહને વિષે આત્મતત્ત્વના અજ્ઞાનથી (અહંકારને કારણે થયેલ અજ્ઞાનથી) શત્રુ, મિત્ર વગેરેની કલ્પના થાય છે. આ પોતાનું ને આ પારકું એવો વિચાર પણ તનુ-સંબંધ-મતિ (શરીર જોડે જ સંબંદ્ધ, શરીર સુધી જ સીમિત બુદ્ધિ/દૃષ્ટિવાળો મનુષ્ય) કરે છે.

[તાકો = તેને]

૧. પુત્રાદિક, A - B - C - D - F

# ૧૧

## તમારું તમારામાં હોવાપણું

વિખ્યાત ચિત્રકાર પિકાસોને એમના મિત્રો એક ચિત્ર બતાવીને પૂછેલું : આ ચિત્ર તમે ચીતર્યું છે ? પિકાસો ધારી ધારીને જોઈને કહે છે : ના, આ મેં ચીતર્યું નથી.

મિત્ર હસી પડ્યો. એણે કહ્યું : આજે તમે બની ગયા ! આ ચિત્ર તમે પોતે જ દોર્યું છે, મારી નજર સમક્ષ... ને તમે કહો છો, મેં ચીતર્યું નથી.

પિકાસોએ તત્ત્વજ્ઞની અદાથી મસ્ત જવાબ આપ્યો : હું ચોવીસ કલાક થોડો હું હોઉં છું ? આ ચિત્ર દોર્યું ત્યારે હું નિજાનન્દમાં નહોતો. તેથી એ મેં દોર્યું છે એમ કેમ કહી શકાય ?

આ સન્દર્ભમાં એક સરસ પ્રશ્ન ભાવકને : તમે ખરેખર તમે કેટલો સમય હો છો ? અથવા એમ પૂછી શકાય કે તમે ચોવીસ કલાકમાં 'સ્વસ્થ' કેટલો સમય હો છો ?

સ્વસ્થતા. તમારું તમારામાં હોવાપણું.

આની સામે છે અસ્વસ્થતા.

અપેક્ષા → ઉત્સુકતા → અસ્વસ્થતા આ ક્રમ છે.[૧]

અપેક્ષા જાગી કે મને અમુક લોકો સારો માને. આ અપેક્ષા ભીતર ઉત્સુકતાને પ્રગટાવશે. મનમાં સળવળાટ આ અંગે થયા કરશે. એ સંબંધિત લોકોને પૂછશે : અમુક લોકો મારે માટે શું માને છે ? તેઓ મારા પ્રવચન કે સંભાષણથી પ્રભાવિત થયા છે ? જવાબ 'હા'માં આવશે તો રતિભાવની અસ્વસ્થતા. 'ના'માં જવાબ આવ્યો તો અરતિભાવની અસ્વસ્થતા.

-પણ—

નિઃસ્પૃહ થઈ જવાયું તો...? તો મઝા જ મઝા. સ્વસ્થતા...

અહીં ક્રમ આવો થશે : અપેક્ષાહીન દશા → ઉત્સુકતાનો અભાવ → સ્વસ્થતા.

---

(૧) नैरपेक्ष्यादनौत्सुक्य - मनौत्सुक्याच्च सुस्थता ।
सुस्थता च परानन्द - स्तदपेक्षां क्षयेन्मुनिः ॥
– योगसार

હોવાપણું. Being.

આખરે, કોઈપણ સાધક પરમાં કેમ જાય છે ? પરમાં જવાય ને અસ્વસ્થ બની જવાય. પણ પરમાં જવાનું શા માટે થાય છે ?

પોતાની પરિપૂર્ણતાનો આભાસ/અનુભવ થયો નથી, ત્યારે આ કે પેલા દ્વારા પોતાના અહંકારને પરિપૂર્ણ કરવાની દિશામાં વળી જ જવાય.

કોઈ યાત્રિક સાંજ સમયે, જમીને કોઈ તીર્થની ધર્મશાળામાં ગયો. હવે સવાર સુધી તેને બહાર નીકળવાનું કોઈ પ્રયોજન નથી. કારણ કે તેની રૂમમાં ટોઈલેટ, પાણી વગેરેની સુવિધા છે.

પણ જૂના યુગની ટોઈલેટ વિનાની રૂમ હશે તો તેને દેહચિન્તા માટે બહાર આવવું પડશે.

આ જ રીતે, સાધક પોતાની ભીતર અપૂર્ણતાને મહેસૂસ કરે છે ત્યારે પર દ્વારા પૂર્ણતા મેળવવા તે ફાંફાં મારે છે.

તમે સ્વયં પરિપૂર્ણ છો, મિત્ર ! અનન્ત આનન્દ તમારી ભીતર જ છે. એ આનન્દને માણો ! બીજા કશાથી રતિભાવ મેળવવાની તમારે જરૂર નથી.

ભીતરી આનંદનો અનુભવ થયો ત્યાં સંયોગજન્ય રતિભાવ ક્યાં રહેવાનો ?

• • •

એક સરસ વ્યાખ્યા છે : સંયોગજન્ય છે રતિભાવ. અસંયોગજન્ય છે આનન્દ.

મનભાવન પદાર્થો અને વ્યક્તિઓનો સંયોગ રતિભાવને નીપજાવશે. અણગમતા પદાર્થો આદિનો સંયોગ અરતિભાવ નીપજાવશે.

અસંયોગજન્ય છે આનન્દ.

પ્રભુના, સદ્‌ગુરુના કે ગુણીજનના ગુણોને જોવા, પ્રશંસવા એ બધું અસંયોગમાં આવે છે. કારણ કે એ બધું સાધકને સ્વગુણની ધારામાં મૂકે છે.

અહીં એક મઝાનું સૂત્ર મળે છે : અસંયોગ બરોબર પરમયોગ.

• • •

આ પ્રશ્નને લઈને યાત્રા શરૂ કરી હતી : તમે ખરેખર કેટલો સમય તમે હો છો ?

રાજા ફિલીપની પાસે એક સૈનિકને લાવવામાં આવ્યો. કામના બોજને કારણે રાજા થોડાક સુસ્ત હતા. ઝપકી આવતી'તી. અધિકારીએ આરોપી સૈનિકના ગુના અંગે કહેલી વાત, નિદ્રામાં હોવાને કારણે, રાજાએ પૂરી સાંભળેલી નહિ. અને આદતવશ, ચુકાદો આપી દીધો : આને ફાંસીને માંચડે ચડાવી દો !

સૈનિક હિમ્મતવાળો હતો. એણે કહ્યું : હું આગળ અપીલ કરીશ. અધિકારીને અને રાજાને હસવું આવ્યું : જ્યારે સમ્રાટ જ ન્યાયતંત્રના અધ્યક્ષ છે, અને એણે મૃત્યુદંડ આપ્યો છે, તો આગળ એવી કઈ સત્તા છે જ્યાં અપીલ કરી શકાય ?

સમ્રાટ પૂછે છે : ક્યાં કરશે અરજી તું ? આરોપી ઝૂકીને, વિનયથી કહે છે : જાગતા સમ્રાટ ફિલીપ આગળ.

ને ફિલીપે તરત જ એનો મૃત્યુદંડ રદ કર્યો. ફરીથી સાવધાની સાથે તેના ગુનાની વાત સાંભળી. વીગતવાર વાત સાંભળતાં તેને લાગ્યું કે ખરેખર સૈનિકનો ગુનો એવો મોટો નહોતો. ગુનાના પ્રમાણમાં સામાન્ય સજા ફરમાવી તેને છોડી દીધો.

• • •

તમે અત્યારે તમે છો ? સ્વસ્થ, આત્મસ્થ છો ? જવાબ હામાં હોય તોય કેટલી સાવધાની જોઈશે ! કારણ કે તમારા હોવાપણાને નંદવાતાં વાર કેટલી લાગવાની ? એક ચીજ સામે આવી. તમને એ ગમી ગઈ. રાગ અંગ-અંગમાં વ્યાપી ગયો. શું થયું ? તમારી સ્વસ્થતા ચુકાઈ ગઈ. અપેક્ષા જાગી. સ્વસ્થતા હણાઈ.

પરંતુ રાગ તમારા ચિત્તનો કબજો લેવા જઈ રહ્યો હોય ત્યારે તમે ભાવના દ્વારા રાગને ઉડાવી દો તો...! તો તમારી સ્વસ્થતા અકબંધ રહી શકે.

આંખ મિચૌનીની આ રમત ચાલ્યા જ કરે છે. તમારી જાગૃતિ સહેજ ઓછી પડી કે વિભાવનું ભૂત તમારા પર સવાર ! તમે જાગો કે ભૂત ભાગે !

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ : 'અરિ-મિત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન; નિજ-પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન.' દેહને વિષે હું-પણાનું અભિમાન થવાથી હુંનો વિરોધી તે દુશ્મન રૂપે, હુંને અનુકૂળ તે મિત્ર રૂપે છે; આવી કલ્પના શરૂ થાય છે.

કેન્દ્રબિન્દુ જ ગડબડાયેલું હોય તો તેના આધારે થયેલાં બધાં સમીકરણો ખોટાં નહિ પડે ?

દેહમાં હુંપણું... જેમાં હું છે જ નહિ, તેમાં હું-ભાવ. કેન્દ્રબિન્દુ જ ખોટું થયું. હવે મિત્ર અને શત્રુનાં સમીકરણોનો શો અર્થ રહે ?

આત્માને વિષે આવેલ હું-ભાવ એ જ સાચું કેન્દ્રબિન્દુ. હવે સમીકરણ આવું હશે : પરમાં જવું તે મારા માટે ખતરનાક. સ્વમાં વિહરવું તે મારે માટે વરદાન રૂપ.

અન્તર્લીન દશા જોઈએ, બહિર્લીન દશા ન ખપે.

• • •

'નિજ-પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન...' તનુ સંબંધ મતિ, શરીર સુધી સીમિત દષ્ટિ/બુદ્ધિવાળો મનુષ્ય પોતાને અનુકૂળ વ્યક્તિત્વો આદિને પોતીકા રૂપે અને પોતાને પ્રતિકૂળ વ્યક્તિત્વો આદિને પરાયારૂપે, 'નિદાન' - નિશ્ચિતરૂપે, સ્વીકારે છે.

સામાન્ય મનુષ્ય ખાનાવાળો માણસ છે. એ જીવસૃષ્ટિ અને પદાર્થસૃષ્ટિને બે ખાનામાં વહેંચે છે : આ સારો-સારું, આ ખરાબ.

સાધક છે ખાના વગરનો માણસ. એને ચૈતન્ય પર છે મૈત્રીભાવ. જડ પ્રત્યે છે ઉદાસીન ભાવ.

■

## ૧૨
## આધાર સૂત્ર

*દેહાદિક આતમ-ભ્રમે,*
*કલ્પે નિજ-પર ભાવ;*
*આતમજ્ઞાની જગ લહે,[1]*
*કેવળ શુદ્ધ સ્વભાવ... (૧૨)*

દેહ આદિમાં આત્માના ભ્રમવાળો મનુષ્ય આ પોતાનું ને આ પારકું એવા ખ્યાલો કરે છે. જ્યારે જગતમાં રહેલ આત્મજ્ઞાની પુરુષ આત્માના શુદ્ધ સ્વરૂપ પર જ દૃષ્ટિ સ્થાપે છે.

૧. લગે, A    લખે, B - D - F

# ૧૨

તમે છો અમલ,
અખંડ, અલિપ્ત

સ્પેનિશ કવિ લૉર્કોની એક કવિતાની વાત ભોળાભાઈ પટેલ 'શાલભંજિકા' (પૃ. ૧૨૨) માં કરે છે :

If I die, keep the balcony open. (જ્યારે મારા મૃત્યુની પળ આવે ત્યારે ઝરૂખો ખુલ્લો રાખજો.)

અને પછી, એ કાવ્યપંક્તિઓ સાથે ઓતપ્રોત થતાં ભોળાભાઈ લખે છે : હું આંખોમાં છેલ્લે શું ભરી લેવા માગું છું ? કંઈ નહિ, બાલ્કની ખુલ્લી રહે તોય બસ. ખુલ્લા આકાશને જોઉં, જેમાં ક્યાંક વિલીન થઈ જવાનું છે. મોકળાશ. અંત સમયે મોકળાશ. 'If I die.'

દેહમાં આત્મબુદ્ધિ હતી, તે ગઈ. મરણ-ભય હવે ક્યાં રહ્યો ? ચૈતન્યના ખુલ્લા અવકાશમાં વિહરવાની મઝાની આ ઘડી. દેહના પિંજરમાંથી મુક્તિ.

જોકે, દેહમાં રહેવા છતાં, 'દેહ તે હું છું' આ બુદ્ધિ ન રહે તો તમે વિરાટ ચૈતન્યના અવકાશમાં જ છો.

અને ત્યારે શું થશે ? પ્રસ્તુત કડીનો નિષેધાત્મક અનુવાદ આવો થશે. દેહમાંથી હુંપણાની બુદ્ધિ નીકળી ગઈ તો આ પોતીકું અને આ પારકું આ ભાવ મનમાં રહેતો નથી.

દેહ તે હું રહેશે ત્યારે કે સૂક્ષ્મ હુંને હું માનશું ત્યારે એને અનુકૂળ વ્યક્તિત્વો ને પદાર્થો સારા લાગશે, અને એને પ્રતિકૂળ વ્યક્તિત્વો ને પદાર્થો ખરાબ લાગશે.

પણ, કેન્દ્રબિન્દુરૂપ શરીર અને સૂક્ષ્મ હું ગયું તો... ? 'ન રહે બાંસ, ન બજે બાંસુરી...'

• • •

મુસ્લિમ સંત હરિદાસ. જન્મે મુસ્લિમ, પણ કૃષ્ણભક્તિના રંગે રંગાયેલા. કદાચ જન્માન્તરીય પ્રભુપ્રીતિની ધારામાં વહી આવેલું વ્યક્તિત્વ હશે.

તેઓ કૃષ્ણભક્તિના રંગે રંગાયેલ પદો ગાય ત્યારે ભલભલા ડોલી ઊઠે.

પ્રભુનું સ્મરણ...

પ્રભુનું ગાન...

આ ક્ષણો કેવી મઝાની હોય છે ?

શ્રી ભગવતીકુમાર શર્મા એક ગીતમાં કહે છે :

હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી,
મંગળ વેળા વરતી પૂરણ માણવી...
હરિને સ્મરવાનું મુહરત ન નીકળે,
રુદિયે હરિ સાંભર્યા એ પળ ઝળહળે;
હોઠે હોય ભલે વજ્જર સાંકળો,
આતમ બોલે આતમરામ સાંભળે...
હરિની પદ્મ-અંકિત પગલી પરમાણવી,
હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી...

• • •

સંત હરિદાસની કૃષ્ણભક્તિ પરક સંગીતના સન્દર્ભમાં કો'કે બાદશાહના કાન ભંભેર્યા : મુસલમાન હોવા છતાં કાફિરોના ભગવાનની તેઓ સ્તુતિ કરે છે.

બાદશાહે સંતને કહ્યું : હવેથી કૃષ્ણની સ્તુતિ નહિ કરતા.

સંત હસે છે : હું એકની જ આજ્ઞા માનું છું, અન્તર્યામીની. મારા પ્રભુની. બાદશાહ ગુસ્સે થયા : મારી આજ્ઞાનો અનાદર ?

બાદશાહે ગુસ્સે થઈ ચાબુક ફટકારવાનો હુકમ આપ્યો. ચાબુકો ફટકારવામાં આવી : પચીસ, પચાસ... ચાબુક ફટકારનારે જિંદગીમાં આવી વ્યક્તિ નહિ જોયેલી. લોહીલુહાણ થયા સંત. પણ ચહેરા પર એ જ આનંદ. બેભાન થઈને સંત પડી ગયા. બેભાન થઈ ગયા. ચાબુક ફટકારનારને લાગ્યું કે સંતનો દેહ પ્રભુશરણ થઈ ગયો છે. બાદશાહની આજ્ઞા પ્રમાણે સંતના દેહને નદીમાં પધરાવ્યો.

સંત જીવંત હતા. નદીમાં આગળ કો'કે એમને જોયા. શરીરમાં હલન-ચલન થતું જોઈ બહાર કાઢ્યા. ઔષધોપચારથી તેઓ સ્વસ્થ બન્યા. અને દિલ્હીમાં પોતાની જગ્યાએ આવી ગયા.

બાદશાહે આ સાંભળ્યું ત્યારે એમને નવાઈ લાગી. સંતની માફી માગવા વિચાર્યું. સંતને કહ્યું : મારા અપરાધની ક્ષમા આપો !

સંતે સરસ જવાબ આપ્યો : અપરાધ હોય તો ક્ષમા હોય ને ! આ તો મારા પ્રભુએ મારા સમભાવની કસોટી કરી હતી. તમે તો માત્ર નિમિત્તરૂપ છો.

દેહબોધ સંતનો ગયો હતો અને એટલે જ દેહને ફટકારવાની સજા ફરમાવનાર પ્રત્યે પણ ક્રોધ આવતો નથી.

• • •

કડીને ગુનગુનાવીએ : 'દેહાદિક આતમ-ભ્રમે, કલ્પે નિજ-પર ભાવ...' દેહ આદિમાં જેને હુંની ભ્રમણા થઈ ગઈ એ પોતીકાપણા ને

પરાયાપણાની વિચારધારામાં વહેશે. દેહને અનુકૂળ અથવા સૂક્ષ્મ હું (અહંકાર) ને અનુકૂળ તે પોતીકું, તેને પ્રતિકૂળ તે પરાયું.

કેન્દ્રબિન્દુ જ ગુપચાઈ ગયું. હવે કેન્દ્રબિન્દુ સુલઝાઈ જાય તો...? 'આતમજ્ઞાની જગ લહે, કેવળ શુદ્ધ સ્વભાવ.' આત્મજ્ઞાની સાધક, આ જગતમાં રહેવા છતાં, માત્ર શુદ્ધ સ્વભાવને જ પામે છે, જુએ છે.

સાચું હું પકડાઈ ગયું. હવે તેના સ્વરૂપના સન્દર્ભમાં બે ધારા પકડી શકાય : સ્વગુણની ધારા અને સ્વરૂપની ધારા.

પ્રારંભિક સાધક પહેલાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ સ્વગુણની ધારામાં વહેશે. જાણવાનું થશે અને નિર્લેપ દશા હશે એ થશે એનો જ્ઞાતાભાવ. જોવાનું હશે અને દૃશ્યો સાથે ચેતનાને ભેળવવાની નહિ હોય આ છે દ્રષ્ટાભાવ.

સ્વગુણની ધારા અભ્યસ્ત થયા પછી સ્વરૂપની ધારામાં. 'અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ...' આત્માનું સ્વરૂપ છે અમલ. નિર્મલ. રાગ-દ્વેષથી રહિત.

અમલ સ્વરૂપનો અનુભવ આ રીતે થાય : રાગ, દ્વેષનો કચરો આછરેલો હોય, તળિયે બેઠેલ હોય ત્યારે ભીતર રહેલ શાન્તિનો અનુભવ પ્રગાઢ રીતે થાય છે. કદાચ દ્વેષ આવી ગયો તો પણ હું એને જોનાર છું, કરનાર નહિ આ અનુભૂતિ ચાલે તોય અમલ દશાને અનુભવી શકાય.

• • •

અખંડ ચૈતન્ય દશાનો અનુભવ. ભીતરી ધારા અખંડ રૂપે ચાલ્યા કરે જ છે. વિકલ્પો એ ધારાને તોડે છે. સાધક વિકલ્પોને આવતાં રોકી ન શકે તોય એમને જોવાનું તો કરી જ શકે અને એ રીતે અખંડ ચૈતન્ય દશાની ઝલક મેળવી શકે.

• • •

અલિપ્ત દશાનો અનુભવ.

કર્મની રજકણો, અણુઓ રાગ-દ્વેષથી યુક્ત આત્માની ચીકણી સપાટી પર લાગે છે. પણ નિર્મલ સપાટી પર અને નિર્વિકલ્પ આત્મદશા પર કર્મની રજ ક્યાંથી લાગે ?

• • •

'આતમજ્ઞાની જગ લહે, કેવળ શુદ્ધ સ્વભાવ...' આત્મજ્ઞાનીને પોતીકાપણું કે પરાયાપણું ક્યાંય નથી. તે તો માત્ર બધે સ્વભાવ દશા જુએ છે : પોતાનામાં પણ, અન્યોમાં પણ.

અને એટલે જ, એને બધે પૂર્ણતાનો અનુભવ થાય છે.

■

## ૧૩
# આધાર સૂત્ર

*સ્વ-પર વિકલ્પે વાસના,*
*હોત અવિદ્યારૂપ;*
*[1]તાતેં બહુરી વિકલ્પમય,*
*ભરમજાલ અંધકૂપ... (૧૩)*

સ્વ અને પરના વિકલ્પયુક્ત વાસના (પરમાં સ્વત્વની બુદ્ધિ) અવિદ્યા છે. આ બહુ વિકલ્પમય ભ્રમજાળરૂપ અંધકારમાં જે મનુષ્યો પડે છે, તે દુખે કરી તેમાંથી બહાર નીકળી શકે છે.

[તાતેં = તેથી]
[બહુરી = બહુ]
[ભરમજાલ = ભ્રમજાળ]

૧. તાતેં બહુર વિકલ્પ ઈમ, A - B - C - D - F

# ૧૩

## ખાલી થઈને ભરાઈ જવું

યુસ્પેન્સ્કી નામાંકિત વિદ્વાન. સાધના-માર્ગની અદમ્ય ઝંખના જાગી. તે દિવસોમાં સાધનાચાર્ય તરીકે ગુર્જિએફનું નામ ટોચ પર હતું. યુસ્પેન્સ્કી તેમની પાસે ગયા અને વિનંતી કરી : મને સાધનામાર્ગની દીક્ષા આપો !

ગુર્જિએફે કહ્યું : તેં આજ સુધી કેટલો અભ્યાસ કર્યો છે તેની નોંધ એક કાગળ પર મને આપ. પછી આગળનું વિચારીએ.

યુસ્પેન્સ્કી પોતાની રૂમમાં ગયા. કાગળ લીધો મોટો. ઘણું બધું ભણેલ છે ને પોતે ! કાગળ ભરાઈ ગયો, પણ ઘણી વીગતો બાકી હતી. કાગળની પાછળની બાજુ પણ ભરી કાઢી. પરંતુ છેલ્લી વીગતો લખતાં હાથ ધ્રૂજી જાય છે : ગુર્જિએફ જેને વિદ્યા કહી શકે એવી આ સૂચિ ખરી ? મારી પાસે તો છે માત્ર અહંકાર. અહંકાર સાથેની વિદ્યાને યોગાચાર્યો વિદ્યા કહે ખરા ?

કાગળ તેમણે ફાડી નાખ્યો. લાગ્યું કે માત્ર અવિદ્યા જ પોતાની પાસે છે. ગયા ગુર્જિએફ પાસે. કહ્યું : આપના જેવા યોગાચાર્ય જેને વિદ્યા કહે એવું કશું જ મારી પાસે નથી. હું તો અવિદ્યાથી ઘેરાયેલ વ્યક્તિ છું.

ગુરુને આટલું તો જોઈતું હોય છે : તમારું ખાલી થઈ જવું.

યુસ્પેન્સ્કી ગુર્જિએફ દ્વારા સાધના માટે સ્વીકૃત બન્યા.

• • •

સાધક ખાલી થઈ જાય - વિભાવોથી, એ તો મહત્ત્વપૂર્ણ ઘટના છે જ. કદાચ સાધક ખાલી ન થઈ શકે તે રીતે, તો ગુરુ તેને ખાલી કરી આપશે.

સાધક હિન્દુ ગુરુ પાસે ગયો. તેણે વિનંતિ કરી : ગુરુદેવ ! મને સાધના-દીક્ષા આપો ! ગુરુએ જોયું કે સાધકનું હૃદય 'પોતાને ઘણું બધું આવડે છે' એવા અહંકારથી ભરેલું હતું. કદાચ દેખાદેખીથી કે ગુરુ પર પ્રભાવ પાડવા માટે તે આવ્યો હશે. ગુરુને થયું કે આમાં સાધના આપવી શી રીતે ? અને અપાય તો ટકે શી રીતે ?

ગુરુ મઝાના માણસ હતા. એમણે કહ્યું : પહેલાં ચા તો પી ! ગુરુ પોતે કીટલી હાથમાં લઈ ચા એની સામે મૂકેલ કપ-રકાબીમાં રેડે છે. કપ ભરાઈ ગયો ચાથી. ગુરુએ રેડવાનું ચાલુ રાખ્યું. રકાબી પણ ભરાઈ ગઈ. અને ગુરુએ ચા રેડવાનું ચાલુ રાખ્યું. જાજમ પર ચા ઢોળાવા લાગી. પેલો કહે : ગુરુજી, ગુરુજી ! ચા જાજમ પર ઢળે છે.

ગુરુ કરે : તને ખ્યાલ આવ્યો ? કપ-રકાબી ભરાઈ ગયા અને ચા રેડીએ તો એ જાજમ પર ઢળે. તારું હૃદય અહંકારથી ભરાયેલું છે, એમાં હું સાધના નાખીશ તો એ ક્યાં જશે ?

શિષ્ય સમજી ગયો. ખાલી થયો. ગુરુએ સાધના આપી.

• • •

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ મહામહિમ શ્રી મહાવીર પ્રભુની સ્તવનામાં કહે છે : 'લોકની રીતમાં ઘણુંય રાતો...' રીતિ/પદ્ધતિ લોકની જ પકડાઈ. સાધના પ્રભુની, એ ઝીલવાની પદ્ધતિ લૌકિક. કેમ ચાલશે આ ? લોકોત્તર સાધના પદ્ધતિ માટે રીત પણ લોકોત્તર જ જોઈશે ને ?

લૌકિક રીતભાતો... ખોટાં સમીકરણો. તમારાં એ જૂનાં સમીકરણોને પહેલાં ઉડાવવાં જ પડે.

પ્રસિદ્ધ સિતારવાદક પાસે વિદ્યાર્થી ગયો. કહ્યું : આટલું શીખીને આવેલ છું, પણ મારે હવે આપની પાસે શીખવું છે. ફી કેટલી ?

'મહિને પચાસ ડોલર'.

'સારું'. તે બેઠો. ત્યાં જ એક નવો શિક્ષાર્થી આવ્યો; જેને સંગીતની સા-રે-ગ-મનો પણ ખ્યાલ નહોતો. સિતારવાદકે તેને મહિનાની પચ્ચીસ ડોલરની ફી કહી.

'સર, આવું કેમ ? હું શિક્ષિત છું, છતાં મારી ફી વધુ કેમ ?' પહેલાએ પૂછ્યું. ગુરુએ કહ્યું : 'મારી પદ્ધતિ સાવ ભિન્ન છે. તું જે ભણ્યો છે, તે મારે ભુલાવવું પડશે. તારી બમણી ફી આ માટે છે.'

જૂનું ભૂલવું જરૂરી છે; નહિતર શું થશે કે ગીત તો હશે આ અને સૂરની બંદીશ હશે જૂની. શો અર્થ હશે એનો ?

• • •

'લોકની રીતમાં ઘણુંય રાતો...' લોકેષણા... પ્રભુની સાધના લોકોને રીઝવવા માટે ઉપયોજાઈ જશે. જે સાધના અહંકારને શિથિલ બનાવવા માટે વાપરવાની હતી, તે જ અહંકારને પુષ્ટ બનાવવા વપરાય આથી વધુ મોટો વિનિપાત કયો હોઈ શકે ?

સાધના પરનું પોતાનું કૃતિત્વ આટોપી લેવાય તો પરિણામ સરસ મળી શકે. સામાન્યતયા શું થાય છે કે સાધનાને સાધના રૂપે સન્માનવાને બદલે એ પોતાના દ્વારા થઈ છે એ રૂપે એને મહત્ત્વ આપવાનું મન થાય છે. 'મેં કરી આ સાધના... મેં કર્યો આ જપ, તપ...' ત્યાં જપ, તપ કે સાધના કરતાં 'હું' મોટો બની જાય છે : મેં કર્યું...

પરિણામ સરસ મેળવવા માટે સામે છેડે જવું જોઈએ : પ્રભુની સાધના પ્રભુએ કરાવી... સાધના કરતાં હોઈએ અને હૃદય ભીનું, ભીનું થયેલ હોય : મારા પ્રભુએ કેવી સરસ સાધના બતાવી છે. પ્રભુ અને સદ્‌ગુરુ સાધનાના પૂરા ફલક પર એટલા તો વિસ્તર્યા હોય કે 'હું'ને એ સપાટી પર રહેવાની જગ્યા જ ન રહે.

• • •

જ્ઞાનસાર પ્રકરણે અવિદ્યાની સચોટ વ્યાખ્યા આપી છે : અનિત્યને વિષે નિત્યતાની કલ્પના, અપવિત્ર પદાર્થને વિષે પવિત્રતાની કલ્પના અને અનાત્મ તત્ત્વમાં આત્મ તત્ત્વની કલ્પના તે અવિદ્યા.[1]

શરીર કેવું તો ક્ષણભંગુર, કેવું તો ગંદું અને પુદ્ગલોથી બનેલ; તેમાં કેવી કેવી ભ્રાન્ત ધારણા સામાન્ય જન રાખે છે !

નામ-રૂપનો બનેલ પોતે ક્યારેય જાણે કે મરણધર્મા ન બનવાનો હોય તેમ તે વર્તે છે !

પળે પળે, ઠેક-ઠેકાણેથી જેમાંથી ગંદકી વહી રહી છે, તેને પવિત્ર માનવાની ભ્રમણા એ જ પૌદ્ગલિક દેહમાં હુંપણાની બુદ્ધિ...

આ જ તો અવિદ્યા છે ને !

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને વાગોળીએ : 'સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યારૂપ.' પરમાં સ્વત્વનો વિકલ્પ એ અવિદ્યા... અહીં વાસના શબ્દ મહત્ત્વનો છે.

વિકલ્પ રેતમાં દોરેલ લીટી જેવો પણ હોઈ શકે અને શિલા પર કોતરેલ લીટી જેવો પણ હોઈ શકે.

જે વિકલ્પે ભીતર મૂળિયાં નથી બાંધ્યાં, એ વિકલ્પ સાધના માર્ગને બહુ નુકશાન નહિ કરી શકે. આવ્યો, આવ્યો ને ગયો... પરંતુ જે વિકલ્પે મૂળિયાં નાખી દીધાં અસ્તિત્વની સપાટી પર, તે વિકલ્પ સાધના માર્ગને દૂષિત કરશે.

---

(१) नित्यशुच्यात्मताख्याति - रनित्याशुच्यनात्मसु । -ज्ञानसार, १४/१

જેમ કે, એક વ્યક્તિ પર, એના કોઈ કર્તવ્યને કારણે સહેજ તિરસ્કાર થયો; પણ એ વાસનાના સ્તર પર ન ગયેલો હોય તિરસ્કાર, તો દૂર થઈ શકે છે. એ વ્યક્તિમાં રહેલ અનેક ગુણોનું દર્શન તિરસ્કારને પ્રમોદભાવમાં ફેરવી શકે છે.

પરંતુ કોઈ વ્યક્તિ પ્રત્યે હાડો-હાડનો તિરસ્કાર થઈ ઉઠ્યો તો...? ત્યારે એ તિરસ્કાર એવો જડમૂળ બની જશે કે એના બીજા ગુણોની વિચારણા એ તિરસ્કારને શિથિલ નહિ બનાવી શકે.

અહીં થાય છે એ કે તિરસ્કાર ભીતરના સ્તર પર છે અને પ્રમોદ ભાવ ઉપરના-વિચારના સ્તરે છે.

એક ભાવ વિચારના સ્તરે.

બીજો ભાવ વાસનાના સ્તરે... એ ભાવ હૃદયને, અસ્તિત્વને પૂરો પૂરો વાસિત કરી ગયેલ હોય...

'સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યા રૂપ; તાતેં બહુરી વિકલ્પમય, ભરમજાલ અંધકૂપ...' આવા વાસનારૂપ વિકલ્પો ઘણા બધા અસ્તિત્વને ઘેરી વળેલા હોય ત્યારે ભ્રમણાના અંધકૂપમાં જ પડવાનું થાય છે.

• • •

'સ્વ-પર વિકલ્પે...'

સ્વાર્થ ખાનાં પાડે છે : આ અનુકૂળ, માટે પોતીકું; આ પ્રતિકૂળ, માટે પરાયું. ઈન્દ્રિયોને અનુકૂળ વિષયો આપવા છે અને મનને ગમે તે કરવું છે.

નિસ્સંદેહ, રાગની ધારા અજસ્ર ચાલ્યા કરશે. તેમાં રુકાવટ કરનાર પ્રત્યે દ્વેષની ધારા પણ ચાલશે.

આ છે અવિદ્યા. તમારી ઈષ્ટ અને અનિષ્ટની ધારણા જ જો ભ્રાન્ત છે, તો એ પછી રચાયેલ સમીકરણોમાં કોઈ સચ્ચાઈ હોઈ શકે ખરી ? બે ગુણ્યા બે બરોબર પાંચનું સમીકરણ જેને આપેલ હોય તે કૅલ્ક્યુલેટર જે દાખલા ગણી આપે તેમાં સચ્ચાઈ કેટલી હોઈ શકે ?

ઉપનિષદનું પ્રસિદ્ધ સૂત્ર યાદ આવે : 'असूर्या नाम ते लोका, अन्धेन तमसावृताः'.... 'अन्धेन तमसा...' માત્ર તમસ્ નહિ, ગાઢ તમસ્. તમસ્થી આવૃત ભીતરનો પ્રદેશ. પ્રકાશની સંભાવના પણ શી રીતે માની શકાય ? 'ભરમજાલ અંધકૂપ...' ભ્રમોની આ પરંપરા તે છે અંધકૂપ. અસૂર્ય લોક.

■

## ૧૪
## આધાર સૂત્ર

*પુત્રાદિકકી કલ્પના,*
*દેહાતમ ભ્રમ મૂલ;*
*તાકું જડ સંપત્તિ કહે,*
*હહાં[1] મોહ પ્રતિકૂલ... (૧૪)*

દેહભાવ અને આત્મભાવનો વિવેક જેને નથી મળ્યો તેવા મનુષ્યને પુત્ર વગેરેમાં મારાપણાની બુદ્ધિ થાય છે. કેવું આ મોહનું પ્રાબલ્ય કે પોતાનાથી ભિન્ન પદાર્થોને પણ એ સંપત્તિ રૂપ માને છે.

[તાકું = તેને]

૧. મહામોહ, B    હાહા, F

# ૧૪

## 'નિજ કર પીઠ થપેટીએ...'

જ્વાળામુખી અચાનક પર્વતની ધારે ફૂટી નીકળ્યો. પોમ્પીડુ શહેર આખું એમાં ધ્વસ્ત થવાની સંભાવના ચોમેર ફરી વળી; જ્યાં જુઓ ત્યાં આગની લપેટો. એક વેદનામય પરિદૃશ્ય.

આગમાંથી બચવા માટે લોકોનો પ્રવાહ વહી નીકળ્યો આગળ ને આગળ.

માથા પર પોટલાં, કેડે રડતાં બાળકો... મુખ પર ગ્લાનિ. ઘણું બધું છોડીને જવાનું હતું ને !

એ વખતે એક તત્ત્વજ્ઞાની સ્વસ્થ રીતે ચાલી રહ્યો છે. જરૂર, કરુણા ચહેરા પર છલકાઈ રહી છે. લોકોનું દુઃખ જોયું જોવાતું નથી. પણ એ અંગે બીજું શું થઈ શકે ? માત્ર સમવેદન.

તત્ત્વજ્ઞ પાસે નથી કોઈ બચકી, નથી કોઈ પોટલી... કો'કે પૂછ્યું : તમારો સામાન...? તેમણે કહ્યું : મારું જે છે તે મારી ભીતર છે. બહાર કશું જ મારું નથી. દેહ પર પણ જ્યાં માલિકીયતની વાત નથી, ત્યાં પદાર્થોના સ્વામિત્વની શું વાત હોઈ શકે ?

• • •

અહીં એક મર્મગ્રાહી સવાલ પેદા થશે : માલિકીયત એટલે શું ?

સંત કબીરજીએ એક પદમાં આનો મઝાનો જવાબ આપ્યો છે : કોઈ ભાઈ ક્યાંક મહેમાન તરીકે ગયા, ઘર ગમી ગયું. બીજા દિવસે તેમણે ઉદ્‌ઘોષણા કરી : આ ઘર મારું છે !

-સામાન્ય જનની વાત - માલિકીયતના સન્દર્ભે - આવી જ છે ને !

• • •

કોઈ યાત્રિક ધર્મશાળામાં ઊતરે અને એના ઓરડામાં પ્લાસ્ટર બરોબર ન હોય તો કડિયાને બોલાવી લાવે ખરો ? કે બાથરુમના નળમાંથી પાણી ન આવતું હોય તો પ્લમ્બરને બોલાવી લાવે ?

જવાબ 'ના' માં મળશે. ધર્મશાળાનો ઓરડો. એ મારો છે જ નહિ, તો એની મરામતની ચિન્તા મને કેમ હોઈ શકે ?

આ પૃષ્ઠભૂ પર કડી આવી : 'પુત્રાદિકકી કલ્પના, દેહાતમ ભ્રમ મૂલ; તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ...' જે પોતાનું નથી, એને પોતાની સંપત્તિ લેખે ગણવાનું. મોહ/અજ્ઞાન માણસને કેવા ઊંડા કૂવામાં ઉતારે છે !

• • •

એક પાક્ષિક આ પ્રેમ. માણસ કહેશે : સંપત્તિ મારી છે. સંપત્તિએ ક્યારેય આ સ્વામિત્વના દાવાને સ્વીકાર્યો છે ?

હા, પ્રભુ સાથેનો એક પાક્ષિક પ્રેમ મઝાની સંઘટના છે. ભક્તિયોગના ઉદ્‌ગાતા પૂજ્ય રામવિજય મહારાજ આ એક-પાક્ષિક પ્રેમની વાત કરતાં કહે છે : 'તું તો નીરાગી છે પ્રભુ, પણ વાલહો મુજ જોર; એકપખી તે પ્રીતડી, જિમ ચન્દ્રમાને ચકોર...'

ચકોર ચન્દ્ર વગર ઝૂરે.

એ એના વગર રહી ન શકે.

સામી બાજુ –

ચન્દ્રના મનમાં ચકોર-પ્રીતિનો

લેશ પણ નહિ.

પ્રભુ ! મારો તારા પ્રત્યેનો પ્રેમ... મને તારા વિના એક ક્ષણ ચેન ન પડે. તારા વાત્સલ્યના સાગરનું હું માછલું. હું તારા વિના કેમ જીવી શકું ?

એક-પાક્ષિક આ પ્રેમનો અંજામ શું આવશે ? પરિણામ મધુરું છે. એ દર્શાવતાં સ્તવનાકાર કહે છે : 'તુજ સાથે જે પ્રીતડી, અતિ વિષમ ખાંડાધાર; પણ તેહના આદર થકી, તસ ફળ તણો નહિ પાર...'

કઈ રીતે આ પીડા શમે છે ?

કબીરજીના એક પદમાં એનો જવાબ મળે છે : 'પાની બીચ મીન પિયાસી, મોહિ સુન સુન આવત હાંસી...' પરમ ચેતનાના સમંદરમાં જ જો ભક્ત રૂપ માછલું છે, તો એ તરસ્યું કેમ હોઈ શકે ?

ઑક્સિજનના મહાસાગરમાં જ નહિ, પરમ-ચેતનાના સમંદરમાં આપણે રહેલ છીએ...

તો, એ પરમ-ચેતનાનો સ્પર્શ કેમ નથી થતો ?

ઉત્તર પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક મહાવીર પ્રભુની સ્તવનાના સ્તબકમાં આપ્યો છે, સ્પર્શાનુભવ શબ્દ દ્વારા.

અધ્યાત્મ અને ભાવન પછી પ્રભુનો સ્પર્શાનુભવ મળે છે તેમ ત્યાં નોંધાયું છે...

આ ક્રમ જોઈએ, સ્પર્શાનુભવ પામીએ.

• • •

અધ્યાત્મ.

જ્યારે વર્તન/આચરણના સ્તર પર ઔચિત્ય હોય, ચિન્તનના સ્તર પર જિનાજ્ઞાયુક્તતા હોય અને હૃદયના સ્તર પર મૈત્રી આદિ ભાવો હોય ત્યારે અધ્યાત્મનો સંસ્પર્શ મળેલો કહેવાય છે.

ત્રણ વાત થઈ અહીં.

પહેલું : આચરણના સ્તર પર ઔચિત્ય. તે તે સમયે તમારું વર્તન યોગ્ય હોવું જોઈએ. આન્તરિક સૂઝ વડે આ પરિણામ મેળવી શકાય.

ઔચિત્ય છે ત્રીજી આંખ. સદ્ગુરુનાં ચરણોમાં થોડો કે લાંબો સમય રહેલ વ્યક્તિત્વને તે તે સમયે શું કરવું જોઈએ તેનો ખ્યાલ આવી શકે. આ અવસરે તેઓને શું અભિપ્રેત હોઈ શકે તેનો તે વિચાર કરી શકે.

બીજી વાત : ચિન્તન જિનાજ્ઞાપૂર્વકનું જોઈએ. તમારી પોતાની બુદ્ધિનો અહીં કોઈ અવકાશ રહેતો નથી. પ્રભુનાં પ્યારાં વચનોને અનુસરીને તમે ચિન્તન કરી શકો.

અને આના કારણે જે ત્રીજી વાત આકાર લેશે તે આ હશે : હૃદય મૈત્રી, પ્રમોદ આદિના ભાવો વડે છલક છલક છલકાતું હોય...

શ્રી લાભશંકર ઠાકર એક જગ્યાએ લખે છે : રવીન્દ્રનાથ એમની એક પ્રસિદ્ધ પ્રાર્થનામાં કહે છે : 'યુક્ત કરો સબાર સંગે.' પ્રભુ, મને સહુની સાથે જોડો. કયું રસાયન વ્યક્તિને સર્વ સાથે જોડે ? પ્રેમ રસાયન. હા, 'સબાર સંગે.' ના, અંગત રાગમૂલક પ્રેમનો અહીં સંકેત નથી.

રવીન્દ્રનાથ કહે છે (શાન્તિનિકેતન, ૧ માં) : સંસારનાં બધાં વિપરીતોનો સમન્વય જો કોઈ એક સત્યમાં ન થતો હોય તો તેને ચરમ સત્ય તરીકે માની ન શકાય. ખંડ સત્યના બધા વિરોધો પણ જેનામાં સામંજસ્ય પામેલા હોય, ખંડ સત્તાની બધી વિચ્છિન્નતા જેનામાં સંમીલિત થયેલી હોય તે છે રસ. 'રસો વૈ સઃ.' હા, કવિવર ચરમ સત્યને રસ કહે છે. તેમના શબ્દો ઉતારું : ચરમ સત્ય છે તે જ પરમ રસ છે. અર્થાત્ તે પ્રેમ સ્વરૂપ છે. નહિ તો તેનામાં કશું સમાધાન ન થઈ શકત. – ભેદ ભેદ જ રહેત, વિરોધ સદા આઘાત પેદા કર્યા કરત.

કવિ નરસિંહ મહેતાની પંક્તિઓ ઉપસી છે મનમાં : 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર ! તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.'

કવિવર રવીન્દ્રનાથનું એક ગીત યાદ આવે :

જો પ્રેમ ન દીધો પ્રાણે
તો નભ સવારનું શીદ ભરી દીધું ગાને ગાને ?
શીદ તારકમાળા ગૂંથી
કેમ ફૂલપથારી કીધી
કેમ દક્ષિણ હવા ગોપનકથા કહેતી કાને કાને ?
જો પ્રેમ ન દીધો પ્રાણે
તો શીદ આ આકાશ જોઈ રહે મોંની સામે ?
અને ક્ષણ ક્ષણ કેમ
હૃદય મારું પાગલની જેમ
એવા સાગરે નાવ મૂકે જેનો તીર એ નવિ જાણે ?

• • •

અધ્યાત્મ પછી ભાવન.

મૈત્રીભાવ આદિને ભાવિત કરવાના, ઘૂંટવાના. એવી રીતે એ ઘૂંટાય કે આપણા અસ્તિત્વનો એક અંશ એ બની જાય.

• • •

અને આ પૃષ્ઠભૂમિકા પર સ્પર્શાનુભવ.[૧] પરમપ્રિયનો શબ્દ સ્પર્શ. પરમપ્રિયનો અનુભૂતિ મૂલક સ્પર્શ.

આ સ્પર્શની વાત પૂજ્ય પદ્મવિજય મહારાજ એક સ્તવનામાં કરે છે : 'આશ ધરીને હું પણ આવ્યો, નિજ કર પીઠ થપેટીએ.' એક ભક્ત બાળકની ઈચ્છા શું હોય ? પ્રભુમા પોતાના હાથ પોતાની પીઠ પર પસવારે.

એ પછીની અનુભૂતિ કેવી હશે ? 'ત્રણ રતન આપો જ્યું રાખું, નિજ આતમની પેટીએ.' રત્નત્રયીનું દાન ઈચ્છે છે ભક્ત પ્રભુ પાસેથી. આ જ પ્રભુનો સ્પર્શ. એટલે જ કહેવાયું છે કે જિનગુણ-સ્પર્શ જ છે નિજગુણ-સ્પર્શ. સામી બાજુ, નિજગુણ-સ્પર્શ તે જ જિનગુણ-સ્પર્શ. રત્નત્રયીનો સ્પર્શ. પરમ-સ્પર્શ.

'એ' ની આંગળીમાં આંગળી પરોવી ચાલવાનો અનુભવ કેવો તો આસ્વાદ્ય હોઈ શકે ! સુરેશ દલાલ 'મારી પ્રાર્થનાનો સૂર્ય' માં ભક્ત હૃદયની આ માટેની લાગણીને શબ્દદેહ આપતાં કહે છે : 'તેં આમ તો અમારા પર અઢળક કૃપા કરી છે, પ્રભુ ! અમને રસ્તો આપ્યો અને ચાલવા માટે ચરણ પણ. પણ તારા વિના એકલા એકલા ચાલવું એ પ્રવાસ નથી પણ નર્યો રઝળપાટ છે. તારો સહવાસ હોય તો આખું જીવન યાત્રા થઈ જાય.'

'એ' ના આગમનની પ્રતીક્ષાની ક્ષણોને મમળાવતાં શ્રી સુરેશ દલાલ લખે છે : 'હું તો તમામ દરવાજા ખોલીને બેઠો છું. ખોલી નાખી છે બધીય બારી. મને ખબર નથી કે તું ક્યાંથી પ્રવેશશે. હું તો બેઠો છું રાહ જોઈને.

---

(૧) યોગબિન્દુ ગ્રન્થમાં પાંચ ચરણો અપાયાં છે : અધ્યાત્મ, ભાવન, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય. અહીં ધ્યાનને સ્પર્શજ્ઞાન, સ્પર્શાનુભૂતિ તરીકે મૂકેલ છે.

શ્રદ્ધા છે કે તું આવશે. તારે જે રીતે આવવું હોય એ રીતે આવ. ઝંઝાવાત થઈને આવ કે શીતળ લહેરખી થઈને આવ. ચુપચાપ આવ કે વાજતે ગાજતે આવ. મેં તો બધી જ તૈયારી કરી રાખી છે.... રાહ જોઉં છું. તારે આવવાનું નક્કી છે અને એટલું જ નક્કી છે મારે રાહ જોવાનું.'

• • •

પરમ-સ્પર્શની મઝાની આ ક્ષણો. એક પાક્ષિક પ્રેમનો આ મઝાનો વિસ્તાર... પ્રભુ સાથેનો એક પાક્ષિક પ્રેમ મધુર, મધુર... 'मधुराधिपतेरखिलं मधुरम्...'

પણ-

પર સાથેનો એક પક્ષીય પ્રેમ. એ તો ખાનાખરાબી કરી નાખે. એ માટે જ સૂત્ર આવ્યું : 'પુત્રાદિકકી કલ્પના, દેહાતમ ભ્રમ મૂલ; તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ.' આવી ભ્રમણામાં રાચનાર મનુષ્યને જડ કહીને સૂત્રકારે સરસ રીતે વાત ખોલી : જો તમારે પરની દુનિયામાં જ રાચવું હોય તો તમે ચૈતન્ય સભર - જ્ઞાન, આનંદથી સભર - કેમ હોઈ શકો ?

■

## ૧૫
## આધાર સૂત્ર

*યા ભ્રમમતિ અબ છાંડિ દો,*
*દેખો અંતરદૃષ્ટિ;*
*મોહદૃષ્ટિ જો છોડિયે,*
*પ્રગટે નિજગુણ સૃષ્ટિ... (૧૫)*

હે ચેતન ! હવે ભ્રાન્તિવાળી બુદ્ધિનો ત્યાગ કરી આન્તરદૃષ્ટિથી તું આત્માને જો. મોહદૃષ્ટિને છોડી દેવામાં આવે તો પોતાના આત્મિક ગુણોની સૃષ્ટિ પ્રગટ થાય છે.

[છાંડિ = છોડી]

# ૧૫

## પ્રભુદષ્ટિકતા

લાગે છે કે આપણી આંખોથી જોવાનો કોઈ અર્થ નથી. સદ્‌ગુરુએ ખોલી આપેલ દિવ્ય નેત્રથી બધું દેખાવું જોઈએ. પ્રભુનું દર્શન તો જ થાય ને ! આથી જ, આચારાંગ સૂત્ર સાધકને પ્રભુદષ્ટિક (તદ્દિટ્ઠીએ) કહે છે.

સદ્‌ગુરુ આપણી આંખોમાં/હૃદયમાં દિવ્ય અંજન શી રીતે આંજે છે એની મધુરી વાત પૂજ્ય આનન્દઘનજી મહારાજ પરમતારક શ્રી અજિતનાથ પ્રભુની સ્તવનામાં કહે છે : 'વસ્તુ વિચારે રે દિવ્યનયન તણો રે, વિરહ પડ્યો નિરધાર...' દિવ્યનયનરૂપ પરમ જ્ઞાનીપુરુષો છે નહિ. તો શું કરી શકાય ? 'તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર...' સદ્‌ગુરુ પાસે તમે ગયા, તમારું સમર્પણ સામાન્ય હતું તો એ સામાન્ય સદ્‌ગુરુયોગ (તર યોગ) કહી શકાય. પણ જો સમર્પણ સાધકનું પૂરેપૂરું ખીલેલું હોય તો એને વિશિષ્ટ સદ્‌ગુરુયોગ (તમ યોગ) કહી શકાય. આ પછી, તમારી ગ્રાહકતાના આધાર પર વાસનાનું તારતમ્ય પડે.

સદ્‌ગુરુને તમે ઝીલી રહ્યા હો, સારી રીતે એમને સાંભળી રહ્યા હો અને ભીતર એ શ્રવણ હૃદયસ્થ બનતું જાય, વાસિતતા ભીતર ઘૂંટાતી જાય તો એને સામાન્ય વાસના (તર-વાસના) કહીશું...

અને સદ્‌ગુરુને પીવાનું થાય તો...? તમે પૂરી શ્રદ્ધા સાથે સદ્‌ગુરુના એક એક પ્યારા શબ્દને પી રહ્યા હો ત્યારે એ પાન ભીતર વિશિષ્ટ લય પેદા કરે છે. તમારું પૂરું હૃદય ગુરુના એ પ્યારા શબ્દો વડે વાસિત થઈ જાય છે. (તમ-વાસના).

આ સદ્‌ગુરુયોગો અને આ ભીતર ઊપજેલી વાસિત દશાઓ દ્વારા જે વાસિત બોધ થાય છે, એને દિવ્યનયનની ગેરહાજરીમાં દિવ્યનયન જેવું કાર્ય કરનાર તરીકે લેખી શકાય છે.

અહીં શિષ્યની સજ્જતાઓ વિકસિત કરવામાં આવે છે.

• • •

બીજો માર્ગ છે ગુરુ દ્વારા પ્રવચન અંજન અંજાવાનો. જેનો ઉલ્લેખ પરમતારક શ્રી ધર્મનાથ પ્રભુની સ્તવનામાં તેઓએ કર્યો છે : 'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન, જિનેશ્વર; હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન...' સદ્ગુરુ શિષ્યના હૃદયમાં પ્રવચન અંજન આંજે છે - શક્તિપાત કરે છે, અને એ સાધક હૃદયની આંખો દ્વારા પ્રભુને જોવા લાગે છે.

અહીં સાધકની સજ્જતા કેટલી જોઈએ ?

સાધકના હૃદયમાં પ્રભુમિલનની તડપન અને એ તડપનને મિલનમાં રૂપાન્તરિત કરનાર સદ્ગુરુ પ્રત્યે પૂર્ણ અહોભાવ હોય એટલે એ શક્તિપાત ઝીલવા માટે સજ્જ થયેલ કહેવાય.

● ● ●

આ બન્ને માર્ગો દ્વારા સાધક તદ્દષ્ટિક - પ્રભુદષ્ટિક બને છે. અને 'એ'ને જોયા પછી...? બીજું કંઈ જોવું ગમતું નથી.

આ પ્રભુદષ્ટિકતા માટે જોઈશે પ્રભુપરાયણતા. ભગવદ્ગીતા બે મઝાનાં ચરણો પછી ત્રીજા ચરણરૂપે પ્રભુપરાયણતાને મૂકે છે : સંયમ, યોગ, પ્રભુપરાયણતા.[૧]

● ● ●

પહેલું ચરણ : સંયમ.

ઈન્દ્રિયો અને મન સાધકની પાસે છે, પણ તેમનો ઉપયોગ પ્રભુની આજ્ઞા પ્રમાણે જ કરાય, આ છે સંયમ.

---

(૧) संयम्य युक्त आसीत मत्परः । -गीता

આંખો વડે શું જોવાનું ? તમે ચાલો છો ત્યારે ઈર્યાને શોધવામાં તમારી આંખો વપરાય છે. ધૂંસરા પ્રમાણ જમીનને જોતો જોતો સાધક ચાલે છે ત્યારે કેટલી ઘટનાઓ ઘટે છે ? : ધ્યાન, દ્રષ્ટાભાવ, દષ્ટિસંયમ.

સાધક માત્ર જુએ છે. ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે તેમ સાધક તે વખતે ઈર્યામય અને ઈર્યાપુરસ્કૃત હોય છે. માત્ર ઈર્યામાં જ દત્તચિત્ત સાધક તે સમયે હોય છે.

માત્ર જોવાનું. એકાગ્રતા રૂપ ધ્યાન મળ્યું. દ્રષ્ટાભાવ રૂપ સાધના મળી. ને આંખો ચોક્કસ પ્રમાણ કરતાં વધુ ન ખૂલતી હોઈ દષ્ટિસંયમ મળ્યો.

• • •

દ્રષ્ટાભાવ...

અધ્યાત્મોપનિષદ્‌નો પ્યારો શ્લોક યાદ આવે : **द्रष्टुर्दृगात्मता मुक्ति – र्दृश्यैकात्म्यं भवभ्रमः ।** અદ્‌ભુત સૂત્ર છે આ ! દ્રષ્ટા માત્ર જોવાની પળોમાં રહે તે છે મુક્તિ. અને દ્રષ્ટાનું દશ્યો સાથે એકાકાર થવું તે છે સંસાર.

જોકે, શ્લોકમાં શબ્દ છે ભવભ્રમ. નૈશ્ચયિક દષ્ટિએ તો સંસાર જેવું છે જ શું ? તમે મુક્ત જ છો. તમે અખંડ, અલિપ્ત જ છો. કર્મો તમને શી રીતે બાંધી/જકડી શકે ?

એટલે, દ્રષ્ટા દશ્યો સાથે એકાકાર થયો; પરિણામે ગમા અને અણગમાની શૃંખલા ચાલી... ભવભ્રમ શરૂ !

આ સંદર્ભે, અષ્ટાવક્ર ઋષિના વચનને વારંવાર ઉદ્ધૃત કરવાનું મન થાય : 'अयमेव हि ते बन्धो, द्रष्टारं पश्यसीतरम्'... તું બીજાને - શરીર, મન આદિને - દ્રષ્ટા તરીકે જુએ છે, ત્યાં જ તું કર્મબન્ધથી ખરડાય છે.

દ્રષ્ટાભાવ આવ્યો એટલે મઝા જ મઝા.

• • •

દૃષ્ટિ સંયમ.

કલાકો સુધી નીચી નજરે ચાલવાનું. સ્વાધ્યાય થાય ત્યારે પુસ્તક ભણી ઢળેલી નજર. ધ્યાન સમયે તો નિમીલિત-ચક્ષુષ્તા (બંધ આંખો) છે જ.

ને એ સતત ટેવને લીધે સાધકની આંખો કોઈ વ્યક્તિ પર મંડરાશે નહિ. જિજ્ઞાસુ સામે હશે. તેની સાથે ધર્મકથા ચાલતી હશે અને ત્યારેય સાધકનાં નેણ નીચે ઢળેલાં હશે.

દૃષ્ટિસંયમ કેવો મઝાનો મળે સાધકને !

• • •

બીજું ચરણ : યોગ.

ભગવદ્ગીતા કહે છે : 'समत्वं योग उच्यते'. ઈન્દ્રિયો અને મન પરનો આ સંયમ સમત્વને પુષ્ટ કરશે. ન રાગમાં વહેવાનું, ન દ્વેષ ભણી. સમતાની એક સ્થાયી પૃષ્ઠભૂ સાધકને મળશે.

• • •

ત્રીજું ચરણ : પ્રભુપરાયણતા.

સમત્વની આ ઘેરાશ સાધકને ભક્તનો દરજ્જો આપે છે.

પ્રભુપરાયણતાએ સાધકને પ્રભુની દિવ્યદૃષ્ટિના તમને અધિકારી બનાવ્યા. સાધક બન્યો તદ્દૃષ્ટિક. પ્રભુદૃષ્ટિક.

• • •

આ પ્રભુદૃષ્ટિકતા જ છે આન્તરદૃષ્ટિ.

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ : 'યા ભ્રમમતિ અબ છાંડિ દો, દેખો અંતરદૃષ્ટિ; મોહદૃષ્ટિ જો છોડિએ, પ્રગટે નિજગુણ સૃષ્ટિ.'

આન્તરદૃષ્ટિ વડે જોવાથી નિજગુણોની ફૂલોની સૃષ્ટિ દેખાશે અને મોહદૃષ્ટિ વડે દેખવાથી ભ્રમણાઓનો સંસાર ખડો થશે. પસંદગી તમારે કરવાની છે : કઈ આંખથી જોવું ?

■

## ૧૬

# આધાર સૂત્ર

*રૂપાદિકકો દેખવો,[1]*
*કહન કહાવન કૂટ;*
*ઈન્દ્રિય યોગાદિક બલે,*
*એ સબ લૂટાલૂટ[2] (૧૬)*

રૂપને જોવું, કો'કને કંઈક કહેવું, કો'કને કંઈક કહેવડાવવું; વિભાવોમાં આ રાચવાનું એ ઈન્દ્રિય અને મન-વચન-કાયાના યોગો વડે આત્મધનની લૂંટાલૂંટ નથી ?

૧. દેખનો, C - D - F    ૨. લૂટાલૂટિ, A - C

# ૧૬

## પેલે પાર 'એ', આ પાર ભક્ત

બંગાળી કવિ ચાંદ કાઝીની કવિતા છે :

ઓપાર હઈતે બાજીઓ બંસી,
એપાર હઈતે શુનિ;
અભાગિયા નારી આમિ હે,
સાંતાર નહિ જાનિ...

પેલે કાંઠેથી તમે વાંસળી વગાડો છો, આ કાંઠેથી હું સાંભળું છું; (આકર્ષણ અનુભવાય છે, પણ) મને તરતાં આવડતું નથી.

ભક્તનું કથયિતવ્ય આ જ તો છે ને ! પેલે પાર છે પરમપ્રિય. આ પાર છે પોતે. આકર્ષણ અનુભવાય છે પરમપ્રિયનું. એમ પણ લાગે કે 'એ'ના વિના તો ચાલશે જ નહિ; ને છતાં આ કાંઠો છૂટતો નથી.

હા, ભક્ત એમ નહિ કહે કે મને તરતાં આવડતું નથી. કારણ કે ભક્તને ખ્યાલ છે કે તારનારો તો 'એ' બેઠો જ છે. ભલેને પોતાની શક્તિ પર તરવાનું સંભવિત ન હોય.

• • •

ભક્તિમતી મીરાંની કેફિયત થોડી અલગ છે : 'ભવસાગર અબ સૂખ ગયો હૈ, ફિકર નહિ મોહિ તરનન કી...' સંસારનો સાગર જ જો સુકાઈ ગયો તો તરવાની ચિન્તા કેવી ? કોણે કર્યો આ ચમત્કાર ? 'મોહિ લાગી લગન પ્રભુ ચરનન કી...'

ભક્તને બેઉ બાજુ મઝા છે. તરવાનું હોય તોય ચિન્તા નથી. 'એ' તારનાર છે. ને ભવસાગર રેતસાગરમાં પલટાયો હોય તો ચાલવાનીય ફિકર નથી. 'એ'ણે ચલાવવાનું છે ને !

• • •

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પરમતારક શ્રી અરનાથ પ્રભુની સ્તવનામાં તારક તરીકેની પ્રભુની શક્તિ પર કેવી શ્રદ્ધા રાખી છે ! સંસારનો બિહામણો, અફાટ સમંદર અને સાધનાની નાનકડી નાવડી. તોફાન ઊપડે તો... ?

નાની સી સાધનાની નાવ... પ્રારંભિક સાધકની સાધના. થોડો તપ, થોડો જપ અને વધુ અહંકાર. ! 'તપ જપ મોહ મહાતોફાને, નાવ ન ચાલે માને રે...' હવે આવામાં નાવ શી રીતે ચાલે ?

આ પરિસ્થિતિનો હલ શું હોઈ શકે ?

સુકાન પરમાત્માને સોંપી દેવું એ જ એક માત્ર હલ હોઈ શકે. પરમાત્માને કહી દઈએ : સાધનાની આ નાવ. એને તું હંકાર. નાવ પર યા વહાણ પર છેલ્લો હુકમ સુકાનીનો હોય છે. પ્રભુ ! હું તારી આજ્ઞાને માનીશ... તું જ મારી નાવનો ખેવૈયા.

ને 'એ' સુકાની બની જાય છે ત્યારે સમીકરણ કેટલી ઝડપથી બદલાઈ જાય છે ! 'થોડો તપ, થોડો જપ, ઘણી અનુમોદના.' પ્રભુ આવ્યા. કેટલી તો બદલાહટ !

હવે ભક્ત કેવો શ્રદ્ધાન્વિત બને છે ! 'પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે...' હવે ભય કેવો ? મધદરિયે ડૂબતી વ્યક્તિને હાથ પકડીને ઉગારવામાં સમર્થ, કુશળ વ્યક્તિત્વના હાથમાં હવે નાવ છે.

● ● ●

જો કે, ચિન્તા તરવાની નથી, ચિન્તા રેતના સાગરને પગ વડે પાર કરવાની નથી. મુશ્કેલી કાંઠાને ન છોડી શકવાની મજબૂરીની છે.

અનાદિના સંસ્કારો મને રાગ, દ્વેષ અને મોહની દુનિયામાં ખેંચી રાખે છે, જકડી રાખે છે; નાથ ! તારી દુનિયામાં હું શી રીતે આવું ?

ખરેખર મને કાંઈ સૂઝ પડતી નથી. શું કરું હું ? કઈ દિશામાં હું જાઉં ? રેતના અફાટ સાગરમાં પાણી માટે ઝાવાં મારતા હરણ જેવી મારી દશા છે. સૂર્યના કિરણો અમુક કોણથી રેત પર પડે, પાણીનો આભાસ સરજાય અને મૃગલું એ ભણી દોડે તેમ આભાસી સુખોની પાછળ, અગણિત જન્મોથી, હું દોડ્યા કરું છું. પ્રભુ ! ક્યારેક તારી પાસે આવું છું ત્યારે મને આ આભાસી રમત સમજાય છે, પણ.... પણ શું કરું ? પ્રભુ ! હું પેલી દુનિયામાં જાઉં છું ને દોડનું પેલું ચક્કર પાછું શરૂ થઈ જાય છે.

ક્યારેક સ્પષ્ટ રીતે લાગે છે કે પર-રૂપમાં હું ડૂબું છું. એ વાત મને ગમતી હોતી નથી. આન્તર મન કહે છે કે આમ ન થઈ શકે, પણ અનાદિનું અભ્યસ્ત મન પરરૂપને જોવામાં તલ્લીન બની જાય છે. પછી મારા વિભાવ-ગમનની વાતો હું કો'કની આગળ કહેતો હોઉં છું, બીજાની વિભાવ-પરવશતાની વાતો વિસ્તારીને કો'કની પાસે કહેતો હોઉં છું, કો'કને એ બાબતમાં આગળ વધવામાં હું નિમિત્તરૂપ બનતો હોઉં છું. ડંખે છે આ બધું ક્યારેક.

અને છતાં, ડંખ એટલો તીવ્ર નથી બનતો કે એ બધું છૂટી જાય. તારી નિગ્રહ્ કૃપાને અત્યારે ઝંખું છું, મારા નાથ !

હું વિભાવ સંબંધી કંઈક બોલતો હોઉં અને મને જીભનો લકવા કેમ ન થઈ જાય ? તારી આ કૃપાને હું ઝંખું છું...

• • •

યા તો અનુગ્રહકૃપા વરસાવી તારી દુનિયામાં - આનંદ અને વીતરાગતાની - મને લઈ જા... નહિતર, થપ્પડ મારી વિભાવના માર્ગેથી મને પાછો વાળ !

તારે જે કરવું હોય તે કર ! પણ મને તારામય બનાવી દે, નાથ !

તારા વગરનો હું તો મારા અસ્તિત્વ વગરનો છું ને ! તું મારામાં ન હોય તો મારામાં કશી પણ સુગંધ ક્યાં ઊઠવાની છે ? 'તમારા વિનાના અમે અમારા વિનાના...' (વેણીશંકર પુરોહિત).

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ... 'રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ; ઈન્દ્રિય યોગાદિક બલે, એ સબ લૂટાલૂટ...' રૂપને જોવું, કંઈક કહેવું, કંઈક કહેવડાવવું; પરની દુનિયાની આ લટારનો શો અર્થ ? ઈન્દ્રિયો અને મન, વચન, કાયાના યોગોને પરમાં જવાની ટેવ પડેલી છે; તેઓ પરમાં જઈને આત્મધનને લૂંટે છે.

શાન્તિ છે આત્મધન.

પરમાં જવાયું. ક્યાં છે શાન્તિ ? ત્યાં તો છે કોલાહલ - રતિ, અરતિનો. એક કહેશે કે તમે સરસ બોલ્યા, બીજી વ્યક્તિ કહેશે : આવું તે બોલાતું હશે ? ત્રીજાનો અભિપ્રાય ત્રીજો જ હશે. આમાં તમારું મન ફૂટબૉલના દડાની જેમ ઊચકાશે, પટકાશે...

• • •

મીરાંની એક સરસ કેફિયત, આ સન્દર્ભે, યાદ આવે : 'આણિગમ તો મારગડો નવિ સૂઝે, પેલિગમ તો બળી મરીએ...' પ્રભુની બાજુએ માર્ગ સૂઝતો નથી; સંસારમાં / વિભાવોમાં તો બળી જવાય છે...

સૂચક વાત એ છે કે મીરાં પ્રભુની બાજુ માટે આણિગમ, આ બાજુ એવો શબ્દપ્રયોગ કરે છે. વિભાવોની બાજુ માટે પેલી ગમ, પેલી બાજુ જેવો શબ્દપ્રયોગ કરે છે. પ્રભુની બાજુ તે જ પોતાની બાજુ. કારણ કે એ દિશામાં જ જવું છે...

● ● ●

'પેલિગમ તો બળી મરીએ...' વિભાવો અસહ્ય બની રહે ત્યારે આ કાંઠો છૂટું-છૂટું થઈ રહે. પેલો કાંઠો પછી તો ક્યાં દૂર છે ?

તરવાની વાત હોય તોય એ નજીક છે; કારણ કે 'એ' તરાવે છે. ચાલવાની વાત હોય તોય કિનારો નજીક છે. 'એ' ચલાવે છે ને !

■

## ૧૭
## આધાર સૂત્ર

*પર-પદ આતમ દ્રવ્યકું,*
*કહન સુનન કછુ નાંહિ;*
*ચિદાનન્દઘન ખેલહી,*
*નિજ-પદ તો નિજમાંહિ... (૧૭)*

આત્મા શ્રેષ્ઠ દ્રવ્ય/તત્ત્વ છે. તે શબ્દોને પેલે પારની ઘટના છે. તમે તેને કહો શી રીતે ? તેને સાંભળો શી રીતે ? અહીં તો છે માત્ર રમણતા. ચિદાનન્દઘન આત્મા પોતાની ભીતર જ ખેલ્યા કરે છે. પોતાનું પદ/સ્થાન તો પોતામાં જ હોય ને ? બહાર ક્યાંથી હોય ?

[ખેલહી = ખેલે છે]

# ૧૭

## નિર્વિકલ્પ અનુભવ

મિર્ઝા ગાલિબે ભીતરની સ્થિતિ વિષે એક મઝાનો ઈશારો કર્યો છે :

'કુછ ઐસી હી બાત હૈ, જો ચૂપ હૂં,
વર્ના ક્યા બાત કરના નહીં આતી ?'

વાતો કરતાં ઘણી આવડે છે. પણ ભીતરની વાત શી રીતે કરવી ?

જિગર મુરાદાબાદીને જોશ મલીહાબાદીએ પૂછેલું : 'ક્યા ખબર હૈ ઉસકી ?' જિગરે કહેલું : 'કોઈ નહીં જો યાર કી લા દે ખબર મુઝે.' એક યુવા કવિએ પાદપૂર્તિ કરેલી : સૈલાબે અસ્ક ! તૂ હી બહા દે ઉધર મુઝે, કોઈ નહીં જો યાર કી લા દે ખબર મુઝે...' આંસુનાં પૂર, તું જ મને 'એ'ના ભણી વહાવી દે... કારણ કે એની ખબર લાવી દે તેવું બીજું કોઈ નથી.

યા તો અશ્રુનું પૂર ભક્તનું, યા નિર્દ્વન્દ્વ અનુભવ સાધકનો : આ બે વિના ભીતરી સ્થિતિનો આછો ખ્યાલ પણ શી રીતે આવે ?

• • •

જ્ઞાનસાર પ્રકરણ યાદ આવે : નિર્દ્વન્દ્વ બ્રહ્મને નિર્દ્વન્દ્વ અનુભવ વિના કેમ જોઈ શકાય ?(૧)

નિર્દ્વન્દ્વ બ્રહ્મ. નિર્વિકલ્પ સમાધિ. રામકૃષ્ણ પરમહંસ કહેતા : મીઠાની પૂતળી દરિયાનું ઊંડાણ માપવા દરિયામાં પડી. પછી શું થાય ? બહાર કોણ આવે ? મીઠાની પૂતળી બહાર નથી આવી શકતી. પણ સાધક નિર્દ્વન્દ્વ બ્રહ્મનો અનુભવ લઈ કિનારે આવી શકે છે.

એક અલપ-ઝલપ, ભીતરી દશાનો, અનુભવ. નિર્વિકલ્પ દશાની અનુભૂતિ પછી સવિકલ્પ દશા રહેતી નથી. રહે છે તોય વિચારો સાથેનું તાદાત્મ્ય છૂટેલું હોય છે.

• • •

---

(१) पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना । कथं लिपिमयी दृष्टि-र्वाङ्मयी वा मनोमयी ॥ - જ્ઞાનસાર

આ નિર્વિકલ્પ અનુભવ એ જ છે તુરીયા. ઉજાગર.

સ્વપ્ન, સુષુપ્તિ અને જાગૃતિને પેલે પાર છે ઉજાગર. આમ ઉજાગર અવસ્થા તેરમે ગુણઠાણે હોય છે. પણ એનું નાનકડું સંસ્કરણ સાધક પાસે હોઈ શકે.

સ્વપ્નાવસ્થા અને જાગરણ અવસ્થા બેઉ એ રીતે સમાન છે કે બેઉમાં વિકલ્પોનું ઘોડાપૂર ચાલી રહ્યું હોય છે. સુષુપ્તિ/નિદ્રામાં હોશ નથી હોતો.(૨) તો, સામે ઉજાગરની નાનકડી આવૃત્તિમાં હશે નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પરની સ્વગુણસ્થિતિ અથવા સ્વરૂપસ્થિતિ.

આ અવસ્થાની અનુભૂતિ વિના સ્વરૂપ દશાને કેમ અનુભવી શકાય ? નિર્વિકલ્પ અનુભૂતિ દ્વારા નિર્વિકલ્પ બ્રહ્મનો અનુભવ.

• • •

ભક્તનું અશ્રુપૂર પણ ભક્તને પરમાત્મસ્વરૂપના દર્શન ભણી લઈ જાય છે. પ્રભુનું દર્શન થયું : ભીની, ભીની આંખે... પ્રભુના અસ્તિત્વ પર લહેરાતો પ્રશમરસ ભીની આંખો વડે જોવાયો...

દર્શન જ્યારે સ્પર્શનના પડાવને ઓળંગીને નિમજ્જન-અનુભૂતિના પડાવે પહોંચે છે ત્યારે પણ નિર્દ્વન્દ્વ બ્રહ્મની અનુભૂતિ થાય છે.

ભક્ત પ્રભુમાં ઓગળીને, ડૂબીને પ્રભુગુણની સાથે લયાત્મક સંબંધ સ્થાપે છે.

---

(૨) न सुषुप्तिरमोहत्वाद्, नापि च स्वापजागरौ ।
कल्पनाशिल्पविश्रान्ते-स्तुर्यैवानुभवो दशा । - જ્ઞાનસાર

મહાસતી ચંદનાજી યાદ આવે. દેવાધિદેવ પ્રભુ મહાવીર જ્યારે તેમના દ્વારેથી પાછા ફર્યા ત્યારે તેમણે કહેલું : 'એક શ્વાસમાંહિ સો વાર, સમરું તમને રે..' પ્રભુ ! એક સાંસ પર એક વાર નહિ, પણ સો સો વાર હું તમારું સુમિરન કરું છું; તમે મારે ત્યાંથી પાછા કેમ ફરી શકો ? ચંદનાજીના અશ્રુ વડે સીંચાયેલ એ શબ્દોમાં, એ વિનતિમાં એ તાકાત હતી કે પ્રભુને પાછા ફરવું પડ્યું.... 'એમ ચન્દનબાળાને બોલડે પ્રભુ આવે રે...'

• • •

સાધકનો નિર્દ્વન્દ્વ અનુભવ અને ભક્તનું અશ્રુપૂર; 'એ'ના તરફ વહેવાનું ચાલુ.

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ : 'પર-પદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછુ નાંહિ; ચિદાનન્દઘન ખેલહી, નિજ-પદ તો નિજ-માંહિ...' નિર્મળ આત્મતત્ત્વ છે શ્રેષ્ઠ પદ. એ મળી ગયું તો કંઈ કરવાનું બાકી ન રહ્યું. એ ન મળ્યું તો બીજાં પદો - ચક્રવર્તી પદ કે ઈન્દ્ર પદ - નકામાં.

સાધક પૂછશે : કેવું છે એ આત્મતત્ત્વ ? થોડીક એની વાત તો કરો ! જવાબ મળે છે : એ શબ્દોથી પર ઘટના છે. 'કહન સુનન કછુ નાંહિ.' ન તો એને કહી શકાય, ન એને સાંભળી શકાય...

આ ઈશારો પૂ.ઉપા.યશોવિજય મહારાજે પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં આ રીતે આપ્યો છે :

જિનહી પાયા તિનહી છીપાયા,
ન કહે કોઉકે કાનમેં;
તારી લાગી જબ અનુભવકી,
તબ સમજે સહુ સાનમેં...

જેણે એ મેળવી - શુદ્ધ આત્મસ્વરૂપ કે શુદ્ધ ગુણોની ઝલક - તેણે પોતાની પાસે જ એ ઝાંખીને રાખી... કોઈના કાનમાં એ વાત કહી શકાતી નથી. હા, બીજી વ્યક્તિને જ્યારે અનુભવની તન્મયતા ('તારી') પ્રગટે છે, ત્યારે એને એ વાત સમજાય છે.

જોકે, એના પછીની સ્તવનાની કડીમાં નિવેદન આવું આવ્યું : 'પ્રભુગુણ અનુભવ ચન્દ્રહાસ જ્યું, સો તો ન રહે મ્યાનમેં...' પ્રભુ-ગુણોનો અનુભવ (જે નિજગુણાનુભવ રૂપે છે) તો ચન્દ્રહાસ નામની તલવાર જેવો છે, એ મ્યાનમાં - આવરણમાં રહી શકતો નથી; પ્રકટ થઈ જ જાય છે.

આ જ વાત એમણે 'શ્રીપાળ રાસ'માં લખી છે : 'જિનહી પાયા તિનહી છીપાયા, એ પણ એક છે ચિઠો; અનુભવ મેરુ છિપે કિમ મોટો... ?' જેણે મેળવી ઝલક, એણે જ છુપાવી આ તો એક વાર્તા (ચિઠો) છે ખાલી... તમે બીજું બધું કદાચ છુપાવી શકો, મેરુ પર્વતને શી રીતે છુપાવો ? અનુભવ તો છે મેરુ પર્વત જેવો.

બેઉ કેફિયતોનો નિષ્કર્ષ એ નીકળ્યો કે સ્વાનુભૂતિ પામનાર વ્યક્તિ એ અનુભવની વાત કોઈને કહી શકતો નથી; સહુથી મોટી તકલીફ ત્યાં એ છે કે કયા શબ્દોમાં એ વાત કરી શકાય ? એ અનુભૂતિને વર્ણવી શકે તેવા શબ્દો આપણી પાસે નથી.

પણ હા, જેને અનુભવ થયો છે એ વ્યક્તિનું મુખ, એનું અસ્તિત્વ તમને જોતાં આવડે તો તમે પારખી શકો કે એ વ્યક્તિને પ્રાપ્તિ થઈ છે.

• • •

આ લયમાં અહીં વાત કહેવાઈ : 'પર-પદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછુ નાંહિ.' પછીની વાત પણ કેટલી મઝાની છે : 'ચિદાનન્દ-ઘન ખેલહી, નિજપદ તો નિજમાંહિ.' જ્ઞાન અને આનન્દમાં ગરકાવ બનેલ વ્યક્તિત્વ પોતાની ભીતર રમણશીલ હશે. 'ખેલહી.' ખેલે છે. પોતાની ભીતર જ ક્રીડા... ખેલ...

આનન્દઘનજી મહારાજ યાદ આવે : 'ગુરુ નિરન્તર ખેલા...' ગુરુ સતત ખેલની-રમણતાની ભૂમિકામાં હોય છે. પોતાની ભીતર રમણશીલતા.

• • •

'ચિદાનન્દઘન.' ચિદ્ એટલે જ્ઞાન અને આનન્દ એટલે આનન્દ. આખરે, આનન્દની વ્યાખ્યા કરતાં કયો પર્યાય તમે આપી શકો ? પરમ-સુખ જેવો પર્યાય પણ ત્યારે અપૂરતો લાગે, જ્યારે સુખને ઐન્દ્રિયિક સ્તર જોડે સંકળાયેલ ઘટના તરીકે સ્વીકારીએ. હા, સુખ શબ્દનો સંબંધ ઈન્દ્રિયોના સ્તર જોડે ન સંકળાયેલ માનીએ, તો પરમસુખ શબ્દ સ્વીકાર્ય બને.

અધ્યાત્મ ઉપનિષદ્ ગ્રન્થમાં ઉપા. યશોવિજયજી મહારાજે એક સ-રસ વ્યાખ્યા જ્ઞાન અને આનન્દની આપી છે : આત્માનું જે સ્વરૂપ પ્રકાશ શક્તિની અપેક્ષાએ જ્ઞાન કહેવાય છે, તે જ સ્વરૂપ વિશ્રામ શક્તિ - આત્મરમણતાના સન્દર્ભે સુખ છે. અહીં સુખ શબ્દને આત્મરમણતાના સ્તર પર પ્રયોજાયેલ છે.

प्रकाशशक्त्या यद्रूप-
मात्मनो ज्ञानमुच्यते ।
सुखं स्वरुपविश्रान्ति-
शक्त्या वाच्यं तदेव तु ॥ (અ.ઉ. ૨/૧૧)

• • •

જ્ઞાનાનન્દથી પૂર્ણ સાધક ખેલે. ક્યાં ખેલે ? સમજી જવાય એવું છે કે તે ભીતર જ રમે. 'નિજ-પદ તો નિજમાંહિ...' નિજ પદ, સ્વસ્વરૂપ એ તો ભીતર જ છે ને !

યાદ આવે શ્રીપાળ રાસની પંક્તિ : 'આતમ-ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે...' આત્મા પોતાનું, સ્વદ્રવ્ય, સ્વગુણ અને સ્વપર્યાયનું ધ્યાન કરશે અને બધી જ ઋદ્ધિઓ પોતાની ભીતર છે, તેવું તે સંવેદશે.

■

## ૧૮

# આધાર સૂત્ર

*ગ્રહણ-અયોગ્ય ગ્રહે નહિ,*
*ગ્રહ્યો ન છોડે જેહ;*
*જાણે સર્વ સ્વભાવને,[1]*
*સ્વ-પર પ્રકાશક તેહ... (૧૮)*

અગ્રાહ્ય - રાગાદિક વિભાવને આત્મા ગ્રહણ કરતો નથી અને પોતાના શુદ્ધ સ્વરૂપને - ગ્રાહ્યને - તે ક્યારેય છોડતો નથી. સ્વપર પ્રકાશી આત્મા પોતાના સ્વભાવને જાણે છે.

૧. તે, B - D

# ૧૮

## પરમ સંતૃપ્તિની દુનિયામાં

હિન્દુ કૅલેન્ડર પ્રમાણે ગુરુપૂર્ણિમાનો દિવસ. સાધક પોતાના ગુરુ પાસે જાય છે. બન્ને હાથોમાં ગુરુદક્ષિણાની સામગ્રી છે. ગુરુએ દૂરથી તેને આવતો જોયો અને કહ્યું : છોડી દે ! ગુરુની આજ્ઞા... સાધકે જમણા હાથનું ભેટનું બંડલ નીચે મૂકી દીધું. બે ડગલાં આગળ ચાલ્યો ને ગુરુની

આજ્ઞા આવી : છોડી દે ! તેણે ડાબા હાથમાં રહેલ ભેટનું બંડલ છોડ્યું. ફરી બે ડગ આગળ ચાલ્યો ને ગુરુએ કહ્યું : છોડી દે !

હવે શું છોડવું ? ગુરુનો ઈશારો આખરે ક્યાં છે ? ગુરુદેવનું ઉપનિષદ્ માણેલ હતું અને એથી સાધક સમજી ગયો કે ગુરુદેવ શું કહેવા માગે છે. બંન્ને હાથમાં રહેલ ભેટોના બંડલ છોડ્યા છે એવો ભાવ પણ છોડી દેવો તેમ ગુરુ કહી રહ્યા છે.

પદાર્થો છૂટ્યા, પણ તે ખરેખર છૂટ્યા ક્યારે કહેવાય ? ભીતર તેમના પ્રત્યેની આસક્તિની લકીર પણ દોરાયેલી ન હોય.

પરમપાવન દશવૈકાલિક સૂત્રમાં આની કેટલી તો હૃદયંગમ અભિવ્યક્તિ મળે છે ! : 'जे अ कंते पिए भोए लद्धे विपिट्ठिकुव्वइ...' કાન્ત ભોગ પ્રિય લાગે ત્યારે સાધક ત્યાં ઊભો ન રહે. મેદાનને છોડી દે તે - 'રણછોડ' બની જાય.

વ્યવહાર-ભાષામાં એમ કહેવાય કે આ પદાર્થ સારો છે કે ખરાબ છે. નિશ્ચય દૃષ્ટિએ તો પદાર્થ પદાર્થ છે. ન તે સારો છે, ન ખરાબ. તો, વ્યવહાર-ભાષામાં કહેવાય છે આ પદાર્થ સારો છે; લૌકિક દૃષ્ટિએ સારો કહેવાતો ખાદ્ય પદાર્થ કે પોષાક આદિ; પણ એ પદાર્થ સાધકને પ્રિય લાગવા લાગે તો સાધક તેનાથી દૂર ભાગે.

• • •

મહેમાન સાધકનું જજમાને ખૂબ ભાવપૂર્વક સ્વાગત કર્યું. મહેમાન દશેક દિવસ પોતાને ત્યાં રોકાશે એવું જજમાને માનેલું. પણ બીજા જ દિવસે સાધકે જવાની રજા માગી.

જજમાન ગળગળો થઈ ગયો. શું કાંઈ સેવામાં ત્રુટિ રહી ગઈ? સુવિધા સાચવવામાં ઊણપ રહી ગઈ ? શું થયું ?

મહેમાને હસીને કહ્યું : તમે એટલી બધી સુવિધાઓ આપો છો કે તે હું સહન કરી શકતો નથી. ડર પણ લાગે કે હું સુવિધાભોગી તો નહિ બની જાઉં ને ! ઓછી સુવિધાઓ તમે મને આપવાનું સ્વીકારો તો હું થોડો સમય રોકાઈ શકું. યજમાને તેમ કર્યું. સાધક દશેક દિવસ ત્યાં રોકાયા.

• • •

સાધકની આ કેફિયત પરથી આપણને બે સાધનાસૂત્રો મળે : (૧) સુવિધાઓ ઓછામાં ઓછી, (૨) અલ્પ સુવિધાનું પણ સીધું સાધનામાં રૂપાન્તરણ. મૂળ વાત એ છે કે સુવિધાઓ દ્વારા સાધના સારી થાય એ વાતનો અહીં છેદ ઉડાડી મૂકવામાં આવ્યો છે.

'जे अ कंते पिए भोए लद्धे विपिट्ठिकुव्वइ...' નો અર્થ આપણે જોયો આગળ : સારો કહેવાતો ભોગ પણ સાધકને સારો લાગે તો તે ત્યાં ક્ષણવાર ઊભો ન રહે. મૂઠીઓ વાળીને નાસી છૂટે. પૂજ્ય હરિભદ્રાચાર્યે 'विपिट्ठिकुव्वइ' ના અર્થમાં આ વાતને આ રીતે ખોલી છે : આસક્તિ ભણી જવા મન તૈયાર થાય ત્યારે એ મનને અનેક પ્રકારે શુભ ભાવનામાં લઈ જવું. જેથી મન પદાર્થોમાં નહિ, અપરમમાં નહિ, પરમ ભણી જાય. એ રીતે મનનું ઊર્ધ્વીકરણ થાય.(૧)

મનને પરમ રસ પકડાવી દો. અપરમ રસમાંથી તે મુક્ત થઈ જશે. ભગવદ્‌ગીતા યાદ આવે : 'रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ।

• • •

(१) विपिट्ठिकुव्वइ = अनेकैः प्रकारैः शुभभावनादिभिः पृष्ठतः करोति, परित्यजति....
(દશ. હારિ. ટીકા)

આ લય પર કડીને ખોલવાની મજા આવશે : 'ગ્રહણ-અયોગ્ય ગ્રહે નહિ...' જે સ્વીકારવા જેવું નથી, તેને સાધક ક્યારેય સ્વીકારશે નહિ. અને એટલે જ, પદાર્થો સાથેનો સાધકનો સંબંધ ક્યારેય આસક્તિમાં નહિ ફેરવાય. માત્ર ઉપયોગિતાવાદ. સાધના માટે શરીર જરૂરી છે. ને શરીર માટે ભોજન... તો નિર્દોષ ભિક્ષા યાચીને તેને આપી દેવાની.

આ સન્દર્ભે, મને એક ઘટના યાદ આવે છે : પાટણ, નગીનભાઈ પૌષધ શાળામાં બપોરે ગોચરી સમયે હું અને આ.મુક્તિચન્દ્રસૂરિજી મહારાજ જોડે જોડે વાપરવા બેઠેલા. તેમણે વાતવાતમાં મને કહ્યું : માની લઈએ કે આપણા શિષ્યો બેંતાલીસ દોષોથી વિશુદ્ધ ગોચરી વહોરી લાવ્યા હશે. પણ એ નિર્દોષ ગોચરી વાપર્યા પછી તેવી જ રહેશે ?

મેં ઈશારાથી પૂછ્યું : આપ શું કહેવા માગો છો ?

એમણે કહ્યું : આ ગોચરી વાપર્યા પછી જો આપણે આરામ કરવાના હોઈએ કે સ્વાધ્યાયાદિ સિવાયનું અન્ય ફાલતું કાર્ય કરવાના હોઈએ તો નિર્દોષ ગોચરી દોષિત નહિ થઈ જાય ? ગોચરી પછી સ્વાધ્યાયાદિ શરૂ થઈ જવા જોઈએ.

• • •

'ગ્રહણ-અયોગ્ય ગ્રહે નહિ...' વિભાવોને સાધક ક્યારેય મનમાં પ્રવેશવા દે નહિ. મઝાનું આ સાધનાસૂત્ર. નિમિત્તોની દુનિયામાં રહેલ સાધક. આ સાધનાસૂત્રને કારણે એ નિમિત્તોની દુનિયામાં રહેવા છતાં નિમિત્તોની અસરથી મુક્ત રહેશે. રાગ, દ્વેષ કે અહંકારનો સ્પર્શ તેને નહિ થાય. તો, સાધક બન્યો પ્રભુવાસી.

કો'કે કડવું વચન સાધકને કહ્યું. ક્રોધનો ઉદય થાય તેવી સંભાવના ગણાય. પણ સાધક જો એમ વિચારશે કે પેલી વ્યક્તિ કટુવચન નથી બોલી; પોતાનાં તેવાં કર્મના કારણે તેને બોલવાની ફરજ પડી છે; તો શું થશે ? ક્રોધની પકડથી તે મુક્ત રહેશે.

● ● ●

બીજું સાધનાસૂત્ર : 'ગ્રહ્યો ન છોડે જેહ...' જે સ્વીકારવા યોગ્ય છે, તે સ્વીકાર્યા પછી છોડવાની વાત નહિ. પ્રભુનાં વ્રતો, મહાવ્રતો મળી ગયાં; પ્રાણાન્તે પણ તે છોડાય ખરા ?

મહાસતી રાજીમતીજી માત્ર રથનેમિ મુનિને જ નહિ, સાધક માત્રને કહે છે : 'सेयं ते मरणं भवे...' વ્રતઘાત અને જીવનઘાતમાંથી એક પરિસ્થિતિને પસંદ કરવાની હોય તો મુનિ જીવનઘાતને હોંશે હોંશે સ્વીકારી લે. વ્રતઘાત તો હરગિજ ન થવા દે.

મહાવ્રતોનું પાલન ભીતર એક એવી પરિસ્થિતિ નિર્મિત કરે છે, જેમાં સ્વભાવ-રમણતા તરફ સરવાનું અનાયાસ બને છે.

● ● ●

અને ત્યારે, ત્રીજું સાધનાસૂત્ર આપણી સામે આવશે : 'જાણે સર્વ સ્વભાવને.' આ પડાવે માત્ર સ્વભાવને જ જાણવાનું થાય છે. સ્વભાવને જ અનુભવવાનો.

'પ્રશમરતિ' પ્રકરણ કહે છે તેમ, સાધક પરભાવમાં મૂંગો, બહેરો અને દૃષ્ટિહીન હોય છે.(૨) સ્વભાવનો આનંદ એવી રીતે સાધકને ઘેરી વળે

(२) परवृत्तान्त-अन्धमूकबधिरस्य.... (२३५)

છે કે કંઈ બોલવાનું ન ગમે, ન કાંઈ જ સાંભળવાનું ગમે. ન કાંઈ જોવાનું ગમે... 'એ' જોવાઈ ગયો - શુદ્ધ આત્મસ્વભાવ - તો બીજું જોવાનું શું બાકી રહ્યું ?

• • •

પદાર્થો અતૃપ્તિ આપે છે. ભીતરની દુનિયા આપે છે તૃપ્તિ.

એક માણસ એક ગામમાં ગયો. હતા તો એની પાસે પૂંઠાના પંખા જ. પણ એની સેલ્સમેનશીપ ગજબની હતી. લોકોના ટોળાને એણે કહ્યું : મારી પાસે જાદુઈ પંખો છે. સો વર્ષ સુધી ચાલે તેવો. માત્ર દશ રૂપિયામાં લઈ જાવ.

એક સજ્જને એ ખરીદ્યો. ઘરે ગયા. ગરમી કહે મારું કામ. પણ હવે ક્યાં તકલીફ છે ? જોરથી હવા નાખી. પણ આ શું ? 'જાદુઈ' પંખાનાં પાંખિયાં છુટ્ટાં !

સજ્જન ગુસ્સે ભરાયા. ગયા પેલા પંખાવાળા પાસે. 'આ તારો જાદુઈ પંખો ? સો વરસ ચાલે તેવો... ? સો મિનિટ પણ થઈ નથી અને તૂટી ગયો. સો સેકન્ડ માત્ર થઈ હશે.'

પંખાવાળો હોંશિયાર હતો. તેણે કહ્યું : સાહેબ, મારી ભૂલ થઈ ગઈ કે હું તમને પંખો વાપરવાની રીત કહેવાનું ભૂલી ગયો. આપે સાદો પંખો વાપરીએ તેમ આ પંખાને વાપર્યો હશે. પણ આ તો જાદુઈ પંખો છે...

'તો, શી રીત છે એને વાપરવાની ?'

'આપને ગરમી લાગે ત્યારે પંખાને સામે ટેબલ આદિ પર મૂકી દેવાનો. અને આપે શરીર હલાવવાનું.'

ગ્રાહક પણ તત્ત્વજ્ઞ હતો. એણે વિચાર્યું : જો પંખો સામે રાખીને શરીર જ હલાવવાનું હોય તો પંખો સામે હોય યા ન હોય, શો ફરક પડે ?

• • •

'જાણે સર્વ સ્વભાવને.' સ્વભાવ તરફ જતા બધા જ આયામોને સાધક જાણે. જ્ઞાન, ભક્તિ, વેયાવચ્ચ... કોઈ પણ માર્ગને પકડીને તે સ્વભાવમાં ડૂબે.

• • •

'સ્વપર પ્રકાશક તેહ.' ચોથું સાધનાસૂત્ર. આવો સાધક પોતાની જાતને પણ શુદ્ધ સાધનામાર્ગ ભણી આગળ વધારી શકે. અને તેવી સિદ્ધિ પછી, તે વિનિયોગ પણ કરી શકે. એટલે કે બીજાઓને પણ સાધનામાર્ગ ભણી દોડવાની પ્રેરણા એના થકી મળે.

• • •

નિષ્કર્ષ આવો મળ્યો : (૧) બિનજરૂરી પદાર્થોમાં કે એને કારણે બાહ્ય દુનિયામાં ઓતપ્રોત થવાનું સાધકને ગમે નહિ. (૨) સ્વભાવની દુનિયામાં પ્રવેશ થયા પછી તેમાંથી બહાર આવવાનું કોઈ રીતે બની ન શકે. (૩) સ્વભાવના બધા જ આયામોને સાધક જાણે. (૪) સાધક પોતાની સાધનાને ઊંચકી શકે. બીજાઓને તે માર્ગ ભણી દોરી શકે.

બહારની દુનિયામાંથી ભીતરી દુનિયામાં જવાનાં આ કેવાં તો હૃદયંગમ સૂત્રો ! ફરીથી કડીને ગુનગુનાવીએ : 'ગ્રહણ-અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છોડે જેહ; જાણે સર્વ સ્વભાવને, સ્વપર પ્રકાશક તેહ...'

આ કડીને નિસ્સંદેહ, સિદ્ધોની દુનિયાની ખબર લાવનારીય કહી શકાય. મોક્ષમાં શું હોય ? અગ્રાહ્યનું અગ્રહણ, સ્વભાવમાં સ્થિરતા, સર્વ રીતે સ્વભાવનું જાણપણું અને સ્વ-પર પ્રકાશિતતા.

અને આ જ કડીને સાધનાનાં માર્ગદર્શક સૂત્રોના રૂપમાં પણ આપણે જોઈ. જોઈ... હવે ચાલવાનું. કે દોડવાનું ?

ત્રીજા સૂત્રનો - 'જાણે સર્વ સ્વભાવને' - પ્રાયોગિક આયામ આવો થશે : સ્વભાવ તરફ ખૂલતી શક્ય એટલી બધી જ સાધનાઓને સાધકે કરવી. આયંબિલના તપથી સ્વાધ્યાય આદિને સારી પૃષ્ઠભૂ મળે છે, તો આયંબિલ કરાય. સ્વાધ્યાયને ભીતરી સ્તર તરફ ખોલવા ઊંડી અનુપ્રેક્ષાનો સહારો લેવાય. પ્રભુની ભક્તિ ઊછળતા ભાવ સાથે કરાય.

બાહ્યભાવોમાં એટલા ઊંડાણથી ખૂંપેલા છીએ આપણે કે આવી સાતત્યપૂર્વકની સાધના વિના ઉગારાની શક્યતા ન ગણાય. સાધનાનાં ઘણાં બધાં પાસાં પર એક સાથે, થાક્યા વગર કામ કરવું જોઈએ.

■

## ૧૯

# આધાર સૂત્ર

*રૂપેકે ભ્રમ સીપમેં,*
*જ્યું જડ કરે પ્રયાસ;*
*દેહાતમ-ભ્રમતેં ભયો,*
*ત્યું તુજ કૂટ અભ્યાસ. (૧૯)*

અજ્ઞાની જે રીતે છીપમાં ચાંદીનો ભ્રમ થવાથી તેને લેવા માટે પ્રયાસ કરે છે, તેવી રીતે દેહમાં આત્માનો ભ્રમ થવાથી પણ અસાર પ્રયત્નોની હારમાળા ચાલે છે.

[ભ્રમતેં = ભ્રમથી]
[ભયો = થયો]
[ત્યું = તેમ]

# ૧૯

## ક્ષીણવૃત્તિતાનાં ચરણો

રાતનો સમય. ઝબૂકતા તારલાઓનું આછું અજવાળું. પ્રવાસીને લાગ્યું કે રસ્તા પર સાપ છે. તે ગભરાયો : 'સાપ... ઓ બાપ રે !'

સદ્‌ભાગ્યે, હાથબત્તી એની પાસે હતી. એણે તેની ચાંપ દબાવી. પ્રકાશ રેલાયો અને એણે જે જોયું તે દેખી પ્રવાસી

હસી પડ્યો. ત્યાં સર્પ નહોતો. હતી માત્ર દોરડી. હવે ભય કેવો ?

દાર્શનિકોની પરિભાષામાં આ છે રજ્જુમાં સર્પ-ભ્રમ. આ વાતને થોડીક વિસ્તારીએ તો, પૂરો સંસાર શું છે, સિવાય કે ભ્રમ ?

ભ્રમનું કેન્દ્રસ્થાન છે વાસ્તવિક 'હું'નું વિસ્મરણ. હું આત્માને બદલે હું દેહ... આ એક મોટો ભ્રમ અને એ ભ્રમ પછી ચાલે ભ્રમોની પરંપરા.

આ ભ્રમજાળ તૂટે શી રીતે ? પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં આનો માર્ગ દર્શાવ્યો છે : (૧) પ્રભુનું દર્શન, (૨) સ્વરૂપનું સ્મરણ, (૩) વિભાવોથી મનનું પાછું હટવું અને (૪) સ્વરૂપાનુસન્ધાન ભણી આગળ વધવું. કેટલો હૃદયંગમ આ માર્ગ છે !

મઝાના શબ્દોમાં માર્ગ-વ્યાખ્યા :

'દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ,
ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી, મન ઓસર્યો હો લાલ,
સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ.....'

● ● ●

પહેલું ચરણ : પરમાત્માનું દર્શન થયું.

કેવા છે પરમાત્મા ?

'સમાધિરસે ભર્યો'... સમાધિરસથી પરિપૂર્ણ.

કેવી રીતે આ દર્શન શક્ય બને ?

પરમાત્માનું દર્શન : નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પર. ચિત્તની તરંગાયિત દશા ગઈ. પ્રભુસ્વરૂપની / પ્રભુગુણોની છબી ચિત્તની નિસ્તરંગ સપાટી પર ઝલકી. સમાધિરસનું પ્રતિબિમ્બન...

નિર્મળ હૃદયની ભોમકા પર પ્રભુના સમાધિરસનું પ્રતિબિમ્બિત થવું. જ્ઞાનસાર પ્રકરણ આ પ્રક્રિયાને વર્ણવતાં કહે છે કે ક્ષીણવૃત્તિ, નિર્મળ અન્તરાત્મદશાની પૃષ્ઠભૂ પર ધ્યાનદશામાં પ્રભુગુણોનું પ્રતિબિમ્બન પડે છે.[૧]

• • •

'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ...' સમાધિરસથી પૂર્ણ પરમાત્મસ્વરૂપનું દર્શન કોણ કરી શકે એની વાત ઉપર આવી... ક્ષીણવૃત્તિતા (ક્ષીણવિચારતા / ઓછા વિકલ્પોવાળી દશા)ને કારણે હૃદયની ભોમકા રાગ, દ્વેષ, અહંકારના ડાઘડૂઘ વગરની, નિર્મળ બને. આવો સાધક ધ્યાનદશામાં આવે ત્યારે તો એની ચિત્તદશા વધુ નિર્મળ બનેલી હોય... એ સમયે પ્રભુના સમાધિરસનો આછો સો અનુભવ એને થઈ રહે.

રાજાને ત્યાં બે ચિત્રકારો આવ્યા. બેઉને સામ-સામી પરશાળ ચીતરવા માટે અપાઈ. વચ્ચે પડદો. ખબર ન પડે કે બેઉ ચિત્રકારો શું કરે છે.

છ મહિના થયા. બેઉ ચિત્રકારોએ રાજાને કહ્યું : અમારી ચિત્રકળાને આપ હવે જુઓ. રાજા આવ્યા. વચ્ચેનો પડદો દૂર થયો. રાજા નવાઈમાં ડૂબી ગયા. બેઉ બાજુ એક જ સરખું ચિત્ર... કેવી રીતે આ બન્યું ? પછી

---

(१) मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।
क्षीणवृत्तौ भवेद् ध्याना-दन्तरात्मनि निर्मले ॥ - જ્ઞાનસાર.

ખ્યાલ આવ્યો કે એક ચિત્રકારે ચિત્ર દોર્યું હતું. બીજાએ તો માત્ર ભીંતને ઘસી ઘસીને દર્પણ જેવી બનાવેલી...

નિર્મળ અન્તરાત્મદશામાં પ્રભુગુણોનું પ્રતિબિમ્બન પડે જ ને !

• • •

ક્ષીણવૃત્તિતા માટે ત્રણેક વાત વિચારવી જોઈએ : (૧) સાધક સાધનાના અગ્રિમ પડાવે કેમ જઈ શકાય એની જ વિચારણા કરે, એ સિવાયની વિચારણા એની પાસે ન હોય. (૨) કદાચ બીજા વિચારો છુટ્ટા-છવાયા આવી જાય તોય એ વિચારો રાગ, દ્વેષ, અહંકારને પુષ્ટ કરનારા ન હોય તેનું ધ્યાન રાખે. (૩) કદાચ દુર્વિચાર - રાગાદિ ભળેલ વિચાર - પાંચ, દશ સેકન્ડ માટે આવી જાય તોય ક્કી કે ૧૧મી સેકન્ડે એની જાગૃતિ એને દુર્વિચારના ભંવરમાંથી બહાર કાઢી દે. જેથી દુર્વિચાર દુર્ભાવમાં પરિણમે નહિ. બે-પાંચ મિનિટ તમે એને પંપાળો... જાગૃતિ આવે એ ક્ષણે જ દુર્વિચાર અટકી જાય. દુર્ભાવની ધારા ચાલુ જ ન થાય.

• • •

માર્ગનું બીજું, ત્રીજું, ચોથું ચરણ : સમાધિરસથી સભર પ્રભુનું દર્શન થયા પછી પોતાના સ્વરૂપનું સ્મરણ... વિભાવોથી મન ઓસરી ગયું, હટી ગયું અને સ્વરૂપને પામવા માટેની યાત્રા શરૂ. 'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ, ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ; સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ, સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ...'

કેવો હૃદયંગમ આ માર્ગ !

• • •

ચોથું ચરણ : અપ્રમત્તતા પૂર્વકની સાધના શરૂ. અપ્રમાદને ઘૂંટ્યા કરવાનો છે. હોશને પ્રબળ બનાવ્યા કરવાનો છે.

ફકીર અંધારી રાતે એક વૃક્ષ નીચે બેઠા છે. તેમણે એક માણસને આજુ બાજુ ટહેલતો જોયો. પૂછ્યું : કોણ છો ? એ કહે છે : હું વૉચમેન છું. આ બંગલો મારા શેઠનો છે. હું એમનો નોકર છું. આખી રાત મારે બંગલાની ચારે બાજુ આંટા ફેરા લગાવવાના છે. અને એ રીતે સુરક્ષાની જવાબદારી મારે નિભાવવાની હોય છે.

ફકીરે વિચાર્યું : મારા માલિકની આજ્ઞા પ્રમાણે મારેય ચોવીસ કલાક અપ્રમત્ત રહેવાનું છે. પણ હું કેટલો સમય હોશમાં રહી શકું છું ?

સાધનાને હોશની / જાગૃતિની પૃષ્ઠભૂ પર લઈ જવી જોઈએ. હોશ : 'હું'નું સતત સ્મરણ. એ સતત સ્મરણ સાધનાને પ્રભુના અનુગ્રહથી ભીની, ભીની રાખે છે.

'હું'ની સ્મૃતિ, સાધના, પ્રભુના અનુગ્રહની વૃષ્ટિ, 'હું'ભાવ તરફ એક ડગલું આગળ.

• • •

સાધનામાં થતો અનુભવ એ જ પ્રભુના અનુગ્રહની અનરાધાર વરસતી ધારા છે. શ્રીપાળ રાસમાં ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ પોતાને થયેલ અનુભવને આ રીતે શબ્દોમાં ઢાળે છે : 'તૂઠો તૂઠો રે મુજ

સાહિબ જગનો તૂઠો, એ શ્રીપાળનો રાસ કરંતાં, જ્ઞાન અમૃત રસ વૂઠો રે...'

પરમાત્માના પ્રસાદની વર્ષા સાધનાને ભીની ભીની રાખે છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે : 'मौनं चैवास्मि गुह्यानाम्'. ગોપનીયોમાં હું મૌન છું, સાધના છું.

ટીકાકારે ત્યાં સરસ પ્રશ્ન કર્યો છે : ગોપનીય મૌન હોય કે શબ્દ / વિચાર હોય ? જવાબ સરસ છે : મૌનને, સાધનાને બીજાને જણાવીએ એનો અર્થ એક જ થાય કે બીજાને બતાવવાનો રસ છે. બીજાને પ્રભાવિત કરવાના રસવાળી વ્યક્તિ ધ્યાનમાં શી રીતે ઊતરશે ?

તમારી સાધના. તમારી પોતાની વૈયક્તિક ઘટના છે એ. એ તમારા પૂરતી જ મર્યાદિત રહેવી જોઈએ. ગોપનીય... હા, પ્રભુને અને સદ્ગુરુને તે ગણાવવી જ જોઈએ.

• • •

મોટા એક ગુરુ. કહેવાતું કે ગુરુ મૌની છે. સમ્રાટ તેમના દર્શને આવ્યો. નક્કી કરેલું કે ગુરુ ખરેખર મૌની હોય તો તેમને મારા ગુરુ બનાવવા.

ગુરુએ શું કરવું જોઈએ ને શું નહિ; એ શિષ્ય નક્કી કરે ત્યારે એક પ્રશ્ન ઊભો થાય કે આ બેમાં ખરેખર ગુરુ કોણ ? ગુરુના કર્તવ્ય - અકર્તવ્યનું નિશ્ચિતીકરણ જો શિષ્ય કરે તો એ ખરેખર ગુરુનો ગુરુ ન થયો ?

ગુરુ કેવા હોવા જોઈએ એનું વર્ણન શાસ્ત્રમાં આવે છે. પરંતુ શાસ્ત્રના એ પરિચ્છેદનું અર્થઘટન કોણ કરશે ? ગુરુદેવ જ ને !

કોયડો ગૂંચવે તેવો છે ને ?

ઉકેલ સરળ છે : થોડોક અણસાર, થોડીક સુગંધ; અને તમને લાગે કે ખરેખર તમે સદ્‌ગુરુના ઉપનિષદ્‌માં છે.

અણસાર આ છે : ગુરુનો રસ પોતાની જાતને પરમાત્મા સાથે સાંકળવાનો હોય છે. અને પોતાની નજીક આવનારને પણ એ પરમાત્માની ધારામાં મૂકી આપે છે. નજીક આવેલ વ્યક્તિત્વોને પોતાના ભક્ત બનાવવાનો એમને જરાય રસ નથી.

'પરમ'ની દુનિયા જેમના માટે ખૂલી ગઈ છે એ સદ્‌ગુરુ તમારી દુનિયા ભણી નજર પણ કેમ નાખી શકે ? માત્ર 'એણે' - પરમાત્માએ કહ્યું છે માટે નજીક આવનાર લોકોને તેઓ 'તે'ની વાતો કરે છે.

સમ્રાટે નક્કી કરેલું કે ગુરુ મૌની હોય તો તેમને ગુરુપદે સ્થાપવા. પણ સમ્રાટના ગુરુ બનવાનો રસ આ ગુરુમાં ક્યાં હતો ?

ગુરુ એ દિવસે ખૂબ બોલ્યા સમ્રાટની હાજરીમાં. સમ્રાટને થયું કે આ તો બહુબોલકા સંત છે. સારું થયું કે મેં એમને પહેલાં મને શિષ્ય બનાવવાની પ્રાર્થના ના કરી. સમ્રાટ પોતાના મહેલે ગયા.

ગુરુ ખડખડાટ હસી પડ્યા. 'ચાલો, લપ ટળી.'

• • •

સાધના આત્મશુદ્ધિ માટે કરવાની છે. પણ આત્માને જ ન જાણ્યો હોય તો... ?

'રૂપેકે ભ્રમ સીપમેં...' છીપમાં ચાંદીની ભ્રાન્તિ થાય તેમ દેહમાં જ આત્માની ભ્રાન્તિ થયેલી હોય તો તમે ભીતરી દુનિયા ભણી ડગ કેમ ભરી શકો ? આ ભ્રમણાને વારવી જ રહી.

ભ્રમ તોડવા માટે જિનગુણદર્શન અને તે દ્વારા આત્મગુણદર્શન. 'ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ...' આત્મગુણસ્મૃતિ. ને એ સ્મરણને ઝંકારે પોતાના 'ઘર' તરફ પાછા ફરવાનું બને...

■

## ૨૦

## આધાર સૂત્ર

*મિટે રજત-ભ્રમ સીપમેં,*
*જન પ્રવૃત્તિ જિમ નાંહિ;*
*ન [1]રમે આતમ-ભ્રમ મિટે,*
*ત્યું દેહાદિકમાંહિ ... (૨૦)*

છીપમાં થતી ચાંદીની બુદ્ધિનો ભ્રમ મટી જવાથી માણસ છીપને લેવાનો પ્રયત્ન કરતો નથી. તેમ દેહાદિકમાં આત્માનો ભ્રમ દૂર થવાથી સાધક દેહાદિકમાં રમણ કરતો નથી. રાગ કરતો નથી.

૧. નર મેં, A - D - F

# ૨૦

## આપ્ત તત્ત્વતાથી નિરપેક્ષ દશા

રવીન્દ્રનાથ ટાગોરનું એક ગીત છે. જેમાં યશોધરાનો બુદ્ધ સાથેનો સંવાદ છે. બુદ્ધ સંબોધિ પામ્યા પછી પૂર્વાશ્રમની પત્ની યશોધરાને આંગણે ભિક્ષા માટે આવ્યા છે. યશોધરા પૂછે છે : મહેલને ને પદાર્થોને છોડીને તમે જે મેળવી શક્યા તે અહીં રહીને ન મેળવી શક્યા હોત ?

ગીતનો આગળનો તન્તુ આ રીતે સાંધી શકાય : બુદ્ધ કહે છે કે અહીં રહીને પર તરફની દોડ વ્યર્થ છે તેનો ખ્યાલ કેમ આવત ? દોડની નિરર્થકતા સમજવા માટે આ નિતાન્ત જરૂરી હતું.

આત્મનિન્દા દ્વાત્રિંશિકામાં મહામના કુમારપાળ, આ સન્દર્ભમાં, આપ્ત તત્ત્વતા શબ્દનો ઉલ્લેખ કરે છે. તત્ત્વોને જાણવા તે જ્ઞાત તત્ત્વતાની દશા છે. આજ્ઞાપાલનની પૃષ્ઠભૂ પર તત્ત્વોને પામવા તે છે આપ્ત તત્ત્વતાની દશા.

• • •

બહુ મઝાનો સાધનાક્રમ ત્યાં બતાવાયો છે : આજ્ઞાપાલનનો આનંદ, આપ્ત તત્ત્વતા, મારાપણા આદિનો ત્યાગ, આત્મૈકસારતા, નિરપેક્ષદશા...

• • •

આજ્ઞાપાલનનો આનંદ...

આઠ વરસનો દીકરો. જન્માન્તરીય વૈરાગ્યની ધારામાં ઝૂમી આવેલું વ્યક્તિત્વ. દીક્ષાની તીવ્ર ભાવના જાગી. માત-પિતાની અનુમતિથી દીક્ષા મળી પણ ગઈ.

સરસ રીતે પ્રભુની આજ્ઞાનું પાલન બાળમુનિ કરવા લાગ્યા. દીક્ષાના છ મહિના પછી પ્રથમ લોચ કરવાનો સમય આવ્યો. એક રાત્રે આચાર્ય ભગવંતે પોતાના શિષ્યને કહ્યું : બાળમુનિને આવતી કાલે લોચ માટે બેસાડજો. ધીમે ધીમે, ભલે બે-ચાર દિવસે પણ લોચ થઈ જાય. કોમળ એનું શરીર છે. જોકે, મન એનું મજબૂત છે. છતાં લાગે કે એ લોચ નહિ કરાવી શકે તો મુંડનનો વિચાર કરી શકાય.

બાલમુનિ બાજુમાં જ સૂતેલા. આ વખતે જાગી ગયેલા. ગુરુદેવના શબ્દો એમણે સાંભળ્યા. તેઓ ધ્રૂજી ઊઠ્યા. તેમને થયું કે કદાચ મારું શરીર સહન ન કરી શકે લોચ, ને સાહેબજી મુંડન માટે આજ્ઞા આપી દે તો... ? ગુરુઆજ્ઞાની સામે તો ન હરફ ઉચ્ચારી શકાય, ન કોઈ વિચાર કરી શકાય.

તો શું કરવું ?

એમણે જે કર્યું તેની રોમહર્ષક ગાથા છે... તે રાત્રે બાર વાગ્યે બધા જ મુનિવરો સૂતેલા ત્યારે તેઓ જાગી ગયા અને પોતાના નાનકડા હાથોથી માથાના વાળને ઉખેડવા લાગ્યા. કેવું તો બળ ઊભરાયું એ નાનકડા હાથોમાં કે ફટાફટ વાળ ચૂંટાવા લાગ્યા... સવારે પાંચ વાગ્યે માથું સફાચટ...

રોજના નિયમ પ્રમાણે બાળમુનિએ ગુરુદેવનાં ચરણોમાં માથું મૂક્યું. ગુરુદેવે હાથ ફેરવ્યો ને નવાઈમાં પડી ગયા : અરે, તારા બધા વાળ ક્યાં ગયા ?

બાળમુનિએ કહ્યું : ગુરુદેવ ! મને પ્રાયશ્ચિત્ત આપો ! આપશ્રીની આજ્ઞા વિના મેં લોચ કરી લીધો છે ! આપની આજ્ઞા વિના હું કશું જ કરી શકતો નથી, ગુરુદેવ ! મને પ્રાયશ્ચિત્ત આપો !

• • •

આજ્ઞાપાલનનો આ આનંદ આપ્ત તત્ત્વતાની ભૂમિકાએ સાધકને લઈ જાય છે. ગૃહસ્થપણામાં પ્રભુની ઘણી આજ્ઞાઓ વિષે સાંભળેલું, જાણેલું હોય; પણ એ જ્ઞાત તત્ત્વતાની ભૂમિકા છે. આજ્ઞાપાલનનો આનન્દ ભીતર ઘૂમરાય ત્યારે એ આજ્ઞા આપ્ત તત્ત્વતાની ભૂમિકાએ મળે છે.

એક પ્રવચનમાં હમણાં મેં ઈર્યા સમિતિની વાત કરેલી કે ઈર્યાના પાલન દ્વારા પ્રભુની આજ્ઞા તો પળાય જ છે. જીવોની વિરાધનામાંથી પણ બચાય. એ સાથે દૃષ્ટિસંયમ અને નિર્વિકલ્પતા આદિ પણ મળે છે.

એક ભાઈ થોડા સમય પછી મને મળ્યા. કહે કે, સાહેબ ! ઘરેથી ઉપાશ્રયે ઈર્યાપૂર્વક આવું છું. અદ્‌ભુત અનુભવ થયો... ખરેખર, નિર્વિકલ્પ દશાની આંશિક અનુભૂતિ મળી.

• • •

ત્રીજું ચરણ : મમત્વ આદિનો ત્યાગ. આજ્ઞાધર્મ સાથે એકત્વ સ્થપાયું એટલે શરીરાદિ પરના મમત્વનો સંબંધ છૂટ્યો.

• • •

ચોથું ચરણ : આત્મૈકસારતા... માત્ર સ્વમાં રહેવું તે જ મઝાનું, મઝાનું લાગ્યા કરે.

અને એથી આવે છે નિરપેક્ષ દશા. પરની અપેક્ષાઓ છૂટી જાય...[1]

• • •

આપ્ત તત્ત્વતાના સ્તરે પર ભણીની દોડ નિરર્થક લાગી રહે છે.

પતિ દોડતો દોડતો ઘરે આવે છે. હાથમાં ચાંદીનો કપ છે. પત્ની પૂછે છે : કઈ હરીફાઈમાં આ ભેટ તમને મળી ? પતિ કહે : દોડ હરીફાઈમાં. એવી રેસ, જેમાં પહેલે નંબરે હું હતો, મારી પાછળ પોલીસમેન દોડતો

---

(१) कदा त्वदाज्ञाकरणाप्ततत्त्व - स्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् । आत्मैकसारो निरपेक्षवृत्ति - र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ॥ - आत्मनिन्दाद्वा०

હતો અને એની પાછળ જેની દુકાનમાંથી મેં આ કપ તફડાવેલો તે દુકાન માલિક હતો.

શો અર્થ આ દોડનો ?

હજુ પેલા ભાઈની હાંફ ઓછી ન થઈ હોય અને પોલીસમેન તેને પકડી જાય. કેસ ચાલે ને સજા થાય.

કેટલું દોડ્યા પદાર્થોની પાછળ ? શું મળ્યું ? શું મળી શકે ?

પ્રબુદ્ધ અને અબુધ વચ્ચેનો ફરક આ રીતે સમજાવાયો છે : એક-બે ઘર, મહેલ કે બે-ચાર ભોગ્ય પદાર્થોને અનુભવીને એમની અસારતા જોતાં બધા પદાર્થોની અસારતાને જોઈ શકે તે પ્રબુદ્ધ. પરંતુ આમાંથી સુખ ન મળ્યું તો આનાથી મળશે, એમાંથીય ન મળ્યું તો વળી બીજા કોઈમાંથી સુખ મળશે આવી ભ્રમણા તે અપ્રબુદ્ધતા છે.

આખી તપેલીમાં ભાત સીઝેલા છે કે નહિ તેનું અનુમાન ગૃહિણી એક ચમચીમાં ભાત લઈને કરી શકે છે. એક એક ચોખાના દાણાને દબાવવો ત્યાં જરૂરી નથી હોતો.

અસારતાના આ બોધ માટેનો મઝાનો પાયો છે તમારું શરીર. શું છે દેહમાં ? મુઠ્ઠીભર હાડકાં, થોડું લોહી, થોડી ચરબી, ચામડેથી મઢાયેલો અને દુર્ગંધથી છલકાતી આ કાયા...

પદાર્થોમાં પણ અસારતાનો તીવ્ર બોધ છલકાઈ ઊઠે. ભરત ચક્રવર્તી કોટિશિલા પાસે ગયા કાંકિણી રત્નને હાથમાં ઝૂલાવતાં; પોતાનું નામ તેના પર લખવા માટે.

કોટિશિલાની નજીક જતાં ખ્યાલ આવ્યો કે પોતાના પુરોગામી ચક્રવર્તીઓનાં નામો વડે આવડી મોટી શિલા એ હદે ભરાઈ ચૂકી છે કે બે-ચાર નામ ભૂંસીને જ પોતાનું નામ ત્યાં લખી શકાય.

ભરતજીનો હાથ ત્યાં નામ લખતાં ધ્રૂજી ગયો : શો અર્થ આ ચક્રવર્તિત્વનો ? શો અર્થ આ નામનો ? મારો અનુગામી જે નામને ભૂંસી જ નાખવાનો છે એ નામ માટે મેં આટલો બધો શ્રમ કર્યો - છ ખંડને જીતવાનો ?

આ હતી આપ્ત તત્ત્વતા; જે મમત્વના ત્યાગમાં પરિણમી.

• • •

મઝાની કડી આપણી સામે છે : 'મિટે રજત-ભ્રમ સીપમેં, જન પ્રવૃત્તિ જિમ નાંહિ; ન રમે આતમભ્રમ મિટે, ત્યું દેહાદિકમાંહિ...' છીપમાં ચાંદીનો ભ્રમ ન હોય ત્યારે છીપને ચાંદી સમજીને લેવાનો કોઈ પ્રયત્ન કરતું નથી. એજ રીતે દેહમાં આત્માનો ભ્રમ ન રહે ત્યારે દેહને સત્કારવાની, પોષવાની વાત રહેતી નથી.

ન દેહને વધુ પડતો પોષવો છે... ન એનો અકારણ અન્ત લાવી દેવો છે... દેહને માધ્યમ બનાવીને સાધના ઘૂંટવી છે.

■

# સમાધિ શતક

ભાગ-૧ : કડી ૧ થી ૨૦

ભાગ-૨ : કડી ૨૧ થી ૪૭

ભાગ-૩ : કડી ૪૮ થી ૭૬

ભાગ-૪ : કડી ૭૭ થી ૧૦૪

## આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાન મંદિર ગ્રંથાવલી

### પ્રભુવાણી પ્રસાર સ્થંભ (યોજના-૧,૧૧,૧૧૧)

૧. શ્રી સમસ્ત વાવ પથક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા-સ્મૃતિ
૨. શેઠશ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર, વાવ
૩. શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ આરાધના (સં. ૨૦૫૭) દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી.
હસ્તે : શેઠશ્રી ધુડાલાલ પુનમચંદભાઈ હેક્કડ પરિવાર, ડીસા, બનાસકાંઠા
૪. શ્રી ધર્મોત્તેજક પાઠશાળા, શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ, ઝીંઝુવાડા
૫. શ્રી સુઈગામ જૈન સંઘ, સુઈગામ
૬. શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ, વાંકડિયા વડગામ
૭. શ્રી ગરાંબડી જૈન સંઘ, ગરાંબડી
૮. શ્રી રાંદેરરોડ જૈન સંઘ-અડાજણ પાટીયા, રાંદેરરોડ, સુરત
૯. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ પાર્લા (ઈસ્ટ), મુંબઈ
૧૦. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ, સુરત
૧૧. શ્રી કૈલાસનગર જૈન સંઘ, કૈલાસનગર, સુરત
૧૨. શ્રી ઉચોસણ જૈન સંઘ,
સમુબા શ્રાવિકા આરાધના ભવન, સુરત જ્ઞાનખાતેથી
૧૩. શ્રી વાવ પથક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, અમદાવાદ
૧૪. શ્રી વાવ જૈન સંઘ, વાવ, બનાસકાંઠા
૧૫. કુ. નેહલબેન કુમુદભાઈ (કટોસણ રોડ)ની દીક્ષા પ્રસંગે થયેલ આવકમાંથી
૧૬. શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી
૧૭. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ભીલડીયાજી
૧૮. શ્રી નવજીવન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મુંબઈ

### પ્રભુવાણી પ્રસારક (યોજના-૬૧,૧૧૧)

૧. શ્રી દિપા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, રાંદેરરોડ, સુરત
૨. શ્રી સીમંધરસ્વામી મહિલા મંડળ, પ્રતિષ્ઠા કોમ્પલેક્ષ, સુરત
૩. શ્રી શ્રેણીકપાર્ક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ન્યૂ રાંદેરરોડ, સુરત
૪. શ્રી પુણ્યપાવન જૈન સંઘ, ઈશિતા પાર્ક, સુરત
૫. શ્રી શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નીઝામપુરા, વડોદરા

### પ્રભુવાણી પ્રસાર અનુમોદક (યોજના - ૩૧,૧૧૧)

૧. શ્રી મોરવાડા જૈન સંઘ, મોરવાડા
૨. શ્રી ઉમરા જૈન સંઘ, સુરત

૩. શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ, સુરત
૪. શ્રી ચૌમુખજી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ
શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ ગઢસિવાના (રાજ.)
૫. શ્રીમતી તારાબેન ગગલદાસ વડેચા-ઉચોસણ
૬. શ્રી સુખસાગર અને મલ્હાર એપાર્ટમેન્ટ સુરતની શ્રાવિકાઓ તરફથી
૭. રવિજ્યોત એપાર્ટમેન્ટ, સુરતની શ્રાવિકાઓ તરફથી
૮. અઠવાલાઈન્સ જૈન સંઘ, પાંડવબંગલો, સુરત શ્રાવિકાઓ તરફથી
૯. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, કતારગામ, સુરત
૧૦. શ્રીમતી વર્ષાબેન કર્ણાવત, પાલનપુર
૧૧. શ્રી શાંતિનિકેતન સરદારનગર જૈન સંઘ, સુરત
૧૨. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યુ રામારોડ, વડોદરા

## પ્રભુવાણી પ્રસાર ભક્ત (યોજના - ૧૫,૧૧૧)

૧. શ્રી દેસલપુર (કંઠી) શ્રી પાર્શ્વચંદ્રગચ્છ
૨. શ્રી ધ્રાંગધ્રા શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરગચ્છ
૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત શ્રાવિકા ઉપાશ્રય

## વાવ નગરે પૂજ્ય આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજાની ગુરૂ મૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ

૧. રૂા. ૨,૧૧,૧૧૧ શ્રી વાવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
૨. રૂા. ૧,૧૧,૧૧૧ શ્રી વાવ પથક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
૩. રૂા. ૩૧,૦૦૦ શ્રી સુઈગામ જૈન સંઘ
૪. રૂા. ૩૧,૦૦૦ શ્રી બેણપ જૈન સંઘ
૫. રૂા. ૩૧,૦૦૦ શ્રી ઉચોસણ જૈન સંઘ
૬. રૂા. ૩૧,૦૦૦ શ્રી ભરડવા જૈન સંઘ
૭. રૂા. ૩૧,૦૦૦ શ્રી અસારા જૈન સંઘ
૮. રૂા. ૩૧,૦૦૦ શ્રી ગરાંબડી જૈન સંઘ
૯. રૂા. ૩૧,૦૦૦ શ્રી માડકા જૈન સંઘ
૧૦. રૂા. ૩૧,૦૦૦ શ્રી તીર્થગામ જૈન સંઘ
૧૧. રૂા. ૩૧,૦૦૦ શ્રી કોરડા જૈન સંઘ
૧૨. રૂા. ૩૧,૦૦૦ શ્રી ઢીમા જૈન સંઘ
૧૩. રૂા. ૩૧,૦૦૦ શ્રી માલસણ જૈન સંઘ
૧૪. રૂા. ૩૧,૦૦૦ શ્રી મોરવાડા જૈન સંઘ
૧૫. રૂા. ૩૧,૦૦૦ શ્રી વર્ધમાન શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ દરવાજા, સુરત
૧૬. રૂા. ૧૧,૧૧૧ શ્રી વાસરડા જૈન સંઘ, સેવંતીલાલ મ. સંઘવી

## પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....'**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)
- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)






Kirit Graphics-09898490091